UNIVERSITY BOOK PRODUCTION BOARD · GUJARAT STATE

કિશોરભારતી ગ્રંથમાલા ૯

# ઉપનિષદ અને ભાગવતની કથાઓ

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ • સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિમિટેડ

કિશોરભારતી ગ્રંથમાલા ૯

# ઉપનિષદ-ભાગવતની કથાઓ

શ્રી રામનારાયણ ના. પાઠક

યોજનાદાન
હરિ ૐ આશ્રમ નડિયાદ, પ્રેરિત
શ્રી માણેકલાલ ચૂનીલાલ કાંટાવાલા સ્મારક ગ્રંથમાલા

પ્રયોજક
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
અમદાવાદ-૩૮૦ ૦૦૬

સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ.
મુંબઈ-૪૦૦ ૦૧૪

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૩૮૦૦૦૬


તંત્રી મંડળ

શ્રી જે. બી. સેંડિલ

ડૉ. છોટુભાઈ સુથાર
શ્રી વિજયગુપ્ત મૌર્ય
સ્વ. શ્રી બચુભાઈ રાવત
શ્રી મોહનભાઈ પટેલ
શ્રી રમણલાલ સોની

શ્રી નગીનદાસ પારેખ
ડૉ. પી. સી. વૈદ્ય
શ્રી બંસીલાલ ગાંધી
શ્રી મનહરલાલ વોરા
શ્રી રમેશભાઈ ભટ્ટ


સંપાદકો

શ્રી જે. બી. સેંડિલ • સ્વ. શ્રી અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ


કિંમત રૂ. ૨૦.૦૦

હરિ ૐ આશ્રમ
સુધારેલી કિંમત
રૂ. ૧૦–૦૦

મુદ્રક :
એમ. એન. જોશી
ધી બુક સેંટર લિ.
૧૦૩, રોડ નં. ૨૯,
સાયન (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૨૨.

પ્રકાશક :
શં. ગો. નેને
સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ.
૧૭૨, મુંબઈ મરાઠી ગ્રં. સં. માર્ગ,
દાદર, મુંબઈ–૪૦૦ ૦૧૪.

# અનુક્રમણિકા

## ભાગવત કથાઓ


૧. પરીક્ષિત ને શાપ ........ ૧
૨. પ્રારંભ ........ ૪
૩. કપિલમુનિ ........ ૫
૪. દત્તાત્રેય ........ ૭
૫. દક્ષ પ્રજાપતિ, સતી અને ઉમા ........ ૯
૬. ધ્રુવાખ્યાન ........ ૧૨
૭. સત્યાગ્રહી પ્રહ્લાદ ........ ૧૪
૮. ગજેન્દ્ર મોક્ષ ........ ૧૬
૯. સમુદ્ર મંથન ........ ૧૯
૧૦. બલિરાજા અને વામન ........ ૨૧
૧૧. સુકન્યા ........ ૨૨
૧૨. વાત્સલ્યમૂર્તિ શિબિ ........ ૨૪
૧૩. વસુદેવ-દેવકી ........ ૨૫
૧૪. કૃષ્ણજન્મ ........ ૨૬
૧૫. નાગ દમન ........ ૨૮
૧૬. મથુરાગમન ........ ૨૯
૧૭. કંસવધ ........ ૩૦
૧૮. સાંદીપની ગુરૂને ઘેર ........ ૩૨
૧૯. દ્વારકાધીશની પટરાણીઓ ........ ૩૩
૨૦. કૃષ્ણ સુદામા ........ ૩૫
૨૧. યાદવાસ્થળી ........ ૩૮
૨૨. મહા પ્રયાણ ........ ૪૦


## ઉપનિષદ કથાઓ


૧. શ્વેતકેતુ ........ ૪૩
૨. નચિકેતા ........ ૪૫
૩. સત્યકામ જાબાલ ........ ૪૭
૪. આમ જો, તું કોણ છે? ........ ૪૯
૫. દેવોનો અહંકાર ........ ૫૧
૬. આરુણિ ........ ૫૩
૭. વિરાટ પુરુષ ........ ૫૫
૮. રૈકવ ગાડાવાળો ........ ૫૮

# નિવેદન

નવી પેઢીની સર્વતોન્મુખી કેળવણીની સંકલ્પના સાકાર કરવી હોય, એની જ્ઞાન વિજ્ઞાનની ક્ષિતિજોને જ્ઞાનના સ્ફોટના હિસાબે વિસ્તારવી હોય, એના વાચન રસને દૃઢ કરવો હોય, એની જ્ઞાન પિપાસાને સતત જાગૃત રાખવી હોય તો એને સુયોગ્ય વાચન સામગ્રી યોગ્ય ઉંમરે પૂરી પાડવી જોઈએ. કોઈપણ જુવાનના ઘડતરનો સર્વોત્તમ કાળ એનો કિશોરાવસ્થા છે. દેહ અને આત્મામાં નવા ચેતનનો સંચાર થાય ત્યારે જ આ ચેતનાને જાગૃત રાખે અને સ્થિર કરે તેવું વાચન પૂરું પાડયું હોય તો યુનિવર્સિટી શિક્ષણના ફાળે આવી વિદ્યાના પ્રાદુર્ભાવનો પૂરો સંભવ રહે.

કિશોરોની વાચનભૂખ સંતોષવા, એમની જ્ઞાન પિપાસાને ઉત્તેજવા અને ગુજરાતી તથા અન્ય ભારતીય ભાષાઓના કિશોર-સાહિત્યને સમૃદ્ધ કરવા હરિ:ઓમ આશ્રમવાળા પૂજ્ય મોટા-શ્રીએ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્યને રૂ. ૨,૦૦,૦૦૦નું અનુદાન આપ્યું. આ શ્રેણીનો જન્મ એમાંથી થયો એટલે એના પાયાનું શ્રેય હરિ:ઓમ આશ્રમને, એમને દાન આપનાર એમની ભકત પ્રશંસક મંડળીને ઘટે છે.

બોર્ડે અનુદાનનો સ્વીકાર કર્યો અને કિશોરોના વિકાસમાં રસ લેતા વિધ્વાનો પાસે યોજના અને સહકારની વિનંતી રજૂ કરી, તો એ સૌએ ઉમંગભેર એને આવકારી. તંત્રીમંડળના સભ્યોએ પોતાનાં સમય, જ્ઞાન તથા સૂઝનું યોગ્ય પ્રદાન આપી યોજનાને આકાર આપ્યો અને વીસ ગ્રંથોની શ્રેણી આયોજિત કરી. આ શ્રેણી એ સૌનું માનસસંતાન છે.

શ્રેણીનું સદ્ભાગ્ય રહ્યું છે કે પોતપોતાના ક્ષેત્રમાં લબ્ધપ્રતિષ્ઠ એવા વિધ્વાનોએ કિશોરો માટેની રોચક શૈલીમાં આ ગ્રંથો લખી આપવાનું સ્વીકાર્યું.

કિશોરો માટેની આ શ્રેણી સ્વાભાવિક રીતે ચિત્રાત્મક અને દૃશ્ય રીતે શૈક્ષણિક હોવી ઘટે. બીજી ભાષાઓમાં પણ એ પ્રસિદ્ધ કરી શકાય એ દૃષ્ટિએ અમે મુંબઈની સુપ્રસિદ્ધ પ્રકાશન સંસ્થા શ્રી સોમૈયા પબ્લિકેશન્સનો સંપર્ક સાધ્યો. શ્રી સોમૈયા પ્રકાશન-ગૃહ એ સુપ્રસિદ્ધ ઉદ્યોગોનું ટ્રસ્ટ-સાહસ છે. એમનો પ્રમુખ આશય સુપ્રકાશન દ્વારા જનસેવા છે. એટલે યુનિવર્સિટી ગ્રંથ-નિર્માણ બોર્ડ અને સોમૈયા વચ્ચે સમજૂતિનો સેતુ રચાયો, જેના પરિણામે સંયોજક તરીકે બોર્ડ ગુજરાતીમાં હસ્તપ્રત તૈયાર કરી આપશે અને સોમૈયા પબ્લિકેશન્સ એને ગુજરાતીમાં અને અંગ્રેજી સહિત અન્ય ભારતીય ભાષાઓમાં પ્રકાશિત કરશે. આ શકય બનાવવામાં ડૉ. શાંતિલાલ સોમૈયાએ જે અંગત રસ લીધો છે તે બદલ તેઓશ્રીનો આભાર માનું છું.

શ્રી રામનારાયણ નાગરદાસ પાઠક જેવા લબ્ધ પ્રતિષ્ઠિત લેખકની કલમે લખાયેલ 'ઉપનિષદ ભાગવત કથાઓ' કિશોર ભારતીના વાચકો સમક્ષ રજૂ કરતાં સ્વાભાવિક રીતે આનંદ થાય છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને મહાન સાહિત્યના સંદર્ભમાં સુંદર રીતે લખાયેલ આ ઉપનિષદ ભાગવત કથાઓ સૌ નો આદર અને આવકાર પામશે એવો અપેક્ષા છે.

તંત્રીમંડળના સભ્યો તથા સહ સંપાદક સ્વ. શ્રી અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ વિદ્યાના ઉત્તમ ભાવથી પ્રેરાઈને આ ગ્રંથને તૈયાર કરવામાં જે સહાય કરી છે તે બદલ તેમનો સાભાર ઉલ્લેખ કરતાં આનંદ અનુભવું છું.

અંતમાં પુન : હરિ:ઓમ આશ્રમ અને સ્વ. પૂજ્ય મોટા પ્રત્યેનું આ જ્ઞાનસ્ત્રોત વહેવડાવવા બદલ ભારતની કિશોર પેઢી વતી ઋણ વ્યકત કરુ છું.

ગ્રંથમાળાના પુસ્તકોના પ્રકાશનમાં કેટલાક સમયથી ઠીક ઠીક વિલંબ થયો છે. પણ પ્રકાશન કાર્યમાં શ્રી સોમૈયા પબ્લિકેશન્સ હવે વેગ આપશે એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

જે. બી. સેંડિલ
અધ્યક્ષ

# ભાગવત કથાઓ

૧

# પરીક્ષિતને શાપ

મહાભારતનું યુદ્ધ પૂરું થયું. ભારતવર્ષના અનેક શૂરા ક્ષત્રિયો રણમાં સૂતા. કૌરવોનો નાશ થયો. યુધિષ્ઠિર ગાદીએ આવ્યા. યાદવો વિજયના મદમાં અંધ બનીને પ્રભાસમાં મદિરાપાન કરી અંદરો-અંદર કપાઈ મૂઆ. આવા મહાસંહારને અંતે શ્રીકૃષ્ણ પ્રાચીને પીપળે પગ ઉપર પગ રાખી, વિચારમગ્ન દશામાં બેઠા હતા, તેવામાં એક ભીલે તેમને હરણ ધારીને બાણ માર્યું. તેમનું અવતારકૃત્ય પૂરું થયું અને તેઓ સ્વધામ સિધાવ્યા. એ દુ:ખદ સમાચાર હસ્તિનાપુર આવ્યા એટલે અર્જુન દ્વારિકા ગયો. શ્રીકૃષ્ણની સ્ત્રીઓને લઈને આવતાં માર્ગમાં તેને કાબાઓએ લૂંટી લીધો. હસ્તિનાપુર આવીને તેણે યુધિષ્ઠિરને બધી વાત કરી. તેઓ તથા કુંતામાતા બહુ દુ:ખી થયાં સૌને જીવન વસમું થઈ પડયું. અભિમન્યુના પુત્ર પરીક્ષિતને ગાદી આપી પાંડવો હિમાલય ગયા અને ત્યાં તપશ્ચર્યા કરી પોતાનાં હાડ ગાળી નાખ્યાં.

એક વાર રાજા પરીક્ષિત કલિયુગનો નાશ કરવા નીકળ્યા. કલિનાં પાંચ નિવાસસ્થાન ગણાતાં; અસત્ય, ચોરી, જુગાર, મદિરા અને વ્યભિચાર. પરીક્ષિતે સત્યનિષ્ઠા, અપરિગ્રહ,સંયમ, નિર્વ્યસન અને ઇંદ્રિય-નિગ્રહથી કલિને વશ કર્યો. પ્રજાજનોમાં રાજાના ગુણોનો પડઘો પડયો. પ્રવાસેથી પાછા વળતાં પરીક્ષિત શમિક ઋષિના આશ્રમ પાસેથી પસાર થતા હતા, ત્યાર મધ્યાહ્ન થયો. સખત તાપમાં એને ખૂબ તરસ લાગી. પરસેવે રેબઝેબ થઈ ગયો. ઘોડા ઉપર બેસીને એ આશ્રમમાં દાખલ થયો. આશ્રમસ્થાન સૂનું હતું. તેણે ઘણી બૂમો પાડી પણ કોઈએ જવાબ ન આપ્યો. પરીક્ષિત ઘોડા ઉપરથી નીચે ઊતર્યો. ઘોડાને એક ઝાડ સાથે બાંધી અંદરના ભાગમાં ચાલ્યો. દૂર એક પર્ણકુટિ દેખાઈ. પાસે જઈને જોયું તો ઋષિ સમાધિમાં લીન હતા. રાજાને થયું, 'એ ઢોંગ કરે છે. મારો અવાજ સાંભળ્યા છતાં જવાબ ન દીધો. હું ક્ષત્રિય છું અને એ પોતે મોટા મહર્ષિ છે એટલે જવાબ ન દીધો.' રાજાને ખૂબ રોષ ચડયો. એ રોષમાં ને રોષમાં પરીક્ષિતે બાજુમાં પડેલો એક મરેલો સર્પ ધનુષ્યની અણીએ ઉપાડી મુનિના ગળામાં વીંટાળી દીધો અને ઘોડે ચડીને હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યો.



આ બાજુ શમિક ઋષિનો પુત્ર શૃંગી સમિધ લઈને આશ્રમે આવ્યો અને જોયું તો પિતાના ગળામાં મરેલો સર્પ ! એ જોતાં જ શૃંગીને ભારે ક્રોધ ચડયો અને એણે શાપ આપ્યો: "જેણે આ દુષ્કૃત્ય કર્યું હશે તેને સાત દિવસમાં તક્ષક નાગ કરડશે અને તેનું મૃત્યુ થશે." શૃંગીએ પિતાના ગળામાંથી સર્પ ઉપાડી દૂર ફેંકી દીધો. થોડી વારે શૃંગીનો રોષ શમ્યો ત્યારે એને એકદમ પશ્ચાત્તાપ

થવા લાગ્યો. એના મનમાં વિચાર થયો કે, 'મેં આ શું કર્યું ? કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે માણસના શત્રુ છે. હું એ શત્રુને વશ બની ગયો. મારું તપ એળે ગયું, જ્ઞાન નકામું બન્યું. વર્ષોનું તપ, વર્ષોનું જ્ઞાન એક ક્ષણવારના ક્રોધમાં નાશ પામ્યું.' એ વિચારથી શૃંગી પોક મૂકીને રડવા લાગ્યો.

પુત્રના રુદનનો અવાજ સાંભળતાં શમિકની સમાધિ છૂટી ગઈ. પુત્રના મસ્તક ઉપર હાથ મૂકી તેઓ બોલ્યા: "બેટા ! શું થયું ? તું આટલો બધો શા માટે રડે છે ?"

શૃંગીએ રડતા અવાજે કહ્યું "હસ્તિનાપુરના રાજા પરીક્ષિતે તમારા ગળામાં સર્પ વીંટાળેલો એ જોઈને મને ક્રોધ ચડયો. ક્રોધને વશ બનીને મેં શાપ આપ્યો કે, સાત દિવસમાં સર્પદંશથી તેનું મૃત્યુ થશે."

શમિકે એક શિષ્યને હસ્તિનાપુર મોકલ્યો ને શાપના સમાચાર કહેવરાવ્યા; જેથી પરીક્ષિત શાપનું નિવારણ સમયસર કરી શકે.

પરીક્ષિતને હસ્તિનાપુર આવ્યા પછી પોતાના અપકૃત્ય માટે પસ્તાવો થયો હતો. શાપના સમાચાર મળતાં તેને આનંદ થયો. 'ગમે તેટલાં વર્ષો જીવવા છતાં એક દિવસ મૃત્યુ તો આવવાનું જ છે. વહેલું આવે કે મોડું, તેની ચિંતા શી ?' આમ વિચારી પરીક્ષિતે જે દિવસો પોતાના હાથમાં હતા તેમનો સદુપયોગ કરવાનું નક્કી કર્યું. પ્રધાન અને રાજદરબારીઓને બોલાવી રાજવહીવટ સોંપી દીધો. માતા ઉત્તરા અને માતામહી સુભદ્રાને પુત્રપરિવારની ભલામણ કરી અને પોતે મૃત્યુદેવનું સ્વાગત કરવા તૈયાર થઈને બેઠો.

યોગાનુયોગ, એ જ વખતે શુકદેવ મુનિ ફરતા ફરતા હસ્તિનાપુર આવી ચડયા. પરીક્ષિતે તેમનો સત્કાર કર્યો અને પોતાને મળેલા શાપની વાત કરી કહ્યું: "હવે મને આ સંસારમાં રસ નથી સાત દિવસને અંતે આ દેહ શાંતિપૂર્વક હું છોડી જાઉં એટલી જ મારી ઈચ્છા છે."

શુકદેવજી બોલ્યા: "ભાઈ, તું ભલે કહે કે તને સંસારમાં રસ નથી. તારી ઇંદ્રિયો શાંત થઈ છે, મન સ્વસ્થ બન્યું છે, ચિત્ત પ્રસન્ન છે, પણ એ હું શી રીતે માનું ? તારા અવાજમાં, તારી આંખોમાં, તારા હલનચલનમાં મને ભય અને અસ્વસ્થતા દેખાય છે મૃત્યુના ભયથી તું ડરી ગયો છે. માનો કે અત્યારે જ કોઈ આવીને કહે કે તક્ષક નાગ તને કરડવા આવતો હતો તેવામાં તેને નોળિયો સામો મળ્યો અને તેને મારી નાખ્યો, તો એ સાંભળતાં જ તારો ભય દૂર થશે. કાચબાની ઢાલ નીચે સંકોડાયેલાં એનાં અંગની પેઠે મનમાં સંકોચાઈને બેઠેલી વાસનાઓ એકદમ જાગી ઊઠશે અને બમણા જોરથી તારા સંસારના રસોની સરવાણીઓ ફૂટવા લાગશે. એ સાચો વૈરાગ્ય નથી." આમ કહી શુકદેવજી શાંત બન્યા.

એટલે પરીક્ષિતે કહ્યું: "તો પછી, મહારાજ ! મને સર્વ પ્રકારના ભયમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવો."

શુકદેવ બોલ્યા : "આ જગતમાં સૌથી મોટો ભય મરણનો હોય છે. એ ભય પણ કેવળ કાલ્પનિક છે. મનુષ્ય જીવને બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા આવે છે, તેવી જ રીતે ફરી પાછી બાલ્યાવસ્થા આવે છે. એમાં ભય કે શોક જેવું કશું નથી. એક મોટા મહાલયમાં ઘણા ઓરડા હોય તેનો માલિક એક ઓરડામાંથી બીજા ઓરડામાં જાય, તેના જેવું એ છે; અથવા એક વસ્ત્ર જૂનું થતાં તે બદલીને નવું ધારણ કરે તેના જેવું છે. પરંતુ, આ વાત સમજવા માટે મારે તને શ્રીમદ્ ભાગવતની કથા કહેવી પડશે. તેમાં અનેક રૂપકો, ઉપમાઓ અને અનેક અવતારોના જીવનની વાત વિસ્તારથી આવે છે. તે સાંભળીને તારા મનના સર્વ સંશયો છેદાઈ જશે. તારા અંતરની બધી ગાંઠો ગળી જશે."

પરીક્ષિત રાજા હાથ જોડીને બોલ્યા: "મુનિરાજ ! આપ મને એ કથા સંભળાવો. એ સાંભળીને હું કૃતાર્થ બનીશ."

પરીક્ષિત રાજાએ દેશદેશાવરના ઋષિમુનિઓ, સાધુસંતો, ભક્તજનો, જિજ્ઞાસુઓને નિમંત્રણ પાઠવ્યાં. યમુનાને કિનારે વિશાળ મંડપની રચના કરી. શુકદેવ મુનિ કથા કહેવાના છે એ જાણીને દૂરદૂરથી ભાવિકજનો હસ્તિનાપુર આવી પહોંચ્યા. મહાભારતના યુદ્ધ પછી સમસ્ત કુરુજાંગલ દેશ ઉપર છવાયેલી શોક અને દુ:ખની ઘેરી છાયા, શુકદેવ અને શ્રીમદ્ ભાગવતકથાનું નામ સાંભળતાં દૂર થઈ.

શ્રીમદ્ ભાગવતના રચનાર વ્યાસ મુનિ પુત્રવિરહથી દુ:ખી બન્યા હતા. શુકદેવજી સોળ વર્ષની ઉંમરે ઘર છોડી એકાએક ચાલી નીકળ્યા એટલે તેમના પિતા વ્યાસ એમની પાછળ શોધવા નીકળ્યા. તેમણે નદીઓ, પર્વતો, વનો, ઉપવનો વગેરે અનેક સ્થળે શોધ કરી પણ પુત્રનો પત્તો ન લાગ્યો. શોધતાં શોધતાં તેઓ યમુના-કિનારે હસ્તિનાપુર તરફ ચાલ્યા આવતા હતા તેવામાં એક ગામની નજીક નદીમાં ગામની સ્ત્રીઓ સ્નાન કરતી હતી. વ્યાસને જોઈને એ સ્ત્રીઓ ગળા સુધી પાણીમાં બેસી ગઈ. વ્યાસ તો જે મળે તેને પૂછતા હતા કે, 'મારા પુત્રને દીઠો ?' તેવી જ રીતે એ સ્ત્રીઓને પણ પૂછયું: "મારા પુત્રને દીઠો ?" એ ગૌરવર્ણનો સોળ વર્ષનો સુંદર યુવાન પુત્ર દિગંબર અવસ્થામાં ગૃહત્યાગ કરીને ચાલી નીકળ્યો છે."

એટલે એક સ્ત્રીએ કહ્યું : "હા, અમે તમારા પુત્રને જોયો છે. થોડી વાર પહેલાં અમે જળક્રીડા કરતાં હતાં ત્યારે એ અહીંથી નીકળ્યો હતો. હસ્તિનાપુરને માર્ગે ગયો."

પુત્રના સમાચાર મળતાં વ્યાસને આનંદ થયો. પણ એ જ વખતે એમના મનમાં એક વિચાર સ્ફુર્યો અને તેમણે સ્ત્રીઓને પ્રશ્ન કર્યો: "માતાઓ ! ક્ષમા કરજો, મારો યુવાન પુત્ર દિગંબર અવસ્થામાં અહીંથી નીકળ્યો ત્યારે તમે જળક્રીડા કરી રહ્યાં હતાં અને હું એક વૃદ્ધ તપસ્વી અહીંથી નીકળ્યો ત્યાં તમે જળક્રીડા બંધ કરીને પાણીમાં બેસી ગયાં તેનું શું કારણ ?"

સહેજ હસીને એ જ સ્ત્રી બોલી: "તમારા યુવાન પુત્રની દૃષ્ટિમાં સ્ત્રીપુરુષનો ભેદ ન હતો."

સાંભળતાં જ વ્યાસ મુનિનાં નેત્રો નીચાં ઢળ્યાં. તેઓ ઉતાવળા હસ્તિનાપુરને માર્ગે ચાલી નીકળ્યા.

વ્યાસજીને થયું કે, 'ભાગવતકથાની રચના મેં કરી પણ ભાગવત જીવન જીવનાર તો મારો પુત્ર શુકદેવ જ છે.'



તેઓ હસ્તિનાપુર પહોંચ્યા ત્યારે શુકદેવજી કથાનો પ્રારંભ કરતા હતા. વ્યાસ મુનિ સભામંડપને છેડે શાંતિપૂર્વક બેસી ગયા અને કથા સાંભળવા લાગ્યા.

શ્રીમદ્ ભાગવતકથા પારાયણ માટે વિશાળ સભામંડપ રચવામાં આવ્યો હતો. આંબા, આસોપાલવ અને કેળનાં પાનથી વ્યાસપીઠ શોભી રહી હતી. સુગંધી ધૂપદીપ અને પુષ્પમાળાઓથી વાતાવરણ સુવાસિત બન્યું હતું. ઊંચી વ્યાસપીઠ ઉપર સોળ વર્ષના તેજસ્વી મુનિકુમાર શુકદેવ બિરાજ્યા હતા. તેમની સામે જમણા હાથે, નીચે દર્ભાસન પાથરી રાજા પરીક્ષિત બેઠા હતા. જગત તરફથી પાછાં વળેલાં તેમનાં નેત્રો જમીન તરફ ઢળેલાં હતાં. શુકદેવજીએ કથા કહેવા માંડી એટલે હજારો શ્રોતાજનો એકચિત્તે શ્રવણ કરવા તત્પર બન્યા.

* * * *

## ૨

# પ્રારંભ

શુકદેવજી કહે છે: "હે રાજા પરીક્ષિત ! પ્રલયકાળમાં જ્યારે આ સમગ્ર સૃષ્ટિ જળમાં ડૂબેલી હતી અને એક મહાચૈતન્ય તત્ત્વ સિવાય બીજું કશું જ દેખાતું ન હતું, ત્યારે શેષનાગ ઉપર વિષ્ણુ ભગવાન સૂક્ષ્મસ્વરૂપે પોઢ્યા હતા. તેમના નાભિકમળમાંથી બ્રહ્મા પ્રગટ થયા. એ બ્રહ્માને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ. એટલે તેમના જ શરીરમાંથી સ્વયંભૂ અને શતરૂપા પ્રગટ થયાં. બ્રહ્માએ તેમને સૃષ્ટિ રચવાની આજ્ઞા આપી ત્યારે તે બન્ને હાથ જોડી બોલ્યાં: 'પિતા ! અમે સૃષ્ટિ તો ઉત્પન્ન કરીએ, પણ પૃથ્વી વિના તે ક્યાં વસશે ?' એટલે બ્રહ્માએ ભગવાનને પ્રાર્થના કરી. તેની પ્રાર્થના સાંભળીને વિષ્ણુએ વરાહરૂપ ધારણ કર્યું અને પોતાના દંતશૂળ ઉપર પૃથ્વીને પાણીમાંથી બહાર લાવ્યા.

"વરાહ પોતાના દંતશૂળ ઉપર પૃથ્વી ધારણ કરીને બહાર આવતા હતા ને વખતે હિરણ્યાક્ષ નામનો દૈત્ય ગદા લઈને તેમની સામે આવ્યો અને તેણે પડકાર કર્યો: 'ઊભો રહે સૂવરડા, એ પૃથ્વીને ક્યાં લઈ જાય છે ? તેની ઉપર તો મારો અધિકાર છે.' આ સાંભળી વરાહ ઊભો રહ્યો. પૃથ્વી નીચે મૂકી. દૈત્ય અને સૂવર વચ્ચે દ્વંદ્વ-યુદ્ધ શરૂ થયું. તેમાં વરાહે હિરણ્યાક્ષને પોતાના દંતશૂળથી ચીરી નાખ્યો."

શુકદેવજી શ્વાસ લેવા અટક્યા. એ વખતે પરીક્ષિતે પ્રશ્ન કર્યો: "મહારાજ ! એ હિરણ્યાક્ષ કોણ હતો એની મને કથા કહો."

શુકદેવજી કહે છે: "મરીચિ ઋષિના પુત્ર કશ્યપ દક્ષની પુત્રી દિતિને પરણ્યા હતા. દિતિ બહુ ચંચળ, ઉછાંછળા સ્વભાવની અને પોતાનું ધાર્યું કરનારી હતી. કશ્યપ મુનિ શાંત અને સાત્ત્વિક પ્રકૃતિના હતા. એક વાર સંધ્યા સમયે કશ્યપ હોમહવન કરતા હતા તે વખતે દિતિએ આવીને કહ્યું કે, 'હવે રાત પડવા આવી છે. સંધ્યાકાળ વીતી ગયો છે. હોમહવન બંધ કરો.'

"ઋષિએ દિતિને ઘણું સમજાવ્યાં છતાં તે ન માન્યાં એટલે કશ્યપ મુનિ જરા આવેશમાં આવીને બોલ્યા: 'તું આ સંધ્યા સમયે, કાળ ચોઘડિયે મને શયનગૃહમાં લઈ જાય છે તેમાં તારું હિત થવાનું નથી. અગ્નિની સાક્ષીએ મેં તારું પાણિગ્રહણ કર્યું છે એટલે તારી સંતાનની કામના હું પૂરી કરીશ, પણ અકાળે ઉત્પન્ન થયેલી એ સંતતિ આપણા કુળ અને વિશ્વને માટે કલ્યાણકારી નહિ નીવડે.'

"આમ કશ્યપ દિતિની ઈચ્છાને વશ થયા. દિતિએ બે પુત્રોને જન્મ આપ્યો— ધગાવેલ ત્રાંબા જેવી આંખોવાળો હિરણ્યાક્ષ અને સોના જેવો ચળકતો હિરણ્યકશિપુ. બન્ને પુત્રો બાળપણથી જ કજિયાળા અને તોફાની બન્યા. મા-બાપનું કશું જ માને નહિ. પોતાનું જ ધાર્યું કરનારા અને ઈચ્છા મુજબ વર્તનારા થયા. ઉંમર-લાયક થતાં હિરણ્યાક્ષ ગદા લઈને બ્રહ્મા પાસે પહોંચ્યો અને તેમને પડકારીને કહ્યું: 'મારી સાથે યુદ્ધ કરો.'

"બ્રહ્મા સમજી ગયા કે, આને કોઈ પહોંચી શકશે નહિ. એટલે તેમણે કહ્યું 'એક મોટો સૂવર બહુરત્ના વસુંધરાને લઈને દોડ્યો જાય છે. એ પૃથ્વી એની પાસેથી પડાવી લે તો તું બહાદુર ખરો !' એટલે હિરણ્યાક્ષ દોડતો સૂવરની શોધમાં નીકળ્યો. તેને વરાહનો ભેટો થયો અને તેની સાથે યુદ્ધ કરતાં હિરણ્યાક્ષ મરાયો.

"એ વખતે દેવોએ યજ્ઞમૂર્તિ વરાહની સ્તુતિ કરી: 'હે પ્રભો ! તમે જગતનાં મર્મસ્થાનોમાં પીડા કરનારા આ દૈત્યનો વધ કર્યો તે બહુ સારું કર્યું. હવે જળચર અને સ્થળચર વસી શકે એવી આ પૃથ્વીને તમે સ્થાપન કરો.'

"દેવોની સ્તુતિ સાંભળીને વરાહરૂપી પરમાત્માએ પ્રાણીમાત્રના નિવાસ માટે પૃથ્વીનું સંસ્થાપન કર્યું."

૩

# કપિલમુનિ


શુકદેવજી પરીક્ષિતને કહે છે: "સ્વયંભૂ મનુને બે દીકરા: પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. એક દીકરી દેવહૂતિ. સમય જતાં દેવહૂતિ પરણાવવા લાયક થઈ એટલે મનુ અને શતરૂપા પોતાની કન્યાને લઈને રથમાં બેસી કર્દમ મુનિના આશ્રમે આવ્યાં. મુનિએ રાજારાણીનો સત્કાર કર્યો અને તેમને આવવાનું કારણ પૂછયું. એટલે મનુ બોલ્યા: 'હે મુનિ ! આ મારી પુત્રી દેવહૂતિ બે ભાઈઓની એકની એક બહેન છે. તે અમને પ્રાણથી અધિક પ્રિય છે. નારદ મુનિ પાસેથી તેણે તમારી પ્રશંસા સાંભળી ત્યારથી એણે તમને વરવાનો નિશ્ચય કર્યો છે. તમારો સાત્ત્વિક સ્વભાવ, વિદ્વત્તા, વય, રૂપ, ગુણ બધું જોતાં અમારી કન્યાના આ સંકલ્પને અમે આશીર્વાદ આપ્યા છે. તેથી તમે એનો સ્વીકાર કરો. ગૃહસ્થાશ્રમના ધર્મોનું પાલન કરવામાં એ તમારી સહધર્મિણી બનીને રહેશે.'

"કર્દમ ઋષિએ થોડી વાર વિચાર કરીને ઉત્તર આપ્યો: 'ભલે, હું તમારી પુત્રીનો સ્વીકાર કરું છું. પરંતુ, તમારી સુશીલ પુત્રીને પુત્રપ્રાપ્તિ થાય ત્યારબાદ મને સંન્યાસ લેવાની છૂટ આપવી જોઈએ.'

"મનુએ પોતાની પત્ની તથા પુત્રીનો અભિપ્રાય જાણી લઈ એમની વાતનો સ્વીકાર કર્યો અને દેવહૂતિનાં કર્દમમુનિ સાથે વિધિપૂર્વક લગ્ન કર્યાં અને પહેરામણી આપી. પુત્રીના વિયોગે દુ:ખી હૃદયે બન્ને પોતાને ઘેર પાછાં આવ્યાં.

"દેવહૂતિ અને કર્દમમુનિનો ગૃહસ્થાશ્રમ સુખથી ચાલવા લાગ્યો. બન્ને સંતોષી હતા તેથી તેમને કોઈ વસ્તુની ઊણપ લાગતી ન હતી. પરંતુ, પુત્રની ઈચ્છાવાળી દેવહૂતિને એક પછી એક નવ પુત્રીઓ થઈ એટલે કર્દમ મુનિ અકળાયા. તેઓ ગૃહત્યાગ કરવા તત્પર બન્યા. એ વખતે દેવહૂતિએ કહ્યું: 'આ બધી કન્યાઓ માટે યોગ્ય વર શોધવા, તેમનાં લગ્ન કરવાં, કરિયાવર આપવો વગેરે મારી એકલીથી બની શકશે નહિ. વળી પુત્રપ્રાપ્તિ થતાં સુધી ઘર ન છોડવાનું તમે વચન આપેલું છે.' આવાં મધુર વચન સાંભળી કર્દમ શાંત થયા.

"ઈશ્વરકૃપાથી દેવહૂતિને પુત્રનો જન્મ થયો. એ ધર્મપરાયણ દંપતી પુત્રનું મુખ જોઈને ઘણો હર્ષ પામ્યાં. આ શુભ સમાચાર



સાંભળી બ્રહ્મા પોતે ત્યાં આવી પહોંચ્યા. તેમણે પુત્રનું નામ કપિલ પાડયું અને તેનું ભવિષ્ય ભાખતાં કહ્યું: 'આ પુત્ર સાંખ્યશાસ્ત્રનો દ્રષ્ટા અને ઉપદેશક બનશે. તમારે ઘેર સત્યનારાયણ અવતર્યા છે એમ જ માનજો.'

"બ્રહ્માની સલાહ અનુસાર કર્દમે પોતાની પુત્રીઓનાં લગ્ન

યોગ્ય વર સાથે કરી આપ્યાં. તેમાં પ્રખ્યાત એવા અત્રિ ઋષિ સાથે અનસૂયાનું અને બ્રહ્મનિષ્ઠ વસિષ્ઠ સાથે અરુંધતીનું દામ્પત્ય જગતને આદર્શરૂપ બન્યું. કપિલ બાર વર્ષના થતાં કર્દમ માતાપુત્રની અનુજ્ઞા લઈ પરિવ્રાજક બની ચાલી નીકળ્યા અને સર્વ સંગનો ત્યાગ કરી પૃથ્વી પર વિચરતા સર્વ જીવો સાથે સમદૃષ્ટિ રાખી આત્મદર્શન કરી મોક્ષપદને પામ્યા.

"આ બાજુ કપિલદેવ માતાની સેવા કરતા હતા. એક વાર દેવહૂતિએ કપિલને કહ્યું: 'વત્સ! તારા પિતામહ બ્રહ્માએ તારું ભવિષ્ય જોયું છે, તેનો વિચાર કરતાં મારા અંતરની ઈચ્છા મનમાં જ શમી જાય છે. દરેક માતાના મનમાં પુત્રવધૂનું મુખ જોવાની સ્વાભાવિક ઈચ્છા હોય છે. પરંતુ, તારા મુખ સામે જોઉં છું ત્યારે હું કશું બોલી શકતી નથી. મેં સંસારનાં સુખ ભોગવ્યાં છે પણ તેનાથી મને તૃપ્તિ થઈ નથી. એ સુખ નથી પણ સુખનો આભાસ છે. તૃષ્ણાને મૃગજળ સમાન કહી છે, છતાં તે છૂટતી નથી. તેમાંથી મુક્ત થવાનો માર્ગ તું મને બતાવ.'

"કપિલ જ્ઞાનનો અવતાર હતા. તેમને અંતરમાંથી જ જ્ઞાન સ્ફુર્યું હતું. તેઓ બોલ્યા: 'હે માતા! તમારું ચિત્ત ધર્મના આચરણથી શુદ્ધ થયેલું છે તેથી હું જે વાત કહીશ તે તમને તરત ગળે ઊતરશે અને શાંતિ આપશે. શરીર અને તેમાં રહેલો આત્મા બન્ને જુદાં છે. જેમ જળમાં સૂર્યનું પ્રતિબિંબ દેખાય છે, તેમ આ દેહમાં જીવાત્મા રહેલો છે. હે મા! પરમાત્મા મનુષ્યમાત્રમાં રહેલો છે. તેને ઓળખનાર સંસારનાં દુ:ખોથી છૂટી જાય છે. દેહ વિશેની આસક્તિ છોડવા માટે અંતરમાં રહેલા સત્યસ્વરૂપ આત્માનું ધ્યાન કરવું જોઈએ. દેહ ટકે ત્યાં સુધી તેનાં ધારણપોષણ કરવા જે કંઈ કર્મ કરવાં ઘટે તે કરવાં પણ તેમાં લેપાવું નહિ. ફળની ઈચ્છા રાખ્યા વિના કર્મ કરનારો મનુષ્ય તેમાં બંધાતો નથી. વળી, હે માતા! પ્રાણીમાત્રમાં આત્મારૂપે ઈશ્વર વ્યાપી રહેલો છે એમ તમે માનો,. આમ કરવાથી દ્વેષ, વેર, પરનિંદા, સ્વાર્થ, લોભ, મોહ વગેરે સઘળી વૃત્તિઓ શાંત થઈ જશે. સંસારના ઝેરથી મુક્ત થવાનો આ ઉત્તમ ઉપાય છે. જે મનુષ્ય મારું, તારું એવા ભેદ કરે છે તેને જ મૃત્યુનો ભય લાગે છે. સર્વ પ્રાણીમાં અંતર્યામી વસી રહ્યો છે એવું માનનાર વિશ્વપ્રેમી સર્વ ભયોથી મુક્ત થાય છે. હે માતા! સત્યનો સાક્ષાત્કાર કરાવનારું જે જ્ઞાન મારા હૃદયમાં પ્રગટ્યું હતું તે મેં તમને કહ્યું. આ જ્ઞાનથી પ્રકૃતિ અને પુરુષનું સ્વરૂપ સમજી શકાય છે. અને એવી સમજણથી ભવસાગર તરી જવાય છે.' આમ કહી પોતાનાં ધર્મપરાયણ માતાને કપિલમુનિએ પ્રણામ કર્યા અને તેમની આજ્ઞા લઈ ચાલી નીકળ્યા.*

શુકદેવજી કહે છે: "હે રાજા પરીક્ષિત! ત્યાર બાદ દેવહૂતિ, પુત્રના ઉપદેશનું આચરણ કરતાં સરસ્વતી તીરે પોતાના આશ્રમમાં જ જીવનમુક્ત બની શાંતિ પામ્યાં.

* કપિલમુનિનું સાંખ્યદર્શન હિંદુધર્મનાં છ દર્શનો માંનું એક છે.

# ૪

# દત્તાત્રેય

શુકદેવજી કહે છે: હે રાજા પરીક્ષિત ! હવે તમને કર્દમની પુત્રી અનસૂયાની કથા કહું છું. અત્રિ નામના તપસ્વી ઋષિ સાથે અનસૂયાને પરણાવી હતી. તેને ત્રણ પુત્રો થયા—દત્ત, દુર્વાસા અને ચંદ્ર. તે ત્રણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના અંશરૂપ હતા. તેમાં દત્તાત્રેય ગુરુઓના ગુરુ તરીકે વિખ્યાત થયા. પ્રાણીમાત્ર પાસેથી તેમણે જ્ઞાન મેળવ્યું હતું. તેઓ વિષ્ણુના અવતાર મનાતા જેઓ જ્યાં જુએ ત્યાંથી ગુણ ગ્રહણ કરે છે તે વિષ્ણુસ્વરૂપ બને છે.

એક વાર અવધૂતવેષે વિચરતા દત્તાત્રેયને યદુરાજાએ પૂછ્યું: 'હે મહારાજ ! આ જગતમાં સર્વ માનવીઓ કામ, ક્રોધ, લોભ, મોહના દાવાનળથી સળગી રહ્યાં છે, ત્યારે તમે જ ગંગાના જળમાં સ્વસ્થપણે ઊભેલા હાથી જેવા શાંત છો તેનું શું કારણ ?'



દત્તાત્રેય બોલ્યા: 'હે રાજા ! મેં મારી વિવેકબુદ્ધિ વાપરીને પૃથ્વીના અનેક પદાર્થો પાસેથી શિખામણ લીધેલી છે, તેને લીધે મારું ચિત્ત શાંત બન્યું છે. તમે પ્રશ્ન કર્યો તેથી કોની પાસેથી હું શું શીખ્યો તે તમને જણાવ્યું છું.

'પૃથ્વી, પ્રાણીમાત્રને જન્મ આપનારી માતા છે. તેની ઉપર તેનાં સંતાનો મરજી મુજબ હરેફરે, નાચેકૂદે, તો પણ તે ચલાયમાન થતી નથી. અને પર્વતો, વૃક્ષો આદિ વનસ્પતિથી સૌનું પાલનપોષણ કરે છે. તેથી ક્ષમાનો ગુણ હું પૃથ્વી પાસેથી શીખ્યો.

"સર્વ સૃષ્ટિને જીવન આપનારો પ્રાણવાયુ સહુને સમાન રીતે કશાની અપેક્ષા રાખ્યાવિના જીવન આપી રહ્યો છે. તેની પાસેથી મેં સંતોષનો પાઠ લીધો. આકાશ પાસેથી અલિપ્ત રહેવાનો ગુણ શીખ્યો. જળ પાસેથી સ્વચ્છતા અને મધુરતા, અગ્નિ પાસેથી તેજસ્વિતા, સૂર્ય પાસેથી ઉદારતા, સમુદ્ર પાસેથી પ્રસન્નતા અને ગંભીરતા વગેરે ગુણો મને પ્રાપ્ત થયા. તેવી જ રીતે, હે યદુરાજા ! મેં પતંગિયાનું રૂપ જોઈને બળી મરતું જોયું, ભમરાને ગંધમાં નાશ પામતો જોયો, હાથીને સ્પર્શસુખમાં બંધનમાં પડતો દીઠો, હરણને શબ્દમાં લોભાઈને વીંધાતું જોયું અને માછલાંને જીભના સ્વાદ ખાતર જાળમાં સપડાતું જોયું; તેથી ઈન્દ્રિયસુખનો મોહ મેં છોડી દીધો. નાનું બાળક આનંદથી આખો દિવસ હળવુંફૂલ બનીને રમ્યા કરે છે, તેની પાસેથી નિર્દોષ આનંદ લેવાની કળા હું શીખ્યો.

'હે યદુરાજા ! હું જ્યાં જાઉં ત્યાં મને કંઈક ને કંઈક જાણવાનું મળી જ રહેતું, એ મારું મોટું સદભાગ્ય. એક વાર રસ્તે જતાં મેં એક બાણ બનાવનારને જોયો. એ વખતે બજારમાંથી મોટો વરઘોડો ચાલ્યો જતો હતો, વાજાં વાગી રહ્યાં હતાં, જયનાદો થતા હતા, પણ પેલો બાણ બનાવનારો પોતાના કામમાં એવો તલ્લીન બન્યો હતો કે આખો વરઘોડો પસાર થયો છતાં તેને ખબર ન પડી. એ કારીગર પાસેથી મેં એકાગ્રતાનો ગુણ લીધો. કરોળિયો પોતાની અંદરની લાળથી નીચે ઊતરે છે ને પાછો ઉપર ચડે છે. પોતાનું જાળું બનાવે છે ને પાછું સંકેલી લે છે. તેની પાસેથી હું સ્વપુરુષાર્થ અને સ્વાવલંબનનો મહિમા શીખ્યો. એક વાર એક કીડાને ભમરીએ ડંખ માર્યો, તો એ કીડો ભમરીનું ચિંતન કરતાં ભમરીરૂપ બની ગયો. તે જોઈને મને થયું કે માણસ જે વસ્તુનું રાતદિવસ ચિંતવન કરે છે તેવો તે બની જાય છે.

'હે યદુરાજા ! સૌથી વિશેષ તો મેં મારા પોતાના શરીર, મન અને અંતરની વૃત્તિઓ પાસેથી જ્ઞાન મેળવ્યું છે. મેં મારા મનથી વિચાર કર્યો કે આ દેહ શાનો બનેલો છે ? ક્યાંથી આવ્યો છે ? ક્યાં જવાનો છે ? આવો વિચાર કરતાં મને સૂઝ્યું કે પૃથ્વી, પાણી, વાયુ, તેજ અને આકાશ એ પંચભૂતનો આ દેહ બનેલો છે અને પાછો મૃત્યુ સમયે એ પાંચે તત્ત્વોમાં મળી જવાનો છે. તેમાં રહેલો

આત્મા વિશ્વમાં વ્યાપી રહેલા મહાચૈતન્ય-પરબ્રહ્મ પરમાત્માનો અંશ છે અને દેહ જતાં આત્મા પરમાત્મામાં મળી જવાનો છે.

'મનુષ્યનું મન ઈંદ્રિયોના વિષયોમાં ખેંચાય તો તે સુખદુ:ખ અને રાગદ્વેષના ક્લેશ ભોગવે છે અને તેને લીધે માયાના બંધનમાં પડે છે; પણ જ્ઞાન વિજ્ઞાનની વિવેકબુદ્ધિથી વિચાર કરે તો તેનો દેહભાવ ટળી જાય છે અને માયાના બંધનમાંથી મુકત થઈ તે આત્મ-શાંતિ અનુભવે છે.'

"યદુરાજ દત્તગુરુની જ્ઞાનવાર્તા સાંભળીને તેમના શિષ્ય બન્યા."

શુકદેવજી પરીક્ષિતને કહે છે: "આ રીતે દરેક મનુષ્યે સુખી થવા માટે પોતાના જ અંતરમાં રહેલું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ."

# ૫

# દક્ષ પ્રજાપતિ, સતી અને ઉમા

દક્ષ પ્રજાપતિને અનેક પુત્રીઓ હતી. તેમાં સૌથી નાની સતી તેમને બહુ વહાલી હતી. રૂપના અંબાર જેવી દક્ષપુત્રી સતી ગુણિયલ હતી. જેવું રૂપ તેવા જ ગુણ. પણ માતપિતાના લાડમાં ઊછરેલી એટલે બહુ મનમોજી હતી. દક્ષ તો બ્રહ્માના પુત્ર. મોટા મંડલેશ્વર. એમની પુત્રીઓ રાજામહારાજા અને કુલપતિઓને પરણેલી. સતી માટે ઘણાં માગાં આવેલાં પણ એ કહે 'મારે પરણવું જ નથી.'



એક દિવસ, હિમાલયનાં અરણ્યોમાં, સતી વનવિહાર કરવા ગયા. ત્યાં તેમણે કૈલાસપતિ મહાદેવને જોયાં. હિમાચળનાં બરફ-ઢાંક્યાં શિખરો જેવો ગૌરવર્ણ, એવી જ તેજસ્વી મુખકાંતિ. શંકરને જોતાં જ સતી મુગ્ધ બન્યાં. એવો પુરુષ એમણે કદી જોયો ન હતો. પણ જેવો એ પુરુષ અલૌકિક હતો તેવો જ એનો વેશ વિચિત્ર હતો. એણે લોહી નીતરતું હાથીનું ચામડું કમરે વીંટાળ્યું હતું. ગળામાં મોટા સર્પ વીંટાળેલા અને રૂંઢમૂંઢની માળા પહેરી હતી. આખે શરીરે મસાણની રાખ ચોળેલી. એનાં લાલ નેત્રોમાંથી જાણે આગના તણખા ખરતા હતા. એની પાસે જવાની કોઈની હિંમત ચાલતી ન હતી. એ એકલા જ વિહરતા.

સદાશિવના એ વરવા વેશની પાછળ રહેલી મહાનશકિતઓ સતી ઓળખી ગયાં. તેમણે મહાદેવની પાસે જઈને પ્રણામ કર્યા અને બોલ્યાં: "હું દક્ષપ્રજાપતિની પુત્રી સતી તમને મનથી વરી ચૂકી છું."

મહાદેવે સતીની સામે એક દૃષ્ટિ કરી. ચાર નેત્રો મળ્યાં. શંકર અને સતી જીવનસાથી બન્યાં.

દક્ષને આ વાતની ખબર પડી એટલે તેને ભારે ક્રોધ ચડયો. પોતાની ભોળી દીકરીને ફસાવવા માટે તેણે મહાદેવને ભરસભામાં ગાળો દીધી. યજ્ઞમંડપમાં તેમનું માનભર્યું આસન હતું તે ફેંકાવી દીધું અને તેમનો યજ્ઞભાગ કાઢી નાખ્યો.

કેટલાક સમય પછી દક્ષપ્રજાપતિએ વાજપેય યજ્ઞ આદર્યો. રાજામહારાજાઓ, ઋષિમુનિઓ અને દેશદેશના મહાજનોને યજ્ઞમાં આમંત્રણ આપ્યાં. મહાદેવને આમંત્રણ ન આપ્યું.

કૈલાસની ગોદમાં બેઠેલાં સતીએ દેવદેવીઓ, વિદ્યાધરો અને ગંધર્વોને સાજશણગાર સજીને પોતપોતાના વિમાનમાં બેસીને પસાર થતાં જોયાં. નંદીને મોકલીને સતીએ ખબર કઢાવ્યા કે, આ બધાં કયાં જાય છે ? સતીને ખબર પડી કે એ સૌ દક્ષપ્રજાપતિના યજ્ઞમાં જાય છે. એટલે તેમણે મહાદેવને કહ્યું: "મહારાજ ! મારા પિતા મોટો યજ્ઞ કરે છે. આપણે પણ ચાલો જઈએ."

મહાદેવ હસીને બોલ્યા: "સતી ! તમે સાવ ભોળાં છો. આપણે આમંત્રણ વિના શી રીતે જઈએ ?" એટલે સતી બોલ્યાં: "બાપને ત્યાં જવામાં આમંત્રણની જરૂર હોતી નથી." શંકરે કહ્યું: "તો તમે જાઓ. હું તો નહિ આવું. પણ એટલું કહી રાખું છું કે આપણું લગ્ન તમારા પિતાને ગમ્યું નથી અને તેઓ ક્રોધે ભરાયેલા છે. એટલે ત્યાં તમારું અપમાન થશે. તમારાથી તે સહન નહિ થાય. એમાંથી ન બનવાનું બનશે. એમાં કોઈનું કલ્યાણ નહિ થાય. આમ છતાં તમારે જવું હોય તો ખુશીથી જાઓ."

સદાશિવે આટલી સ્પષ્ટ ચેતવણી આપવા છતાં સતી જવા

તૈયાર થયાં. કૈલાસની બાજુમાં રહેતા એક પરિચિત વિદ્યાધરના વિભાગમાં બેસી તેઓ પિતાને ઘેર પહોંચ્યા. સીધા યજ્ઞ મંડપમાં જ ગયાં.

સતીએ ચોમેર એક દષ્ટિ ફેંકી. મંડપમાં બધાનાં આસન હતાં, એક શંકરનું ન હતું. બધા જમાઈ બેઠા હતા, એક શંકર ન હતા. તેમણે પિતાને પૂછયું: "બાપુ......"

દક્ષ ક્રોધથી તાડૂકી ઊઠયા: "હું તારો પિતા નથી, તું મારી પુત્રી નથી. એ જોગટાને પરણીને તેં મારું નામ બોળયું છે. તું શું મોઢું લઈને આવી છે?"

સાંભળતાં જ સતીના રોમરોમમાં આગ લાગી. એ પગથી માથા સુધી સળગી ઊઠી. અને આગ ઝરતા શબ્દો બોલી: "બાપુ ! મને મારા મહાદેવે ના પાડી હતી. આજે મને એના શબ્દો યાદ આવે છે. તમે બાપ ઊઠીને દીકરીનું આવું અપમાન કરો છો એ તમને શોભતું નથી. મારા શંકરનો કશો ગુનો નથી. હું સામેથી, એની ઉપરના પ્રેમને કારણે એને વરી છું. એ સંસારથી અલિપ્ત છે. જગત સાથે એને કશી લેવાદેવા નથી. યજ્ઞનાં આસનો એના કૈલાસ પાસે કશી વિસાતમાં નથી. તમારો યજ્ઞભાગ એની આંતરસમૃદ્ધિ પાસે તણખલા સમાન છે. તમે જેની સાથે મને પરણાવવા માગતા હતા એ પૃથ્વીપતિઓ કે કુલપતિઓ એ વિરાટ વિશ્વનાથની પાસે વામન સરખા છે. મેં તમારું કુળ લજવ્યું નથી, પણ ઉજ્જવળ કર્યું છે. એ શબ્દો તમને અત્યારે અભિમાનના લાગશે પણ અત્યારથી દક્ષની તરીકે હું જીવવા માગતી નથી. જે દક્ષે પોતાના અભિમાનમાં વિશ્વમાંગલ્યની મૂર્તિસમા મહાદેવનું અપમાન કર્યું છે, એ પિતાની પુત્રી તરીકે હું જીવવા માગતી નથી. બીજો જન્મ લઈને હું એ મારા પ્રાણપ્રિય સદાશિવને વરીશ." આમ કહેતાં સતી યજ્ઞકુંડમાં કૂદી પડયાં.

તરત જ હાહાકાર મચી ગયો.

સતીની સાથે શંકરે મોકલેલા બે ગણ એકદમ કૈલાસ તરફ દોડયા. તેમણે જઈને મહાદેવને બધા સમાચાર કહ્યા. સાંભળતાં જ મહાદેવનું ત્રીજું લોચન ખૂલી ગયું. એ ઊભા થઈ ગયા. ક્રોધથી ધ્રૂજવા લાગ્યા. તેમણે પડકાર કરીને એક શિલા ઉપર જટા પછાડી. એમની જટામાંથી એક કાળપુરુષ ઉત્પન્ન થયો. ઊંચા પડછંદ શરીરવાળો, ભયંકર આંખોવાળો, ભૂતના છરા જેવા દાંત અને દાઢોવાળો, એ પુરુષ હાથ જોડીને બોલ્યો: "મહારાજ ! શી આજ્ઞા છે?"

શંકરે ત્રાડ નાખીને કહ્યું "મારી નિર્દોષ સતીનો ભોગ લેનારને તેના એ ભયંકર પાપકર્મ માટે શિક્ષા કરો."

મહાદેવને પગે લાગી વીરભદ્ર કૈલાસના શિખર ઉપરથી પૃથ્વી ઉપર ઊતરી આવ્યો. તેના એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ફરશી હતાં. તેની પાછળ અનેક પ્રકારનાં હથિયારો સાથે ભૂતાવળ ચાલી આવતી હતી. ભયાનક વાવાઝોડાની પેઠે તેઓ દક્ષના યજ્ઞ મંડપમાં ધસી આવ્યા.

એને જોતાં જ દક્ષ ઊભો થયો અને તેણે ત્રાડમારી: "તું કોણ છે? મારી રજા વિના મંડપમાં કેમ દાખલ થયો?"

એટલે વીરભદ્રે ત્રિશૂળ ઊંચું કરીને કહ્યું: "હે દક્ષ ! હું કોણ છું તે તને હમણાં જ ખબર પડશે. પણ મારું ત્રિશૂળ તને વીંધી નાખે પહેલાં તું સાંભળી લે. હું કોઈ રાક્ષસ નથી. દીનદુ:ખી અને અસહાય એવા લોકોને પીડનારો દૈત્ય નથી. તેમ જ નીતિધર્મને માર્ગ ચાલનારા માનવીઓને પીડનારો અસુર નથી; પણ હું વીરભદ્ર છું. જ્યાં નિર્દોષ પુત્રીઓ અન્યાયી અને આપખુદ પિતાઓના ક્રોધાગ્નિમાં હોમાય છે, જ્યાં સત્યનિષ્ઠ માનવીનો અંતરનો અવાજ રૂંધાય છે, ન્યાય અને માનવતા દુભાય છે; ત્યાં એ સત્તા અને અભિમાનના મદમાં અંધ બનેલા અત્યાચારીઓને શિક્ષા કરવા માટે હું પ્રગટ થાઉં છું. હું કાળપુરુષ વીરભદ્ર છું." આમ કહેતાં વીરભદ્રે દક્ષનું માથું ત્રિશૂળમાં પરોવી લીધું અને તરત જ તેના સાથીદારોએ યજ્ઞનો ધ્વંસ કરી નાખ્યો. એક ભયંકર અટ્ટહાસ્ય કરીને વીરભદ્ર જેવો આવ્યો હતો તેવો જ કૈલાસ તરફ પાછો ફર્યો.

* * * *

પર્વતરાજ હિમાચલની રાણી મેનાવતીએ કન્યારત્નને જન્મ આપ્યો. તેનું નામ પાર્વતી પાડયું. ચંદ્રની કલા જેવી એ કન્યાની શ્યામકમલ જેવી સુંદર આંખો હતી. શિરીષ પુષ્પ જેવા સુકોમલ હાથ હતા. ધોળા કમળ જેવું ઊજળું તેનું હાસ્ય હતું. બોલે ત્યાં અમી ઝરે એવી કાલીઘેલી બોલી ઉપર માતપિતા વારી ગયાં.

એક વાર ફરતા ફરતા નારદમુનિ હિમાચળને ત્યાં આવી ચડયા. તેમણે પાર્વતીનો હાથ જોઈને કહ્યું કે, 'આ તમારી દીકરી કોઈ દૈવી પુરુષને વરશે.' મેનાવતીએ નારદને પૂછ્યું કે, 'એનો વર મોટો રાજા હશે? કે કોઈ ઋષિમુનિ?' એટલે નારદ બોલ્યા: 'રાજાય નહિ ને ઋષિમુનિય નહિ. એ તો દેવોના દેવ મહાદેવને પરણશે.' આમ કહીને નારદ તો ચાલ્યા ગયા.

પાર્વતી બાર વર્ષનાં થયાં ત્યારે તેમણે માતાને કહ્યું: "મા ! હું મહાદેવને મેળવવા જાઉં છું. તું કહેતી હતી ને કે મને મહાદેવ જેવો વર મળશે?"

મેનાએ દીકરીને હેતથી બાથમાં લીધી અને કહ્યું: "બેટા ! એ નારદનું કહ્યું કોણ સાચું માને? અને એ મહાદેવને કોણે જોયા છે? તારા બાપુ તારે માટે મઝાનો તને ગમે તેવો વર શોધી લાવશે."

પાર્વતીએ માતાની વાત સાંભળી લીધી. કશો ઉત્તર ન આપ્યો. એમને પૂર્વજન્મનું સ્મરણ હતું. દક્ષપુત્રી સતી હિમાચલને ત્યાં પાર્વતીરૂપે જન્મ્યાં હતાં. મહાદેવને વરવાનો એમનો સંકલ્પ હતો. એનું એમને પૂરું જ્ઞાન હતું એટલે માતાને સમજાવીને પાર્વતી મહાદેવને શોધવા ચાલી નીકળ્યાં.

હિમાલયના એક ઊંચા શિખરની તળેટીમાં નદીને કિનારે સુંદર પર્ણકુટિ બાંધીને પાર્વતી તપ કરવા લાગ્યાં. તેમણે મનમાં વિચાર કર્યો કે, 'હું આ વનવગડામાં મહાદેવને શોધતી કયાં સુધી

ફરું ? અને એમ એ મળે પણ શી રીતે ? જો મારો પ્રેમ સાચો હશે તો એ મને શોધતા આવશે.' આમ વિચાર કરીને ઉમાએ તપ શરૂ કર્યું. વલ્કલ ધારણ કર્યાં. કેડે મુંજનો દોરો બાંધ્યો. હાથમાં ને ગળામાં રુદ્રાક્ષની માળાઓ પહેરી. ધરતી પર સૂવાનું રાખ્યું. પથ્થરનું ઓશીકું કર્યું. વહેલી સવારે ઊઠીને મહાદેવનું ધ્યાન ધરે. નાહીધોઈને પોતાની જ મનોમૂર્તિની પૂજા કરે. પર્ણકુટિના આંગણામાં સરસ મઝાનો બાગ બનાવ્યો. ફૂલઝાડ અને ફળઝાડ ઉછેર્યાં. નાનાં રૂપાળાં હરણનાં બચ્ચાં બગીચામાં રમવા આવે અને ઉમા પોતાને હાથે તેમને કૂણું કૂણું ઘાસ ખવરાવે. મનોહર મોરલા આવીને સામે નાચ કરે. આમ ઉમાનું તપ ચાલ્યું. આસપાસમાં વસતા ઋષિમુનિઓ એ નાની બાળાનું તપ જોઈને આશ્ચર્યચકિત બન્યા. પણ મહાદેવ પ્રસન્ન થયા નહિ.

એક વાર સવારના પહોરમાં ઉમા નાહીધોઈને આવ્યાં અને આસન ઉપર પદ્માસન વાળીને બેઠાં તેવામાં એક જટાધારી યુવાને આશ્રમમાં પ્રવેશ કર્યો. એણે પગ સુધી પહોંચતું વલ્કલ પહેર્યું હતું. એક હાથમાં ખાખરાનો ઊંચો દંડ હતો, બીજા હાથમાં કમંડલ હતું. પગમાં આખડીઓ પહેરી હતી. બ્રહ્મચર્યના તેજથી તેનું મુખમંડળ દીપી રહ્યું હતું. એને જોતાં જ ઉમાએ સામે આસન પાથર્યું. પ્રણામ કરી તેનો સત્કાર કર્યો અને તેમની આગળ ફળફૂલ મૂક્યાં.

પાર્વતીને કુશળ સમાચાર પૂછ્યા પછી બ્રહ્મચારી બોલ્યા: "તમે આટલી નાની વયમાં આવું આકરું તપ શાને માટે કરી રહ્યાં છો ? તમારે હિમાચળ જેવા પિતા છે, મેનાવતી જેવાં માતા છે. આવું અનુપમ સૌંદર્ય છે. આટલી અઢળક સમૃદ્ધિ છે. કદાચ આ ઉંમરે કન્યાઓ સુયોગ્ય પતિ માટે તપ કરતી હોય છે; પણ તમારે તેવું તપ કરવાની જરૂર નથી. રત્ન, ઘરાક શોધવા જતું નથી, જેને જરૂર હોય છે તે રત્નને શોધતા આવે છે."

બ્રહ્મચારીનાં આવાં વચનો સાંભળીને ઉમાએ ઊંડો નિસાસો મૂક્યો, એટલે બ્રહ્મચારી બોલ્યા: "તમે ઊંડો નિસાસો મૂકો છો તેના ઉપરથી સમજાય છે કે તમે સારો પતિ મેળવવા જ તપ કરી રહ્યાં છો. એવો તે એ કઠણ કાળજાનો કોણ છે કે જે તમારા આવા ઉગ્ર તપથી યે પીગળતો નથી? એને કદાચ પોતાના રૂપગુણનું અભિમાન હશે. તમે કહેતાં હો તો તમને તમારી આ શોધમાં હું મદદ કરું. એનું નામ આપો એટલે પાતાળમાંથી શોધી લાવું."

સાંભળતાં જ પાર્વતીના મુખ ઉપર શરમના શેરડા પડ્યા. તે પોતે કંઈ ન બોલ્યાં, પણ પાસે બેઠેલી પોતાની સખીને આંખથી ઈશારત કરી. એટલે સખીએ કહ્યું: "મહારાજ ! તમારી જાણવાની બહુ આતુરતા છે તો હું તમને કહું. મારી આ સખીએ સદાશિવને વરવાનો સંકલ્પ કરેલો છે."

એ સાંભળીને બ્રહ્મચારી ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા: "તમે બન્ને મારી સાથે વિનોદ તો નથી કરતાં ને ? જોકે તમારું ગાંભીર્ય જોતાં મને એવું લાગતું નથી. પણ તમને કોઈએ ભરમાવ્યાં છે. એ ભભૂતનાથને હું બહુ સારી રીતે જાણું છું. એ સ્મશાનમાં ભૂતપ્રેતની સાથે વસે છે. રૂંઢમૂંઢની માળાઓ પહેરે છે. તમારી સ્વરૂપવાન સખી એની સાથે લગ્નમંડપમાં બેસશે ત્યારે એ કૌતુક જોવા લોકો ટોળે વળશે. હંસપંક્તિની કિનારથી શોભતું કન્યાનું પાનેતર અને રુધિરભીના હસ્તિચર્મના વરરાજાના વાધા, એની જ્યારે છેડાછેડી બંધાશે ત્યારે સ્ત્રીઓ હસશે. વરની પસંદગીમાં ત્રણ વસ્તુ જોવાની હોય છે—કુળ, રૂપ અને સંપત્તિ. શંકર ક્યાં જનમ્યા અને કોણ એનાં માબાપ, તેની કોઈને ખબર નથી. એને ત્રણ આંખો છે એટલે રૂપનું તો પૂછવું જ શું ? અને મસાણમાં ઉઘાડો પડ્યો રહે તેની પાસે ફૂટી બદામ ક્યાંથી હોય ?"

પોતાના પ્રાણપ્રિય મહાદેવની નિંદા સાંભળતાં જ ઉમા ક્રોધથી કંપવા લાગ્યાં અને બોલ્યાં: "તમે સદાશિવ શંકર કોણ છે તે જાણતા જ નથી. બીજાના અવગુણ જોનારા દુર્જનો હમેશાં સજ્જનની નિંદા જ કરતા હોય છે. તમે જેને દિગંબર, અકિંચન કહો છો એ મહાદેવને ચરણે ઐરાવત ઉપર બેસનારો ઈંદ્ર પોતાનો રત્ન-જડિત મુગટ નમાવે છે. એ સંપત્તિવાન નથી, પણ સંપત્તિનો પેદા કરનારો છે. હું કોઈ દેહધારીના રૂપાળા દેહને વરવા ઈચ્છતી નથી. પણ, કામદેવને ભસ્મ કરનાર, જિતેન્દ્રિય શંકરને ચાહું છું. તમે જો કે બધી વાતો ખોટી જ કરી છે અને અવગુણ જ ગાયા છે. પણ 'મહાદેવના જન્મની કોઈને ખબર નથી' એ વાત સાચી કરી છે. કારણ કે સૃષ્ટિના સરજનહાર બ્રહ્મા પણ પોતાના જન્મનું કારણ માને છે એવા અજન્મા, અનાદિ, અનંત મહેશ્વર ક્યાં અને ક્યારે જન્મ્યા એ કોણ કહી શકે ?"

ઉમાની આટલી બધી સરસ દલીલો સાંભળ્યા છતાં બ્રહ્મચારી કંઈક ઉત્તર આપવા જતો હતો એટલે પાર્વતીએ સખીને કહ્યું કે, "હજી એ બટુક કંઈક કહેવા ઈચ્છે છે. પણ હવે હું એક શબ્દ પણ સાંભળવા ઈચ્છતી નથી. મહાપુરુષની નિંદા કરનાર અને સાંભળનાર બન્ને પાપભાગી બને છે. પણ, રહેવા દે, હું જ અહીંથી ચાલી જાઉં." આમ કહીને ઉમાએ જવા માટે પગ ઉપાડ્યો તેવા જ મહાદેવ શંકરે પોતાનું સ્વરૂપ ધારણ કરીને પાર્વતીનો જમણો હાથ પકડી લીધો. પળ વાર સ્તબ્ધ બનીને ઉમા એમ ને એમ ઊભાં થઈ રહ્યાં. મહાદેવના મધુર શબ્દો એમને કાને સંભળાયા:

"હે કોમલાંગિ ! આજથી હું તારો દાસ બન્યો છું. તેં તપ વડે મને ખરીદી લીધો છે." શિવના આ શબ્દો સાંભળતાં જ ઉમાનો વર્ષોના તપનો પરિશ્રમ ઊતરી ગયો અને તેમના પ્રસન્ન મુખ ઉપર નવું તેજ પ્રકાશી ઊઠ્યું.

* * * *

તમારાથી જંગલમાં ટાઢ, તડકો, વરસાદ કેમ સહન થશે ? તમારું સુકોમળ શરીર તપથી સુકાઈ જશે.'

"ધ્રુવે કહ્યું 'મહારાજ ! મારું શરીર સુકોમળ છે, પણ મારું મન મજબૂત છે. ઓરમાન માના વચનથી મારું હૈયું વીંધાઈ ગયું છે. મારી માતાનાં આંસુ જોયા પછી બીજું કોઈ દુ:ખ મને ભારે લાગવાનું નથી. આપ મને આશીર્વાદ આપો.'

"ધ્રુવનો અડગ નિશ્ચય જોઈને નારદજી પ્રસન્ન થયા અને બોલ્યા: 'બેટા, તું પૂર્વજન્મનો કોઈ યોગી લાગે છે. તારો દૃઢ સંકલ્પ અવશ્ય સફળ થશે. તું યમુના કિનારે જા. ત્યાં પ્રાણાયામ, ધ્યાન, ધારણા કરી ચિત્તને સ્થિર કર એટલે અંતર્યામી ભગવાનનાં તને દર્શન થશે.' આમ કહી નારદમુનિએ ધ્રુવના મસ્તક ઉપર હાથ મૂક્યો અને તેને ધ્યાનમંત્ર આપ્યો:

'ૐ નમો ભગવતે વાસુદેવાય ।'

"આ બાર અક્ષરનો જપ કરવાનું નારદમુનિએ કહ્યું. ધ્રુવે ત્રણ વાર મંત્રનો પાઠ કર્યો. તેટલામાં તેને તે કંઠસ્થ થઈ ગયો. મુનિને પ્રણામ કરી ધ્રુવ યમુના કિનારે ચાલ્યો.

"ઉત્તાનપાદને મળવા નારદમુનિ તેની નગરીમાં આવ્યા. ધ્રુવ વનમાં ચાલ્યો ગયો તે જાણીને રાજાને ભારે સંતાપ થયો. ધ્રુવને કડવાં વચન કહેવા બદલ સુરુચિને રાજાએ ઠપકો આપ્યો. પુત્રવિરહથી શોકમાં ડૂબેલાં સુનીતિને રાજાએ આશ્વાસન આપ્યું. તેવામાં નારદજી આવી પહોંચ્યા. રાજાએ મુનિનું સ્વાગત કર્યું. અને ધ્રુવ વનમાં ગયો તેની વાત કરી પશ્ચાતાપ કરવા લાગ્યા.

"નારદમુનિએ કહ્યું 'રાજા ! તમે દુ:ખી ન થાઓ. તમારો પુત્ર મને મળ્યો હતો. તેનું વય નાનું છે, પણ તે વિવેકી, જ્ઞાનવાન અને ભક્તિભાવવાળો છે. તેનું અંત:કરણ નિર્મળ છે. એટલે તેનું તપ જલદી ફળશે. અંતર્યામીનાં દર્શન કરી તે વેળાસર પાછો ફરશે. પોતે તરશે અને આખા કુળને તારશે.'

"નારદમુનિનાં વચનો સાંભળીને રાજા શાંત થયો. સુનીતિને પણ મુનિએ ધીરજ આપી.

"આ બાજુ યમુનાતીરે ધ્રુવકુમાર તપ કરવા લાગ્યો. નારદમુનિનો આપેલો મંત્ર તે સવાર, બપોર, સાંજ જપવા લાગ્યો. યમ, નિયમ અને પ્રાણાયામથી તેણે ચિત્તને એકાગ્ર કર્યું. કેટલાક દિવસ માત્ર ફળાહાર કર્યો. કેટલાક દિવસ માત્ર પાણી પીને જ ઉપવાસ કર્યા. કેટલોક સમય એક પગે ઊભા રહીને ધ્યાન કર્યું. ધ્રુવનું આવું આકરું તપ જોઈને એ જંગલમાં વસતા માનવીઓ પશુપક્ષીઓ અને સમગ્ર વાતાવરણ તપોમય બની ગયાં. છ મહિના સુધી ધ્રુવે આવું તપ કર્યું એટલે તે પોતાના હૃદયમાં જે સ્વરૂપનું ધ્યાન ધરતો હતો, તે સ્વરૂપનું તેને દર્શન થયું. પરમ શાંતિનો તેને અનુભવ થયો. તેના હૃદયમાં જે વીજળી સમાન કાંતિમાન સ્વરૂપ પ્રકાશી રહ્યું હતું તે જ તેને સામે ઊભેલું દેખાયું. ઘડીભર તો એ દર્શનથી ધ્રુવ સ્તબ્ધ બનીને નીરખી રહ્યો. પરંતુ પળવારમાં તે સ્વસ્થ બન્યો અને તેના અંતરમાંથી પ્રાર્થના સરી પડી:

'હે ભગવન ! મારા અંતરમાં પ્રવેશ કરીને તમે સૂતેલી શક્તિઓને સજીવન કરી છે. વાણી, હાથ, પગ અને સમગ્ર પ્રાણશક્તિ જગાડનારા તમે જ છો. સૌના અંતર્યામી એવા તમને હું પ્રણામ કરું છું.'

"ધ્રુવનું મન તરત જ નિશ્ચળ બન્યું. તેને હૃદયમાં વિરાજમાન અંતર્યામીની આજ્ઞા સંભળાઈ: 'હે વત્સ ! તારો સંકલ્પ પૂર્ણ થયો છે. તારી માતા રાહ જોતી હશે. તું હવે ઘેર જા.' આવો અંતરનો અવાજ સાંભળી ધ્રુવ, માતાને મળવા આતુર બન્યો અને ઘર તરફ ચાલી નીકળ્યો.

"ધ્રુવે રાજધાનીમાં પ્રવેશ કર્યો એટલે તેને જોતાં જ નગરવાસીઓ રાજાને વધામણી આપવા દોડયા. ધ્રુવના આગમનના સમાચાર આપનારને રાજાએ પોતાના ગળામાંથી હાર કાઢીને ભેટ આપ્યો અને પોતે ઉઘાડે પગે સામા દોડયા. તપના તેજે દીપતો ધ્રુવ ઉતાવળો આગળ ચાલ્યો આવે છે અને ચોમેર નગરજનો વીંટળાઈ વળ્યા છે. રાજાએ દોડીને ધ્રુવને બાથમાં લઈ લીધો, છાતી સરસો ચાંપ્યો, માથું સૂંઘ્યું અને એમની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. ધ્રુવને રાજમહેલમાં લઈ આવ્યા. બન્ને રાણીઓ દોડી આવી. ધ્રુવ ઊઠીને તેમને પગે પડયો. સુનીતિ અને સુરુચિ, ઉત્તમકુમાર, કુટુંબપરિવાર, નગરજનો સૌના હરખનો પાર ન રહ્યો. વિયોગનું દુ:ખ પળવારમાં વીસરાઈ ગયું અને આનંદ છવાઈ ગયો.

"રાજા ઉત્તાનપાદે, ઉંમરલાયક થતાં ધ્રુવનો રાજ્યાભિષેક કર્યો. શિશુપાર પ્રજાપતિની પુત્રી ભ્રમી સાથે તેનાં લગ્ન કર્યાં. તેને કલ્પ અને વત્સર નામના બે પુત્રો થયા. ધ્રુવે પ્રજાકલ્યાણમાં જ પોતાનું કલ્યાણ માન્યું. એ રીતે વર્ષો સુધી રાજ કરી તે વિષ્ણુપદને પામ્યા."

શુકદેવ મુનિ કહે છે: "હે રાજા પરીક્ષિત ! એ વિષ્ણુપદ કોને મળે છે ? જેઓ સદાય જીવમાત્રનું કલ્યાણ કરે છે, સમદષ્ટિવાળા છે, પ્રભુપરાયણવૃત્તિવાળા અને સર્વ જીવોને પોતાની સમાન માનનારા તે વિષ્ણુપદને પામે છે.

"નારદમુનિ એક વાર પ્રચેતાના યજ્ઞમાં ગયા હતા. ત્યાં એકત્ર થયેલા વિશાળ શ્રોતાસમૂહ આગળ વીણાના ગાન સાથે ધ્રુવની કથા કહી હતી: 'ધ્રુવકુમાર માત્ર પાંચ વર્ષનો હતો છતાં ઓરમાન માતાના વચનથી તેનું હૃદય ભેદાયું અને તેણે આકરું તપ કરી અંતર્યામીનાં દર્શન કર્યાં. એ પાંચ વર્ષના બાળકે જે પદ મેળવ્યું તે આ પૃથ્વી ઉપરના મહાપરાક્રમી યોદ્ધાઓ પણ પ્રાપ્ત કરી શકયા નથી."

* * *

# ૭

# સત્યાગ્રહી પ્રહ્‌લાદ

પરીક્ષિત રાજા પૂછે છે: "હે મુનિરાજ ! તમે જે કથાઓ કહી તેમાં ભગવાન દેવોનો પક્ષ લે અને દાનવોનો નાશ કરે, એવું જ આવે છે. ભગવાનને મન તો સૌ સરખા હોવા જોઈએ. મારી આ શંકાનું સમાધાન કરો."

શુકદેવજી બોલ્યા: "હે પરીક્ષિત ! તેં સરસ પ્રશ્ન પૂછ્યો છે. ભગવાન એ તો સર્વવ્યાપી શકિત છે. અંતર્યામી ઈશ્વર છે. એને મારું તારું નથી. એ નિર્ગુણ છે એટલે રાગદ્વેષથી પર છે. અસુરો યમનિયમ પાળી તપ કરે છે ત્યારે સર્વશકિતમાન પ્રભુ તેની ઉપર પ્રસન્ન થાય છે. પણ, જ્યારે તેઓ પોતાની શકિતના અભિમાનમાં આવીને પ્રાણીમાત્રને પીડે છે ત્યારે તેમનો પોતાનાં દુષ્કૃત્યો વડે જ નાશ થાય છે. તેવી જ રીતે દેવો તપ કરીને સ્વર્ગસુખ મેળવે છે. પણ, જ્યારે તેઓ ભોગવિલાસમાં પડી જાય છે, ત્યારે તેમનો પણ નાશ થાય છે. વિશ્વનો આ સનાતન નિયમ છે. જગન્નિયંતા તો કેવળ સાક્ષીરૂપ છે.

"આ વસ્તુ સમજવા માટે હું એક કથા કહું છું તે સાંભળો. દક્ષ પ્રજાપતિની એક દીકરી દિતિ કશ્યપ મુનિને પરણી હતી. તેને બે પુત્રો હતા—હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ. તેમાં પૃથ્વીને ત્રાસ આપનાર હિરણ્યાક્ષનો વરાહ ભગવાને વધ કર્યો તેથી હિરણ્યકશિપુને ભગવાન વિષ્ણુ સાથે વેર બંધાયું અને વિષ્ણુ સામે લડવાની શકિત મેળવવા માટે તેણે ભારે તપ આદર્યું. બ્રહ્મા તેના તપથી પ્રસન્ન થયા અને બોલ્યા 'માગ, માગ.'

"હિરણ્યકશિપુએ માગ્યું કે, 'હું રાતે ન મરું, દિવસે ન મરું; માણસથી ન મરું, દેવોથી ન મરું દાનવોથી ન મરું; ઘરમાં ન મરું, બહાર ન મરું; ને કોઈ પ્રકારનાં શસ્ત્રોથી ન મરું.' બ્રહ્મા બોલ્યા: 'તથાસ્તુ.'

"આ વરદાનથી અમરપટો મળ્યો છે એમ માનતો હિરણ્યકશિપુ પોતાની રાજધાનીમાં આવ્યો. તેણે પોતાના સાથીઓને બોલાવીને કહ્યું: તમે આ પૃથ્વી ઉપર જાઓ અને યજ્ઞયાગ, સ્વાધ્યાય, દાન-પુણ્ય, વ્રતતપ કરનારા હોય તેમનો નાશ કરો. દેવો, ઋષિઓ, બ્રાહ્મણો, ક્ષત્રિયો, નીતિધર્મ પ્રમાણે વર્તનારા જેને જુઓ તેને હણી નાખો. કારણ કે એ બધામાં વિષ્ણુનો વાસ છે. હોમહવન વગેરે ક્રિયાઓમાં કામ લાગતાં વૃક્ષો કાપી નાખો, વન-ઉપવન સળગાવીને વેરાન બનાવી દો.'

"દાનવરાજની આજ્ઞા પ્રમાણે તેના સાગરીતોએ સર્વનાશ આરંભ્યો. ધીખતી ધરાની પેઠે ચોમેર દાવાનળ પ્રસરી ગયો. હિરણ્યકશિપુની આજ્ઞાથી પાઠપૂજા, દાનપુણ્ય, સઘળું બંધ થઈ ગયું. ઘરને ખૂણે પણ ભગવાનનું નામ લેતાં લોકો ડરવા લાગ્યા.

"હિરણ્યકશિપુને ચાર દીકરા હતા. સૌથી નાનાનું નામ પ્રહ્‌લાદ. પિતાને પણ એ સૌથી વધુ વહાલો હતો. પ્રહ્‌લાદ પાંચ વર્ષનો થયો ત્યારે રાજાએ ગુરુ શુક્રાચાર્યના પુત્ર શંડ અને અમર્કને બોલાવી કહ્યું: 'મારા આ પુત્રને તમે ઉત્તમ વિદ્યા ભણાવો.'

"પ્રહ્‌લાદને, શંડ અને અમર્ક પાઠશાળામાં લઈ ગયા. થોડા દિવસ પછી પ્રહ્‌લાદને હિરણ્યકશિપુએ પૂછ્યું: "બેટા ! તું શાળામાં જઈને શું ભણી આવ્યો ?"



"પ્રહ્‌લાદે કહ્યું 'બાપુ ! હું તો બહુ સારું સારું ભણી આવ્યો.' આમ કહી તેણે પોતાની પાટીમાં બે શબ્દો લખીને પિતાને બતાવ્યા. વાંચતાં જ રાજા ચમકી ઊઠયો. પ્રહલાદે 'નારાયણ, નારાયણ' લખ્યું હતું.

'તને આ કોણે શીખવ્યું ?' હિરણ્યકશિપુએ રાડ પાડી. પ્રહ્‌લાદે ધીમેથી જવાબ આપ્યો: 'બાપુ ! મને કોઈએ શીખવ્યું નથી, મારા મનથી લખ્યું છે.'

'પણ તને ખબર છે, તેં જેનું નામ લખ્યું તે આપણો શત્રુ છે ? મારા ભાઈને એણે માર્યો છે તેથી આપણે તેની સાથે વેર છે.'

"પ્રહ્‌લાદે કહ્યું: 'બાપુ ! કોઈની સાથે વેર રાખવું સારું નથી. તમે વેર રાખશો તો એ તમને પણ મારી નાખશે.'

"આ સાંભળીને હિરણ્યકશિપુ ભારે ક્રોધે ભરાયો. તેણે ગુરુને બોલાવી કહ્યું: 'મારા આ પુત્રને આવું ભણતર કોણે ભણાવ્યું ?'

"શંડ અને અમર્ક: 'મહારાજ! આ તમારો પુત્ર બહુ વિચિત્ર સ્વભાવનો છે. એને જગતની કોઈ વસ્તુ ગમતી નથી. પણ હજી એની બાળકબુદ્ધિ છે. જરા મોટો થશે ત્યારે સમજશે.

"હિરણ્યકશિપુ: 'તમે એને સમજાવીને મારા વેરીનું નામ લેતો બંધ કરી દો. જાઓ, લઈ જાઓ એને.'

"થોડા વખત પછી એક વાર પ્રહ્‌લાદને ખોળામાં બેસાડીને હિરણ્યકશિપુએ વહાલથી પૂછ્યું: 'બેટા ! તું જરા મોટો થા પછી તને રાજગાદીએ બેસાડવો છે. તારા ત્રણે ભાઈઓ બુદ્ધિ વિનાના છે. તું મારું નામ રાખે તેવો છે. પછી તને પરણાવશું. તારે રૂપાળી વહુ આવશે. સુંદર વસ્ત્રાભૂષણો પહેરી તેની સાથે રથમાં બેસી તું ફરવા જજે.'

"પ્રહ્‌લાદ: 'બાપુ ! મને તો ભગવાનનું નામ જ વહાલું લાગે છે. સુંદર વસ્ત્રો, રથ, ઘોડાં, હાથી, સ્ત્રીપુત્ર કે રાજપાટ એવું કશું મને ગમતું નથી.'

"પ્રહ્‌લાદની આવી વાતો સાંભળીને હિરણ્યકશિપુ ભારે ચિંતામાં પડયો. તેણે પોતાની રાણી કયાધુને બોલાવીને કહ્યું: 'તમે કહેતાં હતાં કે, આ છોકરો સૌથી ડાહ્યો છે, પણ એ તો આપણા વેરીનું જ રટણ કર્યા કરે છે. તમે સમજાવો, નહિતર મારે એને મારવો પડશે.'

"કયાધુ પ્રહ્‌લાદને પોતાની સાથે લઇ ગઈ. તેને પ્રેમથી સમજાવતાં બોલી: 'બેટા ! તારા પિતાને ન ગમતું હોય તો તું ભગવાનનું નામ તેમની પાસે શા માટે લે છે ?'

"પ્રહ્‌લાદ: 'મા ! તમે ભલે ગમે તેમ કહો. હું તો મને ગમે છે એટલે એ નામ લેવાનો. તમને કે મારા બાપુને ન ગમે તેથી શું ? સૌએ સાચું લાગે તે કરવું જોઈએ.'

"માતાની શિખામણ કંઈ કામ ન આવી. પ્રહ્‌લાદે તો પોતાનું રટણ ચાલુ જ રાખ્યું. પાઠશાળામાં જાય તો ત્યાં વિદ્યાર્થીઓને પણ એ જ વાત કરે. પોતાના ભાઈબંધો સાથે પણ એ જ વાત. આથી હિરણ્યકશિપુએ એકવાર ભરસભામાં કહ્યું: 'પ્રહ્‌લાદ ! હવે તું નાનો નથી. જો તું મારા વેરીનું નામ લેવાનું છોડી નહિ દે તો મારે તને ઘરમાંથી કાઢી મૂકવો પડશે.'

"પ્રહ્‌લાદ: 'બાપુ ! હું મારી મેળે જ ચાલ્યો જઈશ. મને તો વનમાં પણ ગમે છે. ત્યાં મજાનાં પક્ષીઓ ગાન કરતાં હોય, ફૂલ ખીલ્યાં હોય, નદીકિનારે વનરાજી ઝૂકી રહી હોય, ખળખળ નદી વહી જતી હોય. મને તો વનમાં બહુ ગમે.'

"હિરણ્યકશિપુ આ સાંભળીને વધારે ચિડાયો. અને પોતાના પ્રધાનને ઉદ્દેશીને બોલ્યો: 'આ છોકરો મારો વેરી જાગ્યો છે. કોઈ રીતે સમજતો નથી. માટે તેને સમજાવો અને ન સમજે તો તેનો વધ કરો. એ છોકરાનું હવે હું મોઢું જોવા માગતો નથી.'

"પ્રધાને પ્રહ્‌લાદને જુદી જુદી રીતે ઘણું સમજાવ્યો, પણ તેણે પોતાની સાચી વાત ન છોડી. એટલે ચાર મોટા દાનવોને બોલાવી કહ્યું: 'આને ગમે તે રીતે ભગવાનનું નામ લેતો બંધ કરાવો. નહિતર એના પિતા તમને અને મને મારી નાખશે.'

"ચારે દૈત્યો પ્રહ્‌લાદને ઉપાડીને એક પહાડ ઉપર લઈ ગયા અને ત્યાંથી તેને નીચે ફેંકી દીધો. પ્રહ્‌લાદ બેભાન થઈ નીચે પડયો. પરંતુ, થોડી વારે ભાનમાં આવતાં પાછો ભગવાનનું નામ લેવા માંડયો. એટલે દૈત્યોએ તેને ફરી ત્યાંથી ઉપાડયો. મોટા હાથીના પગ પાસે નાખ્યો. પણ હાથીએ તેને સૂંઢમાં લઈ પોતાની પીઠ ઉપર બેસાડી દીધો. ભયંકર ઝેરી સર્પ તેની ઉપર છોડયા પણ એ સર્પો પ્રહ્‌લાદ સામે ફેણ માંડીને ડોલવા માંડયા. છેવટે થાકીને એ દાનવો પ્રહ્‌લાદને પાછો લઈ આવ્યા. પ્રહ્‌લાદને લઈને પ્રધાન રાજા પાસે આવ્યા અને બોલ્યા: 'ભયંકર સર્પો કે હાથીઓ આ તમારા પુત્રને મારી શક્યા નથી. તેની શક્તિ અલૌકિક છે.'

"પ્રધાનની વાત સાંભળીને હિરણ્યકશિપુ તલવાર કાઢીને બોલ્યો: 'છોકરા ! તારે મારા વેરીનું નામ મૂકી દેવું છે કે નહિ ?'

"પ્રહ્‌લાદે હાથ જોડીને કહ્યું: 'બાપુ ! મને ક્ષમા કરો. હું તો આ જગતમાં એના સિવાય બીજું કશું જોતો નથી.'

"હિરણ્યકશિપુ: 'તો શું તારો ભગવાન દરેક જગ્યાએ છે ?'

"પ્રહ્‌લાદ: 'હા, બાપુ ! મારામાં, તમારામાં, સૌમાં રહેલો છે.'

"હિરણ્યકશિપુ: 'તો શું આ થાંભલામાંય તારો ભગવાન છે ?'

"પ્રહ્‌લાદ: 'હા, બાપુ !'

'પ્રહ્‌લાદનું વાક્ય પૂરું થયું ન થયું એટલામાં સ્તંભની પાછળથી એક નરસિંહરૂપ ધારી પુરુષ બહાર આવ્યો અને તેના ભયંકર હુંકારથી આખો મહેલ ગાજી ઊઠયો. રાજાએ જોયું તો સિંહની કેશવાળી જેવા લાંબા કેસરી વાળ, પીળા પારા જેવી ભયાનક આંખો, સિંહ જેવા હાથના પંજા. એને જોતાં જ હિરણ્યકશિપુ તલવાર લઈને સામો ધસ્યો. પણ એ નરસિંહે રમતવાતમાં એને કમરમાંથી પકડીને ઊંચો ઉપાડી લીધો. અને નીચે ફરસબંધી ઉપર જોરથી પછાડયો. રાજા ઊભો થવા જાય છે એટલામાં એને ફરી પકડયો અને બાથમાં ભીડીને મહેલના મધ્યખંડમાં ઉંબરા ઉપર લઇ જઈ હાથના નહોરથી ચીરી નાખ્યો. બરાબર સંધ્યા સમયે અમર મનાતો અસુર મરણ પામ્યો.

"પ્રહ્‌લાદે નૃસિંહ ભગવાનની સ્તુતિ કરી. તેમનો ક્રોધ શમ્યો. સૌ નગરજનો હિરણ્યકશિપુથી ત્રાસી ગયાં હતાં. તેમને શાંતિ થઈ. પ્રહ્‌લાદને રાજગાદીએ બેસાડયો. પ્રથમ સત્યાગ્રહી પ્રહ્‌લાદના રાજ્યમાં પ્રજાજનો સદાચારને માર્ગે સ્વનિયમનમાં રહી સુખી થયાં.

# ૮

# ગજેન્દ્રમોક્ષ

વિષ્ણુ ભગવાનના દરવાજા ઉપર જય અને વિજય નામના બે દ્વારપાલ રહેતા. જય અને વિજય બન્ને સગા ભાઈ હતા. એક માના બન્ને દીકરા. રૂપ, રંગ અને ગુણમાં એવા એક્સરખા કે એકને જુઓ અને બીજાને ભૂલો. બદલ્યા બદલાઈ જાય. વિષ્ણુ ભગવાનની બન્ને ઉપર સરખી કૃપા. ભગવાનના દરબારમાં સૌ કોઈ આવે: બ્રહ્મા અને મહેશ્વર; ઈન્દ્ર, વરુણ, અગ્નિ અને વાયુદેવ; બૃહસ્પતિ અને શુક્રાચાર્ય; નારદમુનિ તો વારતહેવારે ઊભા જ હોય. જયવિજય સૌને સરખો આવકાર આપે. સૌને સરખો પ્રવેશ કરાવે. સૌનાં માનપાન સાચવે અને આવનાર પણ જયવિજય ઉપર એટલી જ મમતા ધરાવે. જતાંઆવતાં બન્ને ભાઈઓનાં મોં સદાય હસતાં જ હોય. દ્વારપાલ તો જયવિજય જેવા જ જોઈએ. ભાઈઓનું હેત કેવું ? તો સૌ જયવિજયનું જ નામ આપે. ત્રણે લોકમાં, દેવદાનવમાં જયવિજયની કીર્તિ પ્રસરી ગઈ હતી અને જયવિજય પણ શરીરે જુદા પણ જીવે એક એવી રીતે સાચા સ્નેહથી જીવતા હતાં. માણસ માણસ વચ્ચે, ભાઈભાઈ વચ્ચે જુદાઈ હોય, એવો એમને ખ્યાલ સરખો નહોતો.

ભગવાનના દરબારમાં દ્વારપાલનું કામ કરતા આ બન્ને ભાઈઓ વેદ, શાસ્ત્ર અને યજ્ઞયાગ વગેરે વિદ્યામાં પારંગત હતા. મોટા મોટા યજ્ઞોમાં આચાર્ય તરીકે તેમની વરણી થતી; પણ તેમને પોતાની આ વિદ્યાનું અભિમાન ન હતું. તેઓ બન્ને ભકિતભાવથી વિષ્ણુ ભગવાનના દ્વારપાળ તરીકે સદાય ખડા રહી સેવા કરતા હતા.

એક વાર સમ્રાટ મરુતે એક મહાન યજ્ઞ આદર્યો. તેમાં જયવિજયને આગ્રહપૂર્વક નિમંત્રણ આપ્યું. આચાર્ય જયને યજ્ઞના બ્રહ્મા તરીકે નીમ્યા અને વિજયનું અધ્વર્યુ તરીકે કાંડું બાંધ્યું. બીજા અનેક બ્રાહ્મણોને યજ્ઞના જુદા જુદા કામ માટે રોકયા. રાતદિવસ વેદના ધ્વનિથી વાતારવણ ગાજી રહ્યું. ઘી અને સમિધના હોમથી વાતાવરણ સુગંધિત બન્યું. દેશપરદેશના ઋષિમુનિઓ અને રાજામહારાજાઓ યજ્ઞમાં પધાર્યા. શાસ્ત્રોકત વિધિથી નિયત કરેલા સમયે યજ્ઞ પૂરો થયો. ચોમેર આનંદ પ્રસરી રહ્યો. સમ્રાટ મરુતે દક્ષિણા વહેંચી. દરેક બ્રાહ્મણને પોતપોતાની યોગ્યતા મુજબ દક્ષિણા આપી. જયને આચાર્ય તરીકે વિજય કરતાં વધારે દક્ષિણા મળી. આ જોઈને વિજયની આંખમાં ઈર્ષાનું ઝેર આવ્યું. અંદરખાનેથી એ બળી ઊઠયો. એનો ચહેરો લાલચોળ બની ગયો. હાથમાંથી સોનામહોરો ફેંકી દીધી. આ જોઈને જયે શાંતિથી કહ્યું: "ભાઈ વિજય, આ તું શું કરે છે ? તારું મન એકાએક કેમ ફરી ગયું ? તારે વધારે સોનામહોર જોઈતી હોય તો હું મારામાંથી આપું."

જયનાં એવાં વેણ સાંભળી વિજય વધારે ચિડાયો અને બોલ્યો: "તારે એવી ઉદારતા બતાવવાની જરૂર નથી. રાજા મરુતે અન્યાય કર્યો છે. તારું અને મારું જ્ઞાન સરખું છે, ઉંમર સરખી છે, અધિકાર સરખા છે, તો પછી દક્ષિણામાં ભેદ કેમ પાડી શકાય ? તમારા બંને પાસેથી આ અન્યાયનો હું બદલો લઈશ."

વિજયને આમ ઉશ્કેરાયેલો જોઈ જય પણ ક્રોધનાં વેણ બોલ્યો: "તારી અને મારી ઉંમર સરખી હશે, પણ જ્ઞાન સરખું હોત તો તને જ આચાર્ય ન બનાવત ? એક શિલ્પી અને માથે પથ્થર ઊંચકતા મજૂરનાં મૂલ્ય સરખાં ન હોઈ શકે."

આ સાંભળી વિજય લાલપીળો થતાં બોલ્યો: "તને તારા જ્ઞાનનું અભિમાન ચડયું છે, તો જા, હું તને શાપ આપું છું કે તું મોટો પશુ થઈને મૃત્યુલોકમાં પડ."

આ શાપ સાંભળી જયે પણ સામો શાપ આપ્યો : "વિના કારણ મને શાપ આપનાર તું પણ મૃત્યુલોકમાં મોટો જળચર થઈને તારા પાપનું ફળ ભોગવ."

સામસામા આવા આકરા શાપ અપાયા. રાજા મરુત અને બ્રાહ્મણો શાપ સાંભળી ધ્રૂજી ઊઠયા. રાજાને થયું: "અહો! આવા પવિત્ર બ્રાહ્મણો દક્ષિણા જેવી નજીવી બાબતમાં માણસ મટી પશુ બન્યા. પોતાનું જ્ઞાન, શીલ, તપ, તેજ બધું હારી બેઠા. અભિમાન માણસને પાડે છે એ વાત ખોટી નથી." નિસાસો મૂકી રાજા અને બ્રાહ્મણો ત્યાંથી વિખેરાયા. જય અને વિજય સામસામા હિંસક પશુઓની માફક ઘૂરકવા લાગ્યા અને જોતજોતામાં ભગવાન વિષ્ણુના દ્વારપાલ મટી મહાજ્ઞાની બ્રાહ્મણ, પોતાના જ્ઞાનના અભિમાનમાં મનુષ્યમાંથી પશુ બન્યા.


* * *

ગિરનારની માફક ઊંચા ત્રણ શિખરવાળો ત્રિકૂટ નામનો એક પર્વત હતો. પર્વતની ખીણમાં એક વિશાળ સરોવર હતું. સરોવરમાં બિલોરી કાચ જેવું નિર્મળ નીર ભર્યું હતું. સુંદર કમળ ખીલ્યાં હતાં. ચાતકચકવા અને રંગબેરંગી માછલાંઓ કિલ્લોલ કરતાં હતાં. કિનારે પર્વતની વળેટીમાં વનરાજી ઝૂકી રહી હતી. આંબા,

વડ, પીપળા, સાગ અને દેવદારનાં વૃક્ષો પોતાની છાયાથી સરોવરના કિનારા ઢાંકીને ઊભા હતાં. વૃક્ષોની ઘટામાં મોર, મેના, પોપટ, કાબર, કબૂતર વગેરે પંખીઓ રાતદિવસ કલ્લોલ કરતાં હતાં સરોવરની શોભા અને અરણ્યની સુંદરતા એકબીજાં સાથે હરીફાઈ કરી રહ્યાં હતાં. એ વનમાં એક મોટો ગજરાજ રહેતો હતો. ઈંદ્રના ઐરાવતને શરમાવે તેવો શ્વેત વાન, થાંભલીઓ જેવા પગ, સુંદર સૂંઢ, રૂપાળા દંતૂશળ, સૂપડા જેવા કાન બન્ને ઝૂલી રહ્યા છે. સાથે હાથીઓનું જૂથ લઈને જ્યારે એ મદોન્મત્ત ગજેન્દ્ર જળક્રીડા કરવા નીકળે ત્યારે ધરતી ધ્રુણી ઊઠે, પહાડ ડોલી ઊઠે, વૃક્ષો કંપી ઊઠે અને નાનાં-મોટાં પશુપક્ષી ભયની ચીસો પાડી આજુબાજુ લપાઈ જાય. વનનો એ રાજા પોતે પોતાની હાથણીઓ સિવાય કોઈની દરકાર કરતો નથી. વનનાં વનફળ મેવા પોતાની જ માલિ-કીનાં માની તેના ઉપર પોતાનો અધિકાર ચલાવી રહ્યો છે. સાથે મોત જેવી વસ્તુ નથી એમ માની સ્વચ્છંદે વિહાર કરી રહ્યો છે. સવારમાં સૂરજ ઊગતાં જ પોતાની હાથણીઓ સાથે ગજરાજ બહાર નીકળે. ચોમેર ફરતી હાથણીઓ અને વચ્ચે ગજરાજ: નાનાં જીવજંતુને પગ નીચે કચડતો, વૃક્ષની કુમળી ડાળોને પોતાની સૂંઢથી તોડીને ફેંકી દેતો, માળામાં બેઠેલાં પક્ષીઓનાં ઈંડાને રમત-વાતમાં ઉછાળતો સરોવર તરફ ધસી જાય છે. સરોવરમાં પડતાં જ જળ બધું કંપી ઊઠે છે. અને સાથોસાથ ઝીણાં માછલાં, કોમળ કમળ અને અનેક જળચરોનો ધ્વંસ કરતો જળવિહાર કરે છે. તે પોતાની હાથણીઓની સૂંઢમાં સૂંઢ ભરાવી તેઓને ઊંડા જળમાં ખેંચી જાય છે, તો કોઈ વાર નાનકડું કમળ ઉપાડી હાથણીઓને માથે કલગી ધરે છે. સામસામી સૂંઢમાં પાણી લઈ ફુવારા ઉડાડે છે. હાથીનો મદ ક્યાંય સમાતો નથી. પોતાના સિવાયના જગતના જીવોને અને જગન્નિયન્તાને ગજરાજ છેક જ ભૂલી ગયો છે.

એ જ સરોવરમાં લીલા બિલોરી કાચ જેવાં નીરની અંદર સરોવરના ઊંડાણમાં ઓતરાદી બાજુના ધરામાં એક મોટો મગર-મચ્છ રહેતો હતો. ભૂતના છરા જેવી દાઢો, ગેંડાની ઢાલ જેવી ચામડી, કરવત જેવી મોટી પૂંછડી, એકએક વસ્તુ નાનાં માછલાંઓને મન રાક્ષસી હતી. સરોવરનાં અન્ય જળચરને મન આ મગર એક મોટો રાક્ષસ જ હતો. અથવા કહો કે એમનો એ કાળ હતો. જળ-ચરને મન જ નહિ પણ આપણા પેલા મદમસ્ત ગજરાજને મન પણ એ કાળ હતો. જેમ ઝેરી ઘાસની ગંધથી ઢોર એની પાસે જતું નથી તેમ આપણો ગજેન્દ્ર ભૂલેચૂકે પણ ઓતરાદી દિશાના એ ધરા તરફ જતો ન હતો. હાથણીઓ સાથેની રમતની વચ્ચે પણ આ ભય સદાય જાગ્રત રાખતો હતો. પૂર્વજન્મના સગા ભાઈ મૂઠીભર સોનામહોરની ખેંચતાણ કરતાં દેવ મટી પશુ બન્યા હતા. વિષ્ણુ ભગવાનના એ પાર્ષદ આજે ગજ અને ગ્રાહ બની જીવલેણ વેર સેવી રહ્યા હતા. જન્મના વેરી એકબીજાથી દૂર રહેતા. દિવસે દિવસે વેરની માત્રા તીવ્ર બન્યે જતી હતી.

ગજરાજ આટલો સાવચેત હોવા છતાં એક દિવસ વાસનાના વમળમાં તણાયો. હાથણીઓ સાથે જળક્રીડા કરતાં કરતાં તોફાને ચડયો અને ભાન ભૂલ્યો. જે દિશામાં એ ભૂલેચૂકે પણ જતો નહિ તે દિશામાં એ વળ્યો. પાણીના ઊંડાણમાં પગ લપસ્યો અને વર્ષોથી વેર વાળવાની વાટ જોઈ રહેલો મગર હાથીનો પગ લપસતો જોતાં જ તીરવેગે ધસી આવ્યો અને હાથીનો પગ પકડી લીધો. મોટા લાંબા જડબામાં પગ પકડાતાં જ હાથીના આખા શરીરમાંથી એક ધ્રુજારી નીકળી અને જોર કરીને એણે પગને ઝટકો માર્યો; પણ મગરની દાઢો એના પગમાં સજ્જડ બેસી ગઈ હતી. મગરની એ કારમી પકડ જમની પકડ હતી. હતું એટલું જોર કરી હાથી



કિનારા તરફ પાછો ફર્યો. મગરનું જડબું છૂટે તેમ નથી એની ખાતરી થતાં આખા મગરને પોતાના સઘળા બળથી ઘસડવા લાગ્યો. એની સર્વ હાથણીઓ હાથીને ફરતી વીંટળાઈ વળી. હાથીની સૂંઢમાં પોતાની સૂંઢ ભરાવીને તેને કિનારે ખેંચવા લાગી. મગરે જોયું કે મામલો ગંભીર છે એટલે પોતાનું તીક્ષ્ણ કરવત જેવું પૂછડું ઉછાળીને હાથીના મર્મસ્થળમાં માર્યું. મગરના જડબાથી પગ આખો ખોટો થતો જતો હતો ત્યાં જ આ પૂંછડાનો અણધાર્યો ઘા લાગતાં હાથી ઢીલો પડી ગયો. અને તેના મોંમાંથી દુ:ખનો ચિત્કાર નીકળી ગયો. હમેશાં આનંદ અને મસ્તીના પોકાર કરતો હાથી દુ:ખની ચીસ પાડી ઊઠયો. એ સાંભળી એની હાથણીઓ એકદમ ઢીલી થઈ ગઈ અને રડવા લાગી. હાથીનું બળ ધીમે ધીમે ઓસરવા લાગ્યું અને મગર તેને ધીરે ધીરે ઊંડા જળમાં ખેંચવા લાગ્યો. હાથીએ દુ:ખથી મીંચેલી આંખો ઉઘાડી. પોતે મોતના પંજામાં પકડાયો છે અને હવે મોત છેટું નથી એમ લાગતાં એણે ફરી એક વાર મરણિયો પ્રયાસ કર્યો. હાથણીઓને પણ હિંમત આવી. હાથી કિનારા તરફ મગરને ઘસડી લાવ્યો. હમણાં જાણે કે પોતે સરોવરમાંથી બહાર નીકળી જશે એવી આશા બંધાઈ. મગરને પણ ઘડીભર હાથી છટકી જશે કે શું એવું લાગ્યું અને પાણીનો રાજા મગર જીવ ઉપર આવી હાથીને ફરી ઊંડા જળમાં ખેંચવા લાગ્યો. હાથી ફરી ઢીલો પડયો. એથી હાથણીઓ રડવા લાગી. વૃક્ષોની કુમળી ડાળીઓ, માળામાં બેઠેલાં સુંદર પક્ષીઓ, જળમાં ખીલેલાં સુકોમલ કમળો

હાથીની આ દશા જોઈ રહ્યાં.

આખરે પોતાનું સર્વ બળ હરાઈ જતાં ગજેન્દ્ર થાકયો. મગર તેને ધીમે ધીમે ઊંડા પાણીમાં ખેંચવા લાગ્યો. હાથીનાં અંગેઅંગ શિથિલ બન્યાં. જુવાનીનો મદ ઓસર્યો, અભિમાન ઓગળ્યું અને આખરે ગજરાજે હરિનામ પોકાર્યું. તેનું અંતર કકળી ઊઠ્યું. પાંચ પાંડવની સ્વાભિમાની પત્ની દ્રૌપદી જ્યારે ભરસભામાં અનાથ બની—અસહાય બની, ત્યારે એણે ગર્વ છોડી પ્રભુનું શરણ સ્વીકાર્યું હતું. ગર્વોન્મત ગજરાજે ગર્વ ગળી જતાં શ્રીહરિનું શરણ લીધું. જુવાનીના મદમાં બહેકી જઈ કરેલાં સર્વ પાપ એની નજરે તરવા લાગ્યાં. કેટલાં નિર્દોષ પશુપંખીઓને પોતે પીડયાં હતાં, કેટલાં સુકોમળ કમળોને એની સુકુમાર દાંડીમાંથી ખેંચી કાઢી ચગદી નાખ્યાં હતાં, એ બધું આજે એને આંખ સામે તરવા લાગ્યું; અને પોતે મગર ની પકડ માંથી હવે છૂટવાનો નથી એની ખાતરી થતાં, એનું હૈયું ભરાઈ આવ્યું. તેણે પોતાની સૂંઢમાં એક કમળ લીધું. શરીર આખું પાણીમાં ડૂબેલું હતું. કુંભસ્થળ પણ ડૂબેલું હતું. બહાર માત્ર સૂંઢનો અગ્રભાગ હતો. એમાં કમળ પકડી તેણે પ્રભુચરણે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. એ જ ક્ષણે એના અંતરમાં રમી રહેલી વિષ્ણુ ભગવાનની મૂર્તિ, શંખ, ચક્ર, ગદા ને પદ્મ ધારણ કરેલી ચતુર્ભુજ મૂર્તિ, જાણે કે આશીર્વાદ આપતી સન્મુખ ઊભેલી દેખાઈ. એના શરીરમાં બળનો સંચાર થયો. એ જોર કરીને કિનારા તરફ આગળ વધ્યો. હાથીને આવતો જોઈ કાંઠે ઊભી આંસુ સારતી હાથણીઓએ હર્ષના પોકાર કર્યા અને હાથીની સૂંઢમાં સૂંઢ ભરાવી એને બહાર ખેંચી લાવી.

આ બાજુ મગરનું જડબું તૂટુંતૂટું થવા લાગ્યું. એની દાઢો કળવા લાગી. હાથીનો પગ એની પકડમાંથી છૂટવા લાગ્યો. અને જોતજોતામાં એનું વેર અને વિજયનો ગર્વ બન્ને સરી પડયાં. હાથી કિનારે જઈ પહોંચ્યો. એના સર્વ વિકાર શમી ગયા હતા. ભકિતભાવથી એનું અંતઃકરણ શુદ્ધ થયું હતું. એનો વૈરાગ્ય ખરો વૈરાગ્ય હતો. સૂંઢ નીચી નમાવી જમીન તરફ ઢળેલી નજરે એ ઉપવનના મંદિર તરફ ચાલ્યો. એ જ વખતે મગર પણ પોતાનું વેરનું ઝેર ભૂલી હાથી સામે આવી ઊભો. બન્નેના હૃદયમાં નમ્રતા પ્રગટ થઈ. પ્રેમ અને ભ્રાતૃભાવ જાગ્રત થયાં. બન્ને પશુ મટી ફરી પાછા ઈશ્વરકૃપાથી માનવ બન્યા. માનવમાંથી દેવ બન્યા અને વિષ્ણુ ભગવાનને દરવાજે દ્વારપાલ બની ઊભા. પાછા જય અને વિજય બન્યા.

* * *

# ૯

# સમુદ્ર મંથન

શુકદેવજી કહે છે: "હે રાજા પરીક્ષિત ! હવે તમને એક રસિક ને અદભૂત એવી કથા કહું છું તે સાંભળો. આ જગતમાં દેવ અને દાનવનું યુદ્ધ સદાય ચાલ્યા કરે છે. આ જગત બહાર દેખાય છે તેવું જ માણસના અંતરમાં પણ છે. બહાર અને અંદર એક-સરખું યુદ્ધ નિરંતર ચાલ્યા કરે છે. જે મનના શત્રુને જીતે છે તે બહારના શત્રુને સરળતાથી જીતી શકે છે. જેણે પોતાના મનને કાબૂમાં રાખ્યું છે તે વિશ્વને કાબૂમાં રાખી શકે છે. જ્ઞાન વિજ્ઞાનની મોટી શોધ કરવા માટે પણ માણસે મન ઉપર સંયમ રાખવો પડે છે. અને પોતાનું બધું લક્ષ જે વસ્તુની શોધ કરવી હોય તેમાં લગાડવું પડે છે.

"એક વાર દેવ અને દાનવ વચ્ચે યુદ્ધ થયું. એ ભયંકર લડાઈમાં બન્ને પક્ષે ભારે ખુવારી થઈ. શૂરા યોદ્ધાઓ લડાઈમાં માર્યા ગયા. દ્રવ્યનો નાશ થઈ ગયો. મોટાં નગરો જમીનદોસ્ત થઈ ગયાં. સમૃદ્ધિનો વિનાશ થયો, એટલે પ્રજા નિસ્તેજ બની ગઈ. દેવોના રાજા ઈંદ્રે વિષ્ણુ પાસે જઈને કહ્યું: 'અમે સાવ અસહાય અને નિઃસત્વ બની ગયા છીએ. અમારી પાસે અન્ન, વસ્ત્ર કે આશરો, કશું રહ્યું નથી. શત્રુ સામે લડવા માટે શરીરમાં શકિત રહી નથી, તેમ મનમાં હિંમત નથી રહી. હવે અમારે શું કરવું તેનો માર્ગ બતાવો.'

"વિષ્ણુ બોલ્યા: 'જેમ તમીરી પાસે કશું નથી તેવું જ અસુ-રોનું પણ છે. માટે તમે યુદ્ધની વાત છોડી દો. સંહારની વાત મૂકી દો. અને નવેસરથી સર્જન કેમ કરવું તેનો વિચાર કરો. તેમાં અસુ-રોની પણ સહાય લો. સૌના સહકારથી જ સર્જન થઈ શકે છે. અને તેમાં સૌનું કલ્યાણ છે.'

"વિષ્ણુની સલાહપ્રમાણે સુર-અસુર બન્ને એકઠા થયા. અને યુદ્ધમાં નાશ પામેલી સમૃદ્ધિ મેળવવા માટે મહાસાગરનું મંથન કરવાનું નક્કી કર્યું. મેરુ પર્વતનો રવૈયો બનાવ્યો અને કલિનાગનાં નેતરાં કર્યાં. પર્વત સમુદ્રમાં ડૂબી ન જાય તે માટે ભગવાને કાચબો બનીને પોતાની પીઠ ઉપર પર્વતને તોળી રાખ્યો. એક બાજુ દેવ અને બીજી બાજુ દાનવ એમ નેતરાં પકડી સાગરને મંથવાનું શરુ કર્યું."

માનવજાત પેદા થઈ ત્યારથી પ્રજાજીવનમાં યુગે યુગે આવો મંથનકાળ આવે છે; એને સંક્રાંતિકાળ કહે છે. એ મંથનમાંથી અનેક પ્રકારની વસ્તુઓ બહાર આવે છે. કેટલીક કલ્યાણકારી, મંગલમય હોય છે, તો કેટલીક વિનાશકારી હોય છે. પણ આવા મંથન સમયે દેવ અને દાનવોની કસોટી થાય છે. જે પોતાની જાતનો જ વિચાર કરે છે તે સ્વાર્થી વૃત્તિના અસુરો જગતને વિનાશને માર્ગે લઈ જાય છે. એમાંથી વેરઝેર ઊભાં થાય છે. શાંત પડેલાં યુદ્ધો ફરી જાગે છે.

મંથન તો ચાલ્યું. એમાં સમુદ્રના ફીણ ઉપર સુરભિ ગાય દેખાણી. શ્વેતરંગી, રૂપાળાં વાંકડિયાં શીંગવાળી, હૃષ્ટપુષ્ટ સુરભિ ગાયને જોતાં જ નેતરાં મૂકીને દેવ અને દાનવ દોડયા. કોઈએ પકડયું પૂંછડું તો કોઇએ પકડયાં શીંગડાં. એક કહે ગાય મારી, બીજો કહે મારી. જોતજોતામાં તકરાર થઈ પડી. વલોણું પડયું રહ્યું અને અંદરોઅંદર લડવા માંડયા. એ વખતે સમુદ્રની અંદરથી ગંભીર અવાજ આવ્યો: 'ભાઈઓ ! આ મારી પીઠ ઉપર મંદરાચળનો ભાર કેમ વધી ગયો ? તમે નેતરાં મૂકી દીધાં કે શું ? હજી તો આ સમુદ્રના ગર્ભમાંથી અનેક રત્નો નીકળવાનાં છે. તમે ગાય માટે લડવા રહેશો તો કંઈ હાથમાં નહીં આવે અને મંદરાચળ સમુદ્રને તળિયે જઈને બેસશે.'

ધીરગંભીર અવાજ સાંભળીને સૌ એકદમ થંભી ગયા. આવો બુલંદ અવાજ કોનો હશે ? સમુદ્ર કરતાં પણ ઘેરો અવાજ મંદરા-ચળને પીઠ ઉપર રાખનાર વિષ્ણુ ભગવાનનો જ હોવો જોઈએ. એટલે તેમણે ગાયને છૂટી મૂકી દીધી. અને ફરી પાછાં નેતરાં પકડી લીધાં અને મંથન ચાલ્યું. થોડી વાર થઈ ત્યાં મનોહર, સ્વરૂપવાન, સુંદર વસ્ત્રો ધારણ કરેલી અપ્સરાઓ નીકળી. એટલે વળી પાછાં નેતરાં મૂકીને દેવ-દાનવો અપ્સરાઓની પાછળ દોડયા. અને તેને માટે ઝઘડવા લાગ્યા. પણ એ વારાંગનાઓ તો પાંખોવાળી હતી, એટલે કોઈના હાથમાં ન આવી અને આકાશમાર્ગે હિમાલયનાં શિખરો તરફ ચાલી ગઈ.

દેવદાનવ ભોંઠા પડી ગયા અને પાછાં નેતરાં પકડી લીધાં. અને મંથન ચાલ્યું. થોડી વારે તેજના અંબાર જેવો ઝગમગતો કૌસ્તુભમણિ બહાર આવ્યો, દેવમુનિ જેવો ઘોડો ઉચ્ચૈઃશ્રવા નીકળ્યો, પૃથ્વીનો સમોવડિયો ચંદ્ર બહાર આવ્યો. એમ કરતાં સમુદ્રમાંથી એકાએક વરાળો નીકળવા લાગી અને નાગના મુખમાંથી નીકળતું હોય એવું ઝેર બહાર નીકળ્યું, હળાહળ ઝેર ! પ્રલયકારી, ભયાનક વિષ જોતાં જ દેવદાનવ નેતરાં મૂકીને ભાગ્યા.

એ વખતે ફરી પાછો સમુદ્રને તળિયેથી ગંભીર અવાજ સંભ-

ળાયો: 'અલ્યા ભાઈઓ ! તમે આ શું કરો છો ? વારે વારે નેતરાં કેમ ઢીલાં પડે છે ? ઝેર નીકળ્યું તેમાં ડરી શું ગયા ? આ તો સમુદ્ર-મંથન છે, સંસારના મંથન જેવું; એમાં તો ઝેર પણ નીકળે અને અમૃત પણ નીકળે. આમ તમે નાસભાગ ન કરો. અમૃત નીકળે ત્યાં સુધી વલોણું ચાલુ રાખો. તમે થોડી ધીરજ રાખો. એ ઝેરનો પીનારો પણ કોઈક નીકળશે.'

અંદરનો અવાજ શમ્યો ન શમ્યો એટલામાં કૈલાસ ઉપરથી મહાદેવ નીચે ઊતરી આવ્યા. દેવદાનવને ઝેરથી ગભરાતા જોઈ, પોતે એક અંજલિમાં એ વિષનું પાન કરી ગયા. જેને સાગરમાંથી નીકળતાં રત્નોની પરવા નથી, એ રત્નો દેવના હાથમાં આવે કે દાનવના હાથમાં આવે એની સાથે નિસબત નથી, એવા વિશ્વના કલ્યાણની મંગલ ભાવનાવાળા સદાશિવ જ એ હળાહળ ઝેર શમાવી શકેને ?



ઝેર શમી જતાં વાતાવરણ નિર્મળ બન્યું એટલે ફરી પાછું મંથન ચાલ્યું. પહેલાં કરતાં બમણા જોરથી રવૈયો ઘુમાવવા લાગ્યા. ક્યારે અમૃત આવે તેની સૌ રાહ જોઈ રહ્યા છે. બન્નેના મનમાં એમ છે કે જેવું અમૃત નીકળે કે લઈને ભાગી છૂટીએ. એવામાં સમુદ્રનાં મોજાં ઊછળ્યાં. પર્વત જેવડાં મોજાંની ઉપર એક શ્વેત વસ્ત્રધારી પુરુષ દેખાયો. એના ખભા ઉપર સોનેરી કુંભ હતો. તેમાં અમૃત હતું. અમૃતને બહાર લાવનાર વૈદ્યરાજ ધન્વંતરિ હતા. અમૃતકુંભ જોતાં જ દેવદાનવોએ નેતરાં મૂકી દીધાં અને અમૃતકુંભ લેવા દોડ્યા. દેવો પહોંચે તે પહેલાં દાનવો અમૃતકુંભ લઈને ભાગ્યા. સમુદ્રમંથન પૂરું થયું.

* * * *

અમૃતકુંભ લઈને અસુરો એક સુંદર ઉપવનમાં ગયા અને ત્યાં અમૃતપાન કરવા બેઠા. પાંદડાના પડિયા બનાવી કુંભમાંથી તેમાં અમૃતરસ રેડવા લાગ્યા. અમૃતકુંભની આસપાસ સૌ ટોળે વળી ઊભા હતા. કોણ પહેલો લે તેની હુંસાતુંસી શરૂ થઈ. એક કહે મને પહેલું આપો, બીજો કહે મને પહેલું. એક કહે મને ઓછું મળ્યું છે, બીજો કહે મને ઓછું. એમાંથી બોલાચાલી શરૂ થઈ.

એ વખતે એક સુંદર સ્ત્રી સામે આવીને ઊભી રહી તેને જોતાં જ સૌ સ્તબ્ધ બન્યા. 'અમૃતરસ કરતાં પણ વધારે મધુર પીણું મારી પાસે છે.' એમ કહી એ મોહિનીએ એમને પોતાના સુંદર કુંભમાંથી મદિરાનો રસ ચખાડ્યો. એટલે અસુરો અમૃતનો ઘડો મૂકી મોહિની આસપાસ વીંટળાયા. મોહિનીના મદિરાપાનથી અસુરો મસ્ત બની નાચવા અને કૂદવા લાગ્યા. અમૃતરસ એક બાજુ પડ્યો રહ્યો. મોહિની અમૃતકુંભ લઈ અદૃશ્ય થઈ.

દેવો સમુદ્રકિનારે ઈશ્વરપ્રાર્થના કરતા બેઠા હતા. સમુદ્રમાંથી નીકળેલાં રત્નો વિષ્ણુ ભગવાનની સલાહ પ્રમાણે તેમણે વહેંચી લીધાં. તેવામાં મોહિનીએ આવી અમૃતકુંભ તેમના હાથમાં આપ્યો. સૌએ સમાન ભાગે અમૃત વહેંચીને પીધું. એ રીતે દેવો અમર બન્યા.

## ૧૦

# બલિરાજા અને વામન

નર્મદાતીરે ભૃગુકચ્છ ક્ષેત્રમાં બલિરાજાએ મોટો યજ્ઞ આદર્યો. તેમાં દેશદેશાવરના અનેક બ્રાહ્મણો, રાજાઓ અને મહાજનો એકઠા થયા અને તેમણે બલિરાજાના યજ્ઞમાં હોંશભેર ભાગ લીધો. એ વખતે બ્રહ્મ-તેજથી દીપતો એક નાનો બટુસ્વરૂપ પુરુષ યજ્ઞમાં આવ્યો. તેનું ઓજસ અને પ્રતાપ જોતાં જ તેને આદરમાન આપવા સૌ આપો-આપ ઊભા થયા. બલિરાજા પણ બે હાથ જોડી એ વામનજીને પ્રણામ કરી બોલ્યો: "આપે આજે મારો યજ્ઞ પાવન કર્યો. આપના પગલાંથી અમારી ભૂમિ પવિત્ર થઈ છે. તમારા દેખાવ ઉપરથી એમ લાગે છે કે તમે મારી પાસેથી કોઈક વસ્તુ મેળવવા ઈચ્છો છો. તો વિના સંકોચે આપની ઈચ્છા જણાવો. તે હું પૂર્ણ કરીશ." આમ કહી વામનને ઊંચા આસને બેસાડયા. પોતે સામે બેઠો અને વામનની સામે એકીટશે નીરખી રહ્યો.

વામન બોલ્યા: "હે બલિરાજા ! તારાં આ વચનો તારા કુળને શોભે તેવાં છે. તું પ્રહલાદ જેવા ભકતનો પૌત્ર છો, એટલે તારામાં એ સદા-ચાર ઊતરી આવેલ છે. પણ, મારી માગણી પૂરી કરવી સહેલ નથી."

બલિ: "આપ વિના સંકોચે માગો."

વામન: 'હું તને કશા જ ભ્રમમાં રાખવા માગતો નથી . હું દ્રવ્યની ઈચ્છાથી આવ્યો નથી. ગાયો, ઘોડા, રથ કે એવી કોઈ સંપત્તિની મને ઈચ્છા નથી. પણ હું તારી પાસે માત્ર ત્રણ પગલાં ભરું એટલી પૃથ્વી માગું છું."

વામનની માગણી સાંભળીને બલિરાજા ખડખડાટ હસી પડયો અને બોલ્યો: "મહારાજ ! આ તમે શું માગ્યું ? હું બલિરાજા, ચક્ર-વર્તી સમ્રાટ, સમુદ્ર પર્યંત પથરાયેલી પૃથ્વીનો સ્વામી, સાતસાગરની સંપત્તિનો માલિક. તમે માગી માગી ને ત્રણ ડગલાં પૃથ્વી માગી ? બોલવામાં કંઈ ઉતાવળ થઈ હોય તો હજી વિચાર કરો અને માગી લો. આજે બલિરાજા તમારા ઉપર પ્રસન્ન થયો છે."

વામન આછું સ્મિત કરીને મધુર અવાજે બોલ્યા: "રાજા ! હું જે કંઈ માગું છું એ મારા સ્વાર્થ માટે નહિ, તારા કલ્યાણ અર્થે માગું છું."

રાજા ખડખડાટ હસી પડયો. સભામંડપમાં એનો પડઘો પડયો. પણ એ જ વખતે રાજાની બાજુમાં બેઠેલા શુક્રાચાર્યે એને કાનમાં કહ્યું: "રાજા ! સાવચેત રહેજે. આ દેખાય છે તો બાળક જેવો પણ કોઈ અલૌકિક છે. એનાં વચનો ઘણાં ઊંડાં અને રહસ્યવાળાં લાગે છે. મને આમાં જોખમ દેખાય છે. આ રાજ્યસંપત્તિ તને મારા આશીર્વાદથી મળી છે. એટલે મારું વચન તું ઉથાપી ન શકે."

શુક્રાચાર્યની વાત સાંભળ્યા વિના જ બલિરાજાએ કહ્યું: "સત્યા-ચરણમાં મારે કોઈની સલાહની આવશ્યકતા નથી." આમ કહી રાજા વામનનું પૂજન કરવા તત્પર બન્યા એટલે તેમની પત્ની વિંધ્યાવલિ વામનના પગ ધોવા માટે જળથી ભરેલો સોનાને કળશ લઈ આવી. રાજારાણીએ વામનનું પૂજન કર્યું અને બન્ને હાથ જોડી સામે ઊભાં રહ્યાં. એ વખતે વામન આસન ઉપરથી ઊભા થયા અને બોલ્યા: "હે બલિરાજા ! આ સઘળી ધનસંપત્તિ અને પુત્રપરિવાર મારાં છે એવા તારા અભિમાન ઉપર હું મારું પ્રથમ પગલું મુંકુ છું. આ સમગ્ર પૃથ્વી મારી છે એવા તારા અભિમાન ઉપર હું બીજું પગલું મૂકું છું. હવે મારે ત્રીજું પગલું કયાં મૂકવું તે કહે." આમ કહેતાં તો વામન સર્વ સભાજનોને વિરાટ સ્વરૂપે દેખાયા. સૌના મનમાં એમ થયું કે, 'આ બાળક જેવા લાગતા બટુકજીએ આ શું માગ્યું !' એ વખતે બલિરાજા બોલ્યા: "મહારાજ ! આ શરીર મારું છે એવા મારા દેહાભિમાન ઉપર આપનું ત્રીજું પગલું મૂકો."



વામને રાજાના મસ્તક ઉપર હાથ મૂકયો અને બોલ્યા: "તથાસ્તુ: તેં મને આપેલી ધનસંપત્તિ અને પૃથ્વી મારી આજ્ઞાથી તું સાચવ અને લોકકલ્યાણને માટે તેનો ઉપયોગ કરજે. તારું સર્વ પ્રકારે કલ્યાણ થાઓ."

સૌના સાનંદાશ્ચર્ય વચ્ચે વામનજી આવ્યા હતા તે જ રીતે પોતાના બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા.

# ૧૧

# સુકન્યા

મનુના પુત્ર શર્યાતિને સુકન્યા નામની પુત્રી હતી. એક વાર રાજા પોતાની કન્યા સાથે રથમાં બેસી વનવિહાર કરવા નીકળ્યો. માર્ગમાં ચ્યવન ઋષિનો આશ્રમ આવ્યો. રાજાએ તેમનું નામ સાંભળ્યું હતું. તેઓ મહાન તપસ્વી હતા. કદી પોતાના આશ્રમની બહાર નીકળતા નહિ. આસનબદ્ધ થઈ પરમાત્માની ઉપાસના કરતા.



સુકન્યા આશ્રમસ્થાન જોઈ બહુ રાજી થઈ. પોતાની સખીઓ સાથે ફરવા નીકળી. દૂરથી તેણે એક મોટો રાફડો જોયો. 'આવા સુંદર આશ્રમમાં આ રાફડો શેનો?' એમ કહેતી તે પોતાની સખીઓ સાથે રાફડા પાસે ગઈ. એણે જોયું તો રાફડાની વચ્ચે બે કાણાં અને તે આગિયાની માફક ચમકે. સુકન્યાએ કુતૂહલથી બાવળની શૂળ લઈ એ કાણામાં નાખી. વારાફરતી બેય કાણામાં શૂળો ભોંકતી જાય અને હસતી હસતી સખીઓને કહેતી જાય: 'આમાં મોટો નાગ રહેતો હશે.'

સુકન્યાનું વાકય પુરું થાય એટલામાં તો અંદરથી લોહીની ધાર વહેવા લાગી. એ જોઈને સુકન્યા ગભરાઈ ગઈ. દોડતી શર્યાતિ પાસે ગઈ અને બોલી: “બાપુ ! પેલા રાફડા પાસે ચાલો તો. મેં ભૂલથી તેમાં શૂળ ભોંકી ત્યાં તો અંદરથી લોહી નીકળવા માંડયું. અંદર શું હશે ? મને તો બહુ બીક લાગે છે.”

શર્યાતિ એકદમ રાફડા પાસે આવ્યો. તેણે જોયું તો લોહીની ધાર બંધ થઈ ગઈ હતી. અંદર કશું ચમકતું ન હતું. પણ તરત જ તેણે પોતાના માણસોને બોલાવ્યા. આશ્રમમાં સૂનકાર હતો. ચ્યવન ઋષિ એકલા જ રહે છે તેની રાજાને ખબર હતી. એટલે તે વધારે મૂંઝાવા લાગ્યો. માણસો પાસે રાફડો ધીમે રહીને ખોદાવ્યો તો અંદર ચ્યવન ઋષિ પોતે બેઠેલા. તેમની આંખો શૂળો ભોંકાવાથી ફૂટી ગઈ હતી. છતાં તેઓ સ્વસ્થ હતા. રાજાને ભારે દુ:ખ થયું. ઋષિ શાપ આપશે એવી બીકે એ ધ્રૂજી રહ્યો હતો. પરંતુ, ઋષિ તો એક અક્ષર પણ બોલતા નથી. કારમી વેદના મૂંગે મોઢે સહી રહ્યા છે.

રાજા ઘડીભર દિગ્મૂઢ બની ગયો. શાપ આપ્યો હોત તો એના મનને કંઈક રાહત મળત. પણ સુકન્યાએ જ પિતાની મૂંઝવણ દૂર કરી. એ બોલી: “બાપુ! મેં અજાણતાં પણ ગંભીર અપરાધ કર્યો છે. હું આ ઋષિની સેવામાં મારું જીવન ગાળીશ.”

સુકન્યાનો સંકલ્પ સાંભળતાં જ રાજા એને ભેટી પડયા અને કહ્યું: “બેટા! તારા શુભ સંકલ્પને મારા આશીર્વાદ છે.” આમ કહી

ઋષિના ચરણે હાથ મૂકી રાજા બોલ્યા : "મુનિવર! મારી પુત્રીએ જે નિશ્ચય કર્યો છે તેને આશીર્વાદ આપો."

ચ્યવન ઋષિએ જમણો હાથ લાંબો કર્યો. સુકન્યાએ મસ્તક નમાવી એ હાથ પકડી પોતાને માથે મૂકયો. એ વખતે રાજાની આંખો ભીની થઈ.

વનવિહાર કરવા આવેલો રાજા સુકન્યાને સદાયને માટે વનમાં મૂકીને ભારે હૈયે પાછો ફર્યો.

સુકન્યા ઋષિની સેવા કરે છે. ચ્યવન મુનિ સુકન્યાની સાથે આનંદમાં દિવસો નિર્ગમન કરે છે. એવામાં એક વાર અશ્વિની-કુમારો ત્યાં આવી ચડયા. તેમણે નવયુવાન, રૂપવાન, ગુણવાન એવી સુકન્યાને આશ્રમમાં એકલી ફરતી જોઈને પૂછયું: "તમે આવા સ્થાનમાં એકલાં કેમ છો ?"

સુકન્યા બોલી : "મારા પતિ પર્ણકુટિમાં બેઠા છે. અને હું સમિધ લેવા નીકળી છું."

અશ્વિનીકુમાર બોલ્યા: "તમારા પતિ જન્માંધ છે ?"

સુકન્યા બોલી : "ના. મારા પિતા સાથે એક વાર આ વનમાં વિહાર કરવા આવેલી ત્યારે મહર્ષિના શરીર ઉપર રાફડાની ધૂળ વળી ગઈ હતી. માત્ર તેમની આંખો દેખાતી હતી. અજાણતાં કુતૂહલવૃત્તિથી મેં તેમની આંખો શૂળો વડે ફોડી નાખી અને તેના પ્રાયશ્ચિત્ત રૂપે તેમની પત્ની તરીકે સેવા કરું છું."

"એમ છે? તો એમનાં નેત્રો પુન : પ્રાપ્ત થઈ શકશે. અમે દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર છીએ. તમારા પતિને અમે અમારા જેવા જ બનાવી દેશું. પરંતુ અમે ત્રણે એકસરખા સ્વરૂપના તમારી સામે ઊભા રહીએ ત્યારે અમારા ત્રણમાંથી તમારે તમારા પતિને ઓળખી કાઢવા પડશે.'

સુકન્યાએ અશ્વિનીકુમારોની વાતનો સ્વીકાર કર્યો.

અશ્વિનીકુમારો આશ્રમની બાજુમાં વહેતી નદીએ ગયા. તેનું જળ અંજલિ ભરીને પીધું. થોડે ઉપરવાસ ગયા. ત્યાં એક સુંદર ઊંડો ધરો જોયો. પહાડના પેટાળમાંથી અનેક મૂળિયાંના રસો સાથે પાણી ટપકતું હતું. એ પાણી પણ એમણે ચાખ્યું. તેઓ રાજી થતા આશ્રમે આવ્યા અને ચ્યવન ઋષિને લઈને ઝરા ઉપર ગયા. ત્યાં તેમણે ચ્યવન ઋષિને સ્નાન કરાવ્યું. અશ્વિનીકુમારોના ઉપચાર અને મંત્રશક્તિથી ત્રણેનાં એકસરખાં રૂપ થઈ ગયાં. ઋષિનાં નેત્રો પણ પ્રથમ જેવાં જ સુંદર અને તેજસ્વી બની ગયાં.

ત્રણે આશ્રમે આવ્યા અને પર્ણકુટિના દ્વાર પાસે બોલ્યા વિના ઊભા રહ્યા. સુકન્યા બહાર આવ્યાં જુએ છે તો ત્રણેય એકસરખા. પળવાર તેઓ ભારે મૂઝવણ અનુભવી રહ્યાં. પછી આંખો નીચે ઢાળી પ્રભુસ્મરણ કર્યું અને પ્રાર્થના કરી કે, "જો મારું પતિવ્રત્ય સાચું હોય તો મને મારા પતિનું સાચું ઓળખાણ થજો."

બીજી જ પળે તેઓ પર્ણકુટિનાં પગથિયાં ઊતરી સામે ચાલ્યાં અને ચ્યવન ઋષિનો જમણો હાથ પકડી લીધો.

અશ્વિનીકુમારો સુકન્યાના સતીત્વથી પ્રસન્ન થયા અને તેમને 'અખંડ સૌભાગ્ય' કહી આશીર્વાદ આપ્યા.

# ૧૨

# વાત્સલ્યમૂર્તિ શિબિ

એક વાર શિબિ રાજા મહેલના ઝરૂખામાં બેઠા છે. નીચે નિર્મળ નીરે નદી વહી જાય છે. કિનારે સુંદર વૃક્ષો શોભી રહ્યાં છે. વૃક્ષોની ઘટામાં પંખીઓ મીઠો કલરવ કરી રહ્યાં છે. શિબિ કુદરતની શોભા નિહાળી રહ્યો છે. એવામાં અચાનક પાંખો ફફડાવતો એક હોલો આવ્યો. હોલો આવીને એમના ખોળામાં પડયો. કરુણ ચીસો પાડતો લોહી નીતરતો હોલો કંપી રહ્યો છે. રાજા એને પંપાળવા માંડયો. રાજાએ અનુચરને હાકલ કરી, ઘામાંથી નીકળતું લોહી બંધ કરવા ઘાબાજરિયું મગાવ્યું. અને નદીકિનારે જોવા લાગ્યો કે કયા શિકારીએ એને ઘાયલ કર્યો છે.

એવામાં તો મોટો શકરો બાજ આવીને સામે ઝરૂખાના કઠેડા ઉપર બેઠો. મોટી મોટી આંખો, કાબરચીતરી પાંખો અને ત્રાડ મારીને બોલ્યો : "રાજા ! મારો શિકાર આપી દે."

હોલો તો ધ્રૂજી રહ્યો છે. ભયભીત નજરે શકરા સામે જોઈ રહ્યો છે. રાજાનો એક હાથ એની પાંખો ઉપર છે. અને રાજાએ શકરાને ધીમેથી જવાબ આપ્યો :

"તેં આને ઘાયલ કર્યો છે, પણ તને ખબર નથી, કોઈ પણ જીવ ઉપર એને મારનાર કરતાં બચાવનારનો અધિકાર વધારે હોય છે."

બાજ બોલ્યો : "રાજા ! એવી ગનાનની વાતો શા કામની ? દરેક જીવને જીવવાનું હોય છે. મારો એ ખોરાક છે. મને આપી દે."

શિબિ : "એ તારી વાત સાચી, પણ આ નિર્દોષ પંખી મારે શરણે આવેલ છે. મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી તું તેને લઈ નહિ શકે."

બાજ બોલ્યો : "રાજા ! તારે બાળબચ્ચાં છે, તેમ મારે પણ છે. એ માળામાં ભૂખ્યાં બેઠાં છે. તું આ પ્રદેશનો રાજા છે. દયાળુ છે. તારે મન બધાં પ્રાણી સરખાં હોવાં જોઈએ. માટે મને મારો શિકાર આપી દે."

શિબિ : "ભાઈ ! તું કહે છે તે વાત ખરી છે, પણ મારી ગોદમાં બેઠેલા પક્ષીને તો હું નહિ જ આપી શકું."

બાજ : "એ તારો અન્યાય છે, રાજા ! એકને બચાવવા જતાં બીજાંને મારવાં તેમાં ન્યાય કે દયા નથી. ન્યાયી તરીકે તારી ખ્યાતિ છે."

એ સાંભળી રાજા વિચારમાં પડયો અને બોલ્યો : "તારાં બાળ-બચ્ચાં પણ ભૂખ્યાં ન રહેવાં જોઈએ એ વાત હું સ્વીકારું છું. તેને માટે આ હોલાની ભારોભાર મારું માંસ તું લઈ જા." આમ કહીને રાજાએ અનુચરને આજ્ઞા કરી કે, 'છરી અને ત્રાજવાં લાવો.'

એટલામાં તો રાણી, પુત્રપરિવાર અને મહેલનાં સ્વજનો આવીને વીંટળાઈ વળ્યાં. પ્રસંગની ગંભીરતા જોઈ સૌ મૂંગાં બનીને જોઈ રહ્યાં. એક તીક્ષ્ણ છરી અને ત્રાજવાં આવ્યાં. રાજાએ એક છાબડામાં હોલાને મૂકયો અને પોતાના સાથળમાંથી માંસનો ટુકડો કાઢી સામે મૂકયો. એમ કરતાં અર્ધો સાથળ ચિરાયો છતાં હોલા જેટલું વજન થયું નહિ. એટલે રાજાની આંખે તમ્મર આવ્યાં. સાથળમાંથી લોહી વહ્યું જાય છે. એ વખતે વિશ્વામિત્ર ઋષિ આવી પહોંચ્યા, અને તેમણે રાજાને કહ્યું : "હવે બસ, રાજા ! બન્ને પલ્લાં સરખાં થઈ રહ્યાં." આમ કહી માંસના ટુકડા બાજ પક્ષી તરફ ફેંકયા. બાજ એ લઈને ઊડી ગયો.

વિશ્વામિત્રે બેભાન બનતા રાજાનું મસ્તક પોતાના ખોળામાં લીધું. રાજવૈદ્યને બોલાવી રાજાના ઉપચાર કર્યા. શરણાગતવત્સલ તરીકે શિબિનું નામ અમર બન્યું.

# ૧૩

## વસુદેવ–દેવકી

ઊગતા સૂર્યના તેજથી દીપતો એક સુંદર રથ મથુરા નગરીમાંથી બહાર નીકળ્યો. એ રથને સોનેરી પતરાં જડેલાં હતાં. સોનેરી ઘૂઘરીઓ લટકાવી હતી અને ઉપર સોનાના કળશ શોભતા હતા. રથને ચાર સફેદ ઘોડા જોડયા હતા. જમીનને અડતો ન હોય તેમ રથ ઘરઘરાટ કરતો વાયુવેગે જતો હતો.

મથુરાનો રાજા કંસ એ રથ હાંકતો હતો. પોતાની વહાલી બહેન દેવકીને એ સાસરે મૂકવા જતો હતો. રથમાં દેવકી અને તેના પતિ વસુદેવ હસીને વાતો કરી રહ્યાં હતાં. ચારઆઠ જોજનનો પંથ કાપ્યો હશે એવામાં એકાએક કંસને આકાશવાણી સંભળાઈ:

"ઓ કંસ ! તારી બેન દેવકીને તું હરખભેર રથમાં બેસારીને લઇ જાય છે, પણ તેનો આઠમો પુત્ર તારો વધ કરશે."

આવી આકાશવાણી સાંભળીને કંસે એકદમ રથ થંભાવી દીધો. વસુદેવ-દેવકી પડતાં પડતાં રહી ગયાં. કંસ કૂદીને નીચે ઉતર્યો અને તલવાર કાઢીને દેવકીને મારવા દોડયો. વસુદેવ વચ્ચે પડયા અને કંસને વારતા બોલ્યાં: "આ તમે શું કરી રહ્યા છો ?"

કંસે ક્રોધાવેશમાં કહ્યું: "આનો આઠમો ગર્ભ મારો વધ કરશે એવી અગોચર વાણી મને સંભળાઇ છે: એટલે હું આને મારી નાખીશ."

વસુદેવે શાંત સ્વરે કહ્યું "ભાઈ ! બહાદુરો મોતથી કરતા નથી. અને લગ્નને પહેલે દિવસે એવી બીકથી પોતાની બહેનને મારવી એ તારા જેવા વીરને શોભતું નથી."

આમ કહ્યા છતાં કંસ તાડૂકીને બોલ્યો: "હટી જાઓ વચ્ચેથી, નહિતર તમને પણ મારી નાખીશ."

એટલે વસુદેવે કહ્યું: "તમે આમ આકળા ન થાઓ. જરા વિચાર કરો. આ તમારી બેન તો તમારો વધ કરવાની નથી. તેનો પુત્ર તમને મારશે એવી ભીતિ છે તો પછી હું તમને દેવકીના પુત્રો જન્મતા જ આપી દઇશ."

વસુદેવની આ વાત કંસને ગળે ઊતરી. તેણે વસુદેવને રથમાં બેસી જવા કહ્યું. પોતે રથને પાછો વાળ્યો અને મથુરામાં લાવી બન્નેને એક મહેલમાં પૂરી દીધા.

દેવકીને પ્રથમ પુત્ર જન્મ્યો એટલે શરત પ્રમાણે વસુદેવ તેને લઈને કંસ પાસે ગયા. કંસે ભાણેજને જોયો. વસુદેવ સામેથી પુત્રને લઈ આવ્યા એ જોઈને કંસ બોલ્યો: "મને તો આઠમો પુત્ર મારવાનો છે, માટે આને તમે પાછો લઈ જાઓ."

વસુદેવ પુત્રને લઈને પાછા આવ્યા. એ જોઈને દેવકી બહુ રાજી થયાં.

કંસે ભાણેજ પ્રત્યેના વાત્સલ્યભાવથી અને વસુદેવના સત્ય-પાલનથી ભાવાવેશમાં આવી જઈ બાળક પાછો સોંપ્યો તો ખરો, પણ પાછળથી તેને વિચાર થઈ પડયો. તે એકલો એકલો પોતાના શયનખંડમાં આંટા મારવા લાગ્યો. આકાશવાણીના શબ્દો તેના અંતરમાં ભય ઉપજાવી રહ્યા. તેને થયું, 'આમાં મારી ભૂલ થાય છે. દેવકીનો આઠમો પુત્ર મને મારવાનો હોય તો પહેલો જ કેમ ન મારે?' આમ એ ભારે વિચાર વમળમાં પડયો અને મધરાત થતાં તો મોતના ભયથી બેબાકળો બની ગયો. એ જ વખતે એ દેવકીના આવાસમાં પહોંચ્યો. અધરાતે બારણાં ઉઘડાવ્યાં અને બેનના પડખામાંથી બાળકને લઈને ફરસબંધી ઉપર પછાડી તેના પ્રાણ લીધા.

દેવકીના કારમા રુદનની પરવા કર્યા વિના કંસ ત્યાંથી ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારમાં કંસે બેનબનેવીના પગમાં બેડીઓ પહેરાવી દીધી અને દરવાજે ખુલ્લી તલવારે પહેરેગીરો મૂકયા.

આ રીતે મૃત્યુથી ભયભીત બનેલા કંસે બેન દેવકીના એક પછી એક છ પુત્રોને મારી નાખ્યા. મથુરા નગરીમાં અને આસપાસના પ્રદેશમાં એનાથી હાહાકાર મચી ગયો. કંસને કશું કહેવાની કોઈની હિંમત ન ચાલી. એની ક્રૂરતાનો સૌને અનુભવ હતો. કંસે પોતાના સસરા જરાસંઘ સાથે મળીને પોતાના પિતા ઉગ્રસેનને કેદ કર્યા હતા અને પોતે રાજ્યગાદી ઉપર ચડી બેઠો હતો. સસરા જમાઈના ત્રાસથી મથુરા અને મગધમાં જ નહિ પણ અનેક દેશોમાં તેમના દુરાચારથી લોકો તોબા પોકારી ગયા હતા. પણ સગી બેનનાં કુમળાં બાળકોના ઘાતકી વધથી તેના પાપનો ઘડો છલોછલ ભરાઈ રહ્યો.

## ૧૪

# કૃષ્ણજન્મ

શ્રાવણ મહિનાની અંધારી આઠમ: બુધવારની મધરાતે મેઘલી જામી છે. ઝરમર ઝરમર વરસાદ વરસી રહ્યો છે. દિશાઓ તદ્દન શાંત છે. મહેલમાં બધું સુમસામ છે. એ વખતે શ્રીકૃષ્ણનો જન્મ થયો. એ બાળકનું અદ્‌ભૂત રૂપ જોઈ દેવકી-વસુદેવ ચકિત બની ગયાં. મનમાં થયું, 'આપણો ઉદ્ધાર કરનારો પુત્ર જન્મ્યો ખરો.' દેવકીએ વસુદેવને ધીમે રહિને કહ્યું: "તમે આ બાળકને ગમે તેમ કરીને કયાંક સંતાડી આવો."



વસુદેવે બાળકને કપડામાં વીંટાળીને સૂંડલામાં મૂકયો અને એ સૂંડલો માથે ઉપાડીને ચાલ્યા. પહેરેગીરોને આજે કોઈક કુદરતી ધારણ વળી ગયું છે. તેઓ ઘસઘસાટ ઊંઘે છે. દરવાજાના ભોગળ ઉઘાડી વસુદેવ બહાર નીકળ્યા. યમુનાકિનારે પહોંચ્યા. નદી બે કાંઠે વહી જાય છે. વસુદેવ પાણીમાં ઊતર્યા અને ધીમે પણ દઢ પગલે નદીના નીરને વીંધતા સામે પાર પહોંચ્યા.

મથુરાથી ત્રણ કોસ દૂર ગોકુળ નામનું ગામ હતું. તેમાં ગોપાળોના મુખી નંદરાય રહેતા હતા. વસુદેવના એ મિત્ર હતા. વસુદેવ પરવાડે થઈને નંદને ઘેર પહોંચ્યા. નંદની સ્ત્રી યશોદાએ તે જ વખતે એક પુત્રીને જન્મ આપ્યો હતો. તેમને ખબર ન હતી કે દીકરી અવતરી છે કે દીકરો. વસુદેવે ચૂપચાપ ઘરમાં જઈને પુત્રને જશોદાના પડખામાં સૂવાડી દીધો. દીકરીને સૂંડલામાં મૂકી તેઓ તરત જ મથુરા પાછા આવ્યા. દેવકીએ પુત્રીને પડખામાં લીધી તેવી જ એ રડવા લાગી. તેનો અવાજ સાંભળીને પહેરેગીરો જાગી ઊઠયા. તેમણે જઈને બાળક અવતર્યાના કંસને ખબર આપ્યા.

કંસ ભરઊંઘમાંથી જાગ્યો અને દોડતો આવ્યો. એ રાતદિવસ દેવકીના આઠમા પુત્રનું રટણ કરતો હતો. છ પુત્રોને તેણે મારી નાખ્યા હતા. સાતમો ગર્ભ ગળી ગયેલો. એ હિસાબે આ એનો મારનારો હતો. કંસ ઉતાવળો દેવકી પાસે આવ્યો. કરગરતા અવાજે દેવકી બોલી: "ભાઈ ! તેં મારા બધા જ દીકરા મારી નાખ્યા છે. આ એક દીકરીને જીવતી રહેવા દે. તેં સાંભળેલી આકાશવાણી સાચી હોય તો પણ તને પુત્રનો ભય છે, પુત્રીનો નહિ. વળી, આ દીકરી મોટી થશે ત્યારે તેને હું તારા પુત્ર સાથે પરણાવીશ. એ તારી પુત્રવધૂ થશે. તેં મને બહુ દૂભવી છે. ભલો થઈને આટલી દીકરીને જીવતી રહેવા દે."

પરંતુ, કંસ તો દરેક વસ્તુમાં પોતાનો કાળ ભાળતો હતો, એટલે એણે રડતી દેવકીના હાથમાંથી દીકરી ઝૂંટવી લીધી અને તેને બે પગે પકડીને પથ્થર ઉપર પછાડી તેવી જ એ મહાશકિત તેના હાથમાંથી છટકીને વીજળીની પેઠે આકાશમાં ચાલી ગઈ ને કાળવાણી બોલી: "ઓ પાપી ! મને મારવાથી તને શો ફાયદો હતો ? તારો મારનાર તો કોઈક જગ્યાએ ક્યારનો જન્મી ચૂકયો છે; માટે હવે નિર્દોષ બાળકોનો સંહાર બંધ કર."

આ સાંભળી કંસ ચમકી ઊઠયો. ગભરાટમાં પડયો અને કંઈક દુ:ખી પણ થયો. તેના મનમાં થયું, 'જે દૈવી વાણી સાંભળીને મેં બેનનાં છોકરાં માર્યાં, એવી જ આ દૈવી વાણી કહે છે કે, મારો શત્રુ તો બીજે કયાંક જન્મી ચૂકયો છે. તો હવે કાયરની માફક બેનનાં છોકરાં મારવાની જરૂર નથી. એ શત્રુ મોટો થઈને સામે આવશે

ત્યારે જોઈ લઈશ.' આમ વિચાર આવતાં તે બેનબનેવીને પગે પડયો અને તેમને બંધનમુક્ત કર્યાં.

બીજે દિવસે કંસે પોતાના પ્રધાનોને બોલાવ્યા અને આગલી રાતે બનેલી તમામ હકીકત જણાવી. કંસના મંત્રીઓ કુટિલ રાજકારણી માણસો હતા. તેમણે કંસને સલાહ આપી કે, "રાજા ! તમે રાજ્ય ચલાવવાને લાયક નથી. જો તમારો મારનારો હમણાં જ કોઈક સ્થળે જન્મ્યો હોય તો એ ઊગતા શત્રુને પૂરો કરવો જોઈએ. અમારી તો આપને ચોખ્ખી સલાહ છે કે તાજેતરમાં જન્મેલાં તમામ બાળકોને મારી નખાવો. એટલે એમાં આપણો એ શત્રુ પણ હણાઈ જાય."

કંસને પોતાના મંત્રીઓની સલાહ સાચી લાગી. તેના મનમાં થયું, 'પેલી છોકરીની વાતથી હું નકામો ગભરાઈ ગયો. મારા હિતચિંતક મિત્રો કહે છે તે જ સાચું છે.' આમ વિચાર કરી તેણે આખા રાજ્યમાં તાજાં જન્મેલાં તમામ બાળકોને મારી નાખવાની પોતાના સાથીઓને આજ્ઞા કરી.

* * * *

સૂર્યોદય થતામાં તો નંદરાયને ઘેર ગોપગોપીઓ ટોળે વળ્યાં. યશોદા રાણીને દીકરો અવતર્યો એ જાણી ગોકુળ ઘેલું બન્યું. પોતાને જ ઘેર દીકરો અવતર્યો હોય એટલો સૌને આનંદ થયો.

બપોર પછી નંદરાયને કર ભરવા માટે મથુરા જવાનું થયું. ત્યાં તેમને વસુદેવ બંધનમુક્ત થયાના સમાચાર મળ્યા. એટલે તેઓ વસુદેવને મળવા ગયા. પોતાને ઘેર દીકરો અવતર્યાની વાત કરી. વસુદેવે સામેથી હરખ કર્યો. વસુદેવે પોતાનાં પ્રથમ પત્ની રોહિણી અને તેના પુત્ર બળરામને કંસના ભયથી નંદરાયને ઘેર મૂક્યાં હતાં તેના કુશળ પૂછયા. ત્યાર બાદ જરા ગંભીર અવાજે નંદરાયને કહ્યું: "તમે વેળાસર ગોકુળ પહોંચી જાઓ."

નંદરાય તરત જ ગોકુળ જવા ચાલી નીકળ્યા.

# ૧૫

# નાગદમન

કૃષ્ણ-બળરામ હવે મોટા થયા છે. વાછરુને બદલે ગાયો ચરાવવા જાય છે. એમનાં રૂપ પણ ખીલ્યાં છે. તેવતેવડા ભેરુબંધો સાથે મેદાની રમતો રમે છે. આટાપાટા, હુતુતુ, ગેડીદડા, આંબલીપીપળી અને મલકુસ્તીના દાવ પણ ખેલે છે.

વૃંદાવન પાસે જમના નદી વિશાળ પટમાં વહી જાય છે. પણ પર્વતની તળેટીમાં નદીનો એક ઊંડો ધરો હતો. તેમાં કાલિય નામનો ઝેરી નાગ રહેતો હતો. કિનારાનાં ઝાડ ઉપર બેઠેલાં પંખીઓને એ ફૂંફાડાથી નીચે પાડી ખાઈ જતો. ત્યાં ગાયો પાણી પીવા જતી તો તેને કરડતો. ગોપાળિયા તો એને જોતાં જ નાસી જતા. કૃષ્ણ-બળરામે એને એકબે વાર ધરામાંથી બહાર નીકળતો જોએલો. વાંભ દોઢવાંભ લાંબો કાળોતરો નાગ નદીકાંઠે સુપડા જેવી ફેણ માંડીને બેઠેલો. એને બતાવીને કૃષ્ણે, બળરામને એક વાર કહ્યું: "આ કાલિય જોયો ? પશુ, પંખી, માણસ સૌને એ ત્રાસ આપે છે. એની બીકે અહીં ચલિયું ફરકતું નથી. આટલો સુંદર ધરો, આવું મજાનું પાણી, પણ કોઇ તેનો ઉપયોગ કરી શકતું નથી. આપણે તેને પૂરો કરીએ." કૃષ્ણનાં આવાં સાંહસિક કામોમાં બલરામ તો હમેશાં તૈયાર જ હોય. એક વાર એક તોફાની વાછડો બહારગામનો આવી ચડેલો ત્યારે બેઉ ભાઇઓએ એને આવી રીતે જ પૂરો કરેલો. બળરામે એનાં શીંગડા પકડી રાખ્યાં અને કૃષ્ણે પાછલા બે પગ પકડી એને નદીના ઊંડા જળમાં ધકેલી દીધેલો.

બીજે દિવસે સવારમાં કૃષ્ણ-બળરામ અને ગોવાળિયા ગાયો ચરાવતા ચરાવતા એ ધરા પાસે આવ્યા. કૃષ્ણે ગોવાળિયાને કહ્યું: "તમે જરા ગાયોની આડા રહેજો. અમે આવીએ છીએ." આમ કહીને બન્ને ભાઇઓ ધરા તરફ ગયા.

બળરામ એક મોટો ગેડો હાથમાં રાખી ધરાને કાંઠે ગયા. અને કૃષ્ણે ધોતિયાનો કછોટો ભીડયો. પાસેના ઊંચા કદંબના ઝાડ ઉપર તેઓ ચડયા. ત્યાંથી ધરામાં ભૂસ્કો માર્યો. પાણીની દેગરડી ચડી અને ધરામાં ભારે ખળભળાટ મચી ગયો. કાલિય નાગ નિશ્ચિંતપણે ધરાની બખોલમાં પોતાની નાગણીઓ સાથે આરામ કરતો હતો. એમાં એકાએક ધબાકો સંભળાયો. પાણી હિલોળે ચડયું. 'પોતાના ઘરમાં આ કોણ આવ્યું ?' એવા વિચાર સાથે નાગ પાણી ઉપર આવ્યો. કૃષ્ણ બે હાથે મગરમચ્છની માફક તરે છે. એને જોતાં જ નાગ ફૂંફાડો મારીને સામે ધસ્યો. કૃષ્ણે પોતાના હાથમાં રાખેલું કાળું નેતરું બેવડું કરીને એની ઉપર ઝાપટયું. નાગ બમણો ખીજાયો અને કરડવા દોડયો. કૃષ્ણ ડૂબકી મારીને સામે છેડે નીકળી ગયા. બન્ને વચ્ચે ડુબકીદાવની રમત ચાલી અને પછી સામસામા આવી ગયા. કૃષ્ણ નેતરાની ઝાપટોથી નાગને પાસે આવવા દેતા નથી. કાંઠે ઊભા બળરામ, નાગ બહાર આવે તેની રાહ જોઇ રહ્યા છે. નાગના ફૂંફાડા સાંભળીને ગોવાળિયાઓ ત્યાં દોડી આવ્યા. કૃષ્ણ અને કાલિયનું યુદ્ધ જોઈ તેઓ ભયભીત બની ગયા. એકબે જણા ગામમાં દોડયા અને નંદરાજાને ખબર આપ્યા. નંદજશોદા તો નાગનું નામ સાંભળતાં જ ધરા તરફ દોડયાં. ગામમાં ખબર પડતાં જ ગોપગોપીઓ પણ દોડયાં. જશોદા તો કૃષ્ણને નાગ સાથે લડતા જોઈ બેબાકળા બની ગયાં. પોતાના લાલની રક્ષા કરવા માટે દેવદેવીઓની માનતા માનવા લાગ્યા.

આ બાજુ કૃષ્ણે કાલિયને થકવી દીધો અને લોહીલોહાણ કરી દીધો. કૃષ્ણ પણ થપાટો ખાઇ નાગ સાથે લડીલડીને થાકયા હતા. આખરે તેમણે જેટલું હતું તેટલું બળ વાપરીને ઝપટ કરી અને જમણે હાથે નાગનું માથું પકડી લીધું અને ડાબે હાથે તેને નેતરાથી બાંધી દીધો. નાગે પણ જીવ ઉપર આવીને કૃષ્ણના શરીર ઉપર ભરડો લીધો. હતું તેટલું જોર કરીને કૃષ્ણ, નાગને કાંઠે લઇ આવ્યા. એટલે બળરામ એની મદદે જઈ પહોંચ્યા. તેમણે નાગનો ભરડો છોડાવી નાખ્યો. બન્ને ભાઇઓએ નાગના મંકોડે મંકોડા ઢીલા કરી નાખ્યા. અને માથું બાંધેલો તેને એક બાજુ ફેંકી દીધો. મરણતોલ થઈ પડેલા એ ભયંકર કાલિયને જોઇને ગોવાળિયાઓ હજી પાસે આવી શકતા ન હતા. કૃષ્ણ પણ હાંફી રહ્યા હતા. જશોદામા દોડીને એમને ભેટી પડયા.

કાલિય નાગની નાગણીઓ ધરામાં ઉપર આવી ફેણ પસારી નાગની દશા નિહાળી કલ્પાંત કરી રહી હતી. એ જોઇને બળરામે પોતાની ગેડીથી કાલિયને ધરામાં હડસેલી દીધો. તરવાની શક્તિ રહી ન હોવાથી કાલિય નદીમાં તણાઇ ગયો અને ફરી એ ધરામાં દેખાયો જ નહીં.

કૃષ્ણના પરાક્રમની વાતો કરતાં ગોપગોપીઓ નંદરાયને ઘેર આવ્યાં. કેટલાય દિવસ સુધી વૃંદાવનમાં એની જ વાતો ચાલ્યા કરી.

# ૧૬

# મથુરાગમન

એક વાર કંસે પોતાના મંત્રીઓની ખાનગીમાં સલાહ પૂછી: "નંદરાયના બન્ને છોકરાનાં તોફાનો દિવસે દિવસે વધતાં જાય છે. મેં તમને કહ્યું નથી પણ એ બેમાંથી એક દેવકીનો પુત્ર હોય એવો મને વહેમ છે."

કંસની વાત સાંભળીને મુખ્ય મંત્રી બોલ્યા: "હું આપને એ વસ્તુ કહેવાનો જ હતો. મેં તો મારા મનથી એનો ઉપાય પણ યોજી રાખ્યો છે."

કંસ આનંદમાં આવીને બોલી ઊઠયો: "તો પછી જલદી જણાવો."

મંત્રીએ પોતાની યોજના વિગતવાર કહી સંભળાવી:

"એક મોટો ધનુર્યાગ કરવો. તેમાં આખા રાજ્યના યુવાનોને બોલાવવા. વ્યાયામ, મલકુસ્તી અને શસ્ત્રાસ્ત્રોના અનેકવિધ પ્રયોગો એ સમયે યોજવા. યુવકોને માટે આનંદ-પ્રમોદનાં નાટકો, રાસમંડળી અને એવા મનોરંજનના કાર્યક્રમો પણ ગોઠવવા." આવી લાંબીચોડી યોજના સાંભળીને કંસ બહુ રાજી થયો. મંત્રીની સલાહથી તેણે વસુદેવ-દેવકીને પાછા કારાગારમાં પૂરી દીધાં.

કૃષ્ણ-બળરામને ધનુર્યાગમાં આવવાનું ખાસ નિમંત્રણ આપવા માટે અક્રૂર નામના યાદવને નંદરાય પાસે મોકલ્યો.

ગોકુળ-વૃંદાવનમાં કોઈ દિવસ ન આવ્યો હોય એવો સુશોભિત રથ એક દિવસ સંધ્યાકાળે આવી પહોંચ્યો. રથને જોઈને ગોપગોપીઓ ટોળે વળ્યાં. કૃષ્ણ બળરામ દરવાજે સામા આવ્યા. અક્રૂર વસુદેવના નજીકના ભાઈ થતા હતા અને તેમના ઉપર ઘણો સ્નેહ હતો. શ્રીકૃષ્ણની ગુપ્ત વાત પણ તેઓ જાણતા હતા. એટલે યુવાવસ્થામાં આવેલા કૃષ્ણને જોતાં જ તેમનું હૈયું ભરાઇ આવ્યું. તેમણે કૃષ્ણને હેતથી બાથમાં લીધા. નંદરાય પણ અક્રૂરને ભેટયા ને ઘરમાં લઇ ગયા. કુશળ સમાચાર પૂછયા બાદ અક્રૂરને નંદરાયે તેમના આગમનનું કારણ પૂછયું.

અક્રૂર બોલ્યા: "કંસ રાજાએ મોટો ધનુર્યાગ આરંભ્યો છે. તેમાં રાજ્યના સર્વ યુવાનોને તેમણે નિમંત્રણો આપ્યા છે. તમારા બન્ને પુત્રોને લઇ જવા માટે આ રથ મોકલ્યો છે. તમારે સૌએ પણ દૂધ, દહીં, માખણ વગેરે લઇને આવવાનું છે. દેશદેશના સેંકડો યુવાનો આવશે. તેનો સત્કાર કરવા માટે આપણે ભોજનની વ્યવસ્થા કરવી પડશે. અહીંના ગોવાળોના તો તમે જ મુખી છો એટલે તમે સૌને લઇને વેલાસર આવી પહોંચજો."

અક્રૂરની વાતો સાંભળીને નંદરાયને મનમાં ધ્રાસકો પડયો. તેમને ઊંડે ઊંડે ચિંતા પેઠી કે, 'કંસ મારા પુત્રોને શા માટે બોલાવતો હશે ? આવા વિચારથી તેઓ ઘડીભર સૂનમૂન બની ગયા. શ્રીકૃષ્ણ પિતાના મનની મૂંઝવણ પારખી ગયા. તેઓ હવે ઉંમરલાયક થયા હતા. ગોકુળ-વૃંદાવનના નિર્દોષ આનંદના દિવસો પૂરા થવા આવ્યા હતા. કંસ અને તેના સસરા જરાસંધના ત્રાસની વાતો તેમને કાને આવ્યા જ કરતી હતી. એટલે તેમણે નંદરાયને કહ્યું: "બાપુ ! આમાં તમે શું મુંઝાઇ ગયા ? આવા મેળાવડામાં જવાનું મળે એ તો મોટું ભાગ્ય કહેવાય. અમને પણ નવી દુનિયા જોવાની મળશે. ત્યાં રમતગમતમાં અમારું પાણી અમે બતાવી આપીશું અને પાછા તરત આવતા રહેશું."

નંદરાયે કૃષ્ણબળરામને જવાની સંમતિ આપી. જશોદાને ખબર પડતાં તેઓ પણ ઢીલાં થઇ ગયાં. એટલે કૃષ્ણે તેમને પણ સમજાવી દીધાં. રાતોરાત તૈયારી થઈ ગઈ અને સવાર પડતાં જ તો કૃષ્ણ બળરામ મથુરા જવા ઘરમાંથી બહાર નીકળ્યા.

આખા ગોકુળમાં વાયુવેગે વાત પ્રસરી ગઇ કે, 'સાંજે આવેલો રથ તો શ્રીકૃષ્ણ બળરામને લેવા આવેલો છે.' સાંભળતાં જ ગોપ-ગોપીઓ વિહ્વળ બન્યાં અને એકદમ નંદરાયના ઘર તરફ દોડી ગયાં. 'કૃષ્ણને કોણ તેડવા આવ્યો છે ? શા માટે તેડવા આવ્યો છે ? ક્યાં લઈ જવાનો છે ? કૃષ્ણ પાછા ક્યારે આવવાના ?' એવા એવા અનેક પ્રશ્નોથી ગોપીઓએ જશોદામાને મૂંઝવી દીધાં. જશોદા શું જવાબ આપે ? એમણે તો રડીરડીને રાત કાઢેલી છે. કૃષ્ણે ઘણું સમજાવ્યા કે, 'હું રાતોરાત પાછો આવીશ', પણ તેમનું મન માન્યું જ નહિ. તેમને ઊંડે ઊંડે કંઇક અનિષ્ટ થવાનો વહેમ પેસી ગયો છે. એટલે તેમણે ગોપીઓને જેવા તેવા જવાબો આપ્યા. એનાથી ગોપીઓ પણ ભારે ચિંતામાં પડી ગઈ. કૃષ્ણ બળરામે મિત્રોને મળી લીધું અને સૌને આશ્વાસન આપતાં કહ્યું: "અમે યજ્ઞ પૂરો થાય કે તરત જ પાછા આવીએ છીએ. તમે જશોદામા અને બાપુની સંભાળ રાખજો." માતપિતાને પગે પડી શ્રીકૃષ્ણ રથમાં બેઠા.

કૃષ્ણે બળરામને લઇને રથ ચાલી નીકળ્યો. પાદર સુધી સૌ વળાવવા ગયા. રથની રજ ઊડતી દીઠી ત્યાં સુધી એમ ને એમ આંખો ફાડી જોઇ રહ્યાં. સૌ શૂન્યમનસ્ક બની ગયાં, જાણે વ્રજનો પ્રાણ ચાલ્યો ગયો !

# ૧૭

# કંસવધ

મથુરા જતાં માર્ગમાં એક સુંદર વાડી આવી. ત્યાં અક્રૂરે રથ છોડાવ્યો ને ઘોડાને વિસામો આપ્યો. તે વખતે કૃષ્ણ બળરામ સાથે અક્રૂરે એકાંતમાં વાત કરતા કહ્યું: "વસુદેવ મારા પિતરાઈ ભાઈ થાય છે. તમે તેમના જ પુત્રો છો. કંસ તમને મારી નાખશે એવા ભયથી તમને નંદને ઘેર ગુપ્ત રાખ્યા હતા. તમારી માતા દેવકીના તાજા જન્મેલા પુત્રોને કંસે ક્રૂરતાથી મારી નાખ્યા છે. તમને ધનુર્યાગમાં બોલાવવા પાછળ કંસનો આવો જ દુષ્ટ હેતુ રહેલો છે. માટે તમે સાવચેત રહેજો."

અક્રૂરની વાત સાંભળીને કૃષ્ણ બોલ્યા: "કાકા ! આ વાત અમે સાંભળેલી છે. અમારા મનમાં પણ આવો વહેમ હતો. પરંતુ તમે ચિંતા ન કરશો. અમે મામાને પહોંચી વળશું."

થોડી વાર આરામ લઈ સૌ મથુરા તરફ રવાના થયા. અક્રૂરની ચિંતા દૂર થઈ. તેઓ રસ્તામાં હસીહસીને વાતો કરતા હતા. કૃષ્ણમાં રહેલી અદ્‌ભુત શક્તિનું તેમને દર્શન થયું. થોડા શબ્દોમાં રહેલું સંકલ્પબળ જોઈને અક્રૂર ખૂબ રાજી થયા. એમ કરતાં મથુરા પહોંચ્યા.

મથુરામાં માનવમેદની સમાતી નથી. ઉત્સવ જોવા લોકો કિડિયારાની પેઠે ઉભરાયાં છે. બજારમાં ચાલવાનો મારગ નથી. હૈયેહૈયું દળાય છે. રથ દરવાજામાં પેઠો એટલે કૃષ્ણે કહ્યું "કાકા ! આમાં રથ નહીં ચાલે. અમે અહીં જ ઉતરી જઈએ."

અક્રૂરે બન્ને ભાઈઓને પોતાને ઘેર આવવા આગ્રહ કર્યો. પણ કૃષ્ણે જણાવ્યું: "કાકા ! અમારા માતાપિતાને બંધનમાંથી મુક્ત કરાવ્યા પછી જ બીજે ક્યાંક જવું એવો મારો સંકલ્પ છે."

અક્રૂરે વધારે આગ્રહ ન કર્યો. બન્ને ભાઈઓ રથમાંથી નીચે ઉતર્યા. અને કાકાને પગે લાગી ધનુર્યાગના સ્થળ તરફ ચાલ્યા.

કૃષ્ણ-બળરામને જોતાં લોકો ઘડીભર નીરખી રહ્યાં. ધોતિયાના કછોટા ભીડ્યા છે, કસવાળાં કેડિયાં ઉપર પછેડીની ભેટ વાળી છે... માથે કાબરચીતરા રંગના ફેંટા બાંધ્યા છે, ભાતીગળ છેડાવાળા ખેસ ખંભે રહી ગયા છે; હાથમાં ને પગમાં સોનાની કડલીઓ, કાનમાં કુંડળ અને ગળામાં માળા શોભી રહી છે. ઘૂંટણથી નીચે પહોંચતા, હાથીની સૂંઢ જેવા હાથ, પહોળી છાતી, વિશાળ નેત્રો, મોઢે મૂછનો દોરો ફૂટતો આવે છે, અર્ધે માથે કપાળ ઝગારા કરે છે, અને વાંકડિયા કાળા ભમ્મર વાળ ખંભા ઉપર ઝૂલી રહ્યા છે. એક ગૌરવર્ણ ને બીજા ઘનશ્યામ. સ્ત્રીપુરુષો વળીવળીને તેમની સામું જુએ છે.

બજારમાં ચાલતાં એક ધોબીની દુકાન પાસે કૃષ્ણ ઊભા રહ્યા. તેની પાસે તેમણે ધોયેલાં કપડાં માગ્યાં. એટલે ધોબી તો છડાઈથી બોલ્યો: "આ વસ્ત્રો રાજા કંસનાં છે. તમારા જેવા ગોવાળિયા માટે નથી." એ સાંભળતાં જ કૃષ્ણને રીસ ચડી. તેમણે ધોબીનાં વસ્ત્રો ઝૂંટવી લીધાં. અને પોતાની સાથેના ગોવાળિયાઓને વહેંચી આપ્યાં. લોકો જોઈ રહ્યા. કંસના માનીતા ધોબીને સીધો કરનાર જુવાનિયા તરફ સૌ માનભરી નજરે જોઈ રહ્યા.

આગળ જતાં એક માળી ફૂલની માળાઓ વેચતો હતો. તેણે કૃષ્ણ-બળરામને પસાર થતા જોયા એટલે સુવાસિત ફૂલની માળાઓ તેમના ગળામાં પહેરાવી, થોડું ચાલ્યા તેવામાં એક બાઈ સુગંધી દ્રવ્યો તથા અગરચંદનના લેપનો થાળ લઈને જતી હતી, તે આ બન્ને ભાઈઓને જોઈને ઊભી રહી. આવા ઉઘડતા ગુલાલ જેવા તરુણોને તેણે કોઈ દિવસ જોયા ન હતા. એ બાઈ ત્રણ જગ્યાએથી વળેલી કૂબડી હતી. પણ તેનું મુખ રૂપાળું હતું. શ્રીકૃષ્ણે તેને પૂછ્યું: "બેન ! તમે આવું સુવાસિત દ્રવ્ય કોને માટે લઈ જાઓ છો ? અમને એમાંથી થોડું ન આપો ?"

શ્રીકૃષ્ણનું હાસ્ય ને નમ્રતા જોતાં જ કુબ્જા મુગ્ધ બનીને તેમની સામે નીરખી રહી અને બોલી: "હું રાજાની માનીતી દાસી છું. મારું નામ ત્રિવક્રા છે. આ વિલેપન ભોજપતિ કંસ માટે લઈ જાઉં છું, છતાં, આમાંથી તમારે જોઈએ તેટલું લઈ લો."

બન્ને ભાઈઓએ એમાંથી સુગંધી અગરચંદનનો લેપ લીધો. સુવાસિત અત્તર લઈને શરીરે તથા વસ્ત્રો ઉપર લગાડ્યું. ત્યારબાદ શ્રીકૃષ્ણે એ સુંદર મુખવાળી સ્ત્રીના જમણા પગનો અંગુઠો પોતાના પગથી દબાવી, જમણે હાથે હડપચી પકડી જોરથી ઝટકો મારીને તેને ઊંચી કરી એટલે ત્રણ જગ્યાએ ગંઠાઈ ગયેલાં તેનાં અંગ એકદમ છૂટાં થઈ ગયાં. કૂબડી સર્વાંગ સુંદર બની ગઈ. લોકો ટોળે વળીને એ દૃશ્ય જોઈ રહ્યા. એટલા માણસની વચ્ચે ત્રિવક્રાએ શ્રીકૃષ્ણના ખેસનો છેડો પકડ્યો અને ગદગદ સ્વરે બોલી: "તમે મારે ઘેર ચાલો." કૃષ્ણે કહ્યું: "મારું કાર્ય પૂર્ણ થશે પછી હું તમારે ઘેર અવશ્ય આવીશ."

કૃષ્ણ-બળરામ ત્યાંથી આગળ ચાલ્યા. ધનુર્યાગ થવાનો હતો તે ચોગાનમાં પહોંચ્યા. ત્યાં ધનુષ્યની પૂજા થતી હતી. કૃષ્ણે પૂજારીઓને પૂછ્યું: 'અહીંયા શું થાય છે ?' અને કુતૂહલથી વેદી પાસે જવા જતા હતા એટલામાં પૂજારીઓએ તેમને રોકયા અને કહ્યું

"ત્યાં જ ઊભા રહેજો, અંદર ન આવતા. તમારા જેવા ગોવાળિયાઓને અંદર આવવાનું નથી. વેદી અભડાઈ જાય." આ સાંભળી કૃષ્ણ બોલ્યા: 'અડવાથી અભડાઈ જાય એવી તે ધનુષ્યની વેદી હોતીહશે?' આમ કહી કૃષ્ણ સીધા વેદી ઉપર ચડી ગયા. અને ત્યાં રાખેલું મોટું ધનુષ રમકડાંની જેમ ઉપાડી લીધું. અને ઘૂંટણ સાથે ભરાવીને તેના શેરડીના સાંઠાની માફક બે કકડા કરી નાખ્યા. રક્ષકો તેમને મારવા દોડ્યા એટલે બન્ને ભાઈઓએ એ ધનુષ્યના ટુકડા વડે જ તેમને મારીને નસાડી મૂક્યા. એ જોઈ લોકોને ખૂબ આનંદ થયો.

કૃષ્ણની પરાક્રમની વાતો વાયુવેગે મથુરામાં પ્રસરી ગઈ. બન્ને ભાઈઓ સાંજ પડતાં ઉતારે જઈ સૂઈ રહ્યા.

* * *

કંસ તથા તેના પ્રધાનોને ગુપ્તચરોએ બધી વાત કહી સંભળાવી. કંસ ભારે વિમાસણમાં પડી ગયો. ગ્રામજનો અને નગરજનોએ એ ભાઈઓ તરફ જે પ્રેમભાવ બતાવ્યો એ જાણીને કંસને વધારે ચિંતા પેઠી. ભરસભા વચ્ચે એમને મારવામાં રહેલું જોખમ એ સમજી ગયો. તેણે પ્રધાનો સાથે મસલત કરી. અને લોકો ઉશ્કેરાય નહિ એ રીતે બન્ને ભાઈઓને મારી નાખવાની યોજના ઘડી.

સવારમાં સૂર્યોદય થતાં જ મથુરા નગરીના માર્ગો લોકોથી ઊભરાવા લાગ્યા. વ્યાયામશાળામાં રમતગમતના પ્રયોગો થવાના હતા. મલકુસ્તીના દાવ ખેલાવાના હતા. ત્યાં લોકો ટોળે વળ્યા. કૃષ્ણ-બળરામ નવાં વસ્ત્રો ધારણ કરી પોતાના ગોપ મિત્રો સાથે અખાડા તરફ ચાલ્યા. બન્ને ભાઈઓ અખાડાના દરવાજા પાસે આવ્યા. તેવામાં સામેથી એક મદોન્મત્ત હાથી દોડતો આવ્યો. કંસનો કુવલયાપીડ નામનો એ હાથી દારુ પીને ગાંડોતૂર બનેલો હતો. લોકો તેને જોતાં જ નાસભાગ કરવા લાગ્યા. કંસે જાણીજોઈને હાથીને ગાંડો કર્યો હતો. કૃષ્ણ-બળદેવ હાથીની સામે સ્વસ્થતાથી ઊભા રહ્યા. જેવો હાથી નજીક આવ્યો એટલે બળદેવે બે હાથ પહોળા કરી એની સૂંઢને બાથ ભીડી લીધી અને કૃષ્ણ પાછળ જઈ તેનું પૂંછડું પકડી કૂદકો મારીને ઉપર ચડી ગયા. માવતના હાથમાંથી અંકુશ ઝૂંટવી લઈ તેને નીચે ફેંકી દીધો અને કૃષ્ણ હાથીના કુંભસ્થળમાં જોરથી અંકુશ મારવા લાગ્યા. હાથી ચિત્કાર કરતો આમથી તેમ દોડવા લાગ્યો. બળદેવ તેની સૂંઢ પકડી આમથી તેમ ઘૂમાવવા લાગ્યા. એટલે હાથીએ બળદેવને જોરથી સૂંઢનો ઝટકો મારી દૂર ફેંકી દીધા અને દંતુશળથી મારવા ધસ્યો, તેવા જ બળરામ ખસી ગયા. એટલે દંતુશળ જમીનમાં ઘુસી ગયાં. હાથી તે ખેંચવા ગયો ત્યાં દંતુશળ ઉખડી ગયાં. વેદનાથી ચીસ નાખી હાથી તમ્મર ખાઈ પડી ગયો. કૃષ્ણ બાજુ ઉપર કૂદી પડ્યા અને તરત જ એ દંતુશળવડે જ બન્ને ભાઈઓએ હાથીને પૂરો કર્યો.

કૃષ્ણ-બળરામનું આ અદભુત પરાક્રમ જોઈને લોકો હર્ષનાદ કરવા લાગ્યા. લોહી ટપકતા દંતુશળ ખંભે રાખીને બન્ને ભાઈઓ અખાડામાં દાખલ થયા. એ વખતે તેમનો દેખાવ વિકરાળ બની ગયો હતો. વ્યાયામશાળામાં પ્રવેશ કરતાં જ ચાણુર અને મુષ્ટિક નામના બે મલ્લો ખંભા ઠપકારીને તેમની સામે આવ્યા અને પોતાની સાથે કુસ્તી ખેલવા પડકાર કર્યો. બન્ને ભાઈઓએ એ પડકાર ઝીલી લીધો. દંતુશળ ફેંકી દીધાં. કપડાં ઉતાર્યાં અને સાથળ ઠપકારી મલકુસ્તીને માટે તૈયાર થઈ ગયા. હજારો પ્રેક્ષકો એ મલયુદ્ધ જોવા એકત્ર થયા હતા. ગ્રામજનો, નગરજનો, કંસ અને તેના પ્રધાનો સૌ કોઈ એ ભીષણ યુદ્ધ જોઈ રહ્યાં. એક બાજુ સુકુમાર લાગતા બે ગોપજુવાનો અને બીજી બાજુ કુસ્તીબાજ કદાવર બે મલ્લો ! શ્રીકૃષ્ણ ચાણુર સાથે અને બળરામ મુષ્ટિક સાથે મલ્લયુદ્ધ લડવા લાગ્યા. કૃષ્ણમાં ચાણુર જેટલું બળ ન હતું પણ તેમની ચપળતા અને કુશળતા ભારે હતી. સૌથી વિશેષ તેમનો આત્મવિશ્વાસ અજબ હતો. સ્વાભાવિક રીતે જ લોકોની સહાનુભૂતિ કૃષ્ણ-બળરામ તરફ હતી. કૃષ્ણે ચાણુરને બેત્રણ વાર ઊંચે ઉપાડીને નીચે પછાડ્યો. તેવી જ રીતે બળરામ મુષ્ટિક સાથે ભારે મલ્લયુદ્ધ ખેલી રહ્યા હતા. બળમાં બન્ને સરખા હતા. કોઈ વાર બળરામ મુષ્ટિકને પછાડી ઉપર ચડી બેસતા હતા, તો કોઈ વાર મુષ્ટિક બળરામને પછાડી દેતો હતો. કૃષ્ણ અને ચાણુર વચ્ચે પણ એવું જ તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું. મલ્લ ઉપર માર પડતો ત્યારે લોકો હર્ષના પોકારો કરતા હતા અને કંસ ભયભીત બની જતો હતો. આખરે શ્રીકૃષ્ણે કુશળતાથી ચાણુરના બન્ને પગ પકડી લીધા અને તેને ઊંચો ઉપાડી, માથે ફેરવી નીચે પછાડ્યો, તેવા જ તેના પ્રાણ નીકળી ગયા. અને બળરામ પણ મુષ્ટિકને પછાડી તેની છાતી ઉપર ચઢી બેઠા. અને બે હાથે તેનું ગળું એટલાં જોરથી દબાવ્યું કે એની જીભ તેના પ્રાણ સાથે બહાર નીકળી પડી.

કંસે મલ્લોને મરતા જોયા એટલે તે હેબતાઈ ગયો. તેણે વસુદેવનો વધ કરવાની આજ્ઞા આપી. પણ, તે જ વખતે શ્રીકૃષ્ણ વકરેલા વાઘની માફક કંસની ઉપર ધસી આવ્યા. એ વખતે એમનો ચહેરો વિકરાળ લાગતો હતો. આંખોમાંથી આગ ઝરતી હતી. સિંહની માફક છલંગ મારી તેઓ માંચડા ઉપર કૂદ્યા, અને કંસને બાવડે ઝાલી ત્યાંથી નીચે ફેંક્યો અને પોતે તેની ઉપર કૂદી પડ્યા, તેવા જ કંસના પ્રાણ નીકળી ગયા. એ વખતે હાહાકાર મચી ગયો. કંસના નાનાભાઈઓ કૃષ્ણને મારવા દોડ્યા. બલરામે પોતાના મૂશળથી એકલે હાથે એ બધાને પૂરા કર્યા. લોકોએ હર્ષનાદથી બન્ને ભાઈઓને વધાવી લીધા.

* * * *

કંસના પિતા ઉગ્રસેનને શ્રીકૃષ્ણે બંદીખાનેથી મુક્ત કરી રાજગાદીએ બેસાડ્યા. તેથી પ્રજાજનો ખૂબ રાજી થયા. વસુદેવ-દેવકીને શ્રીકૃષ્ણે જાતે જઈને બંદીખાનેથી મુક્ત કર્યાં. વસુદેવે કૃષ્ણને બાથમાં લીધા. દેવકીએ કૃષ્ણને છાતી સરસા ચાંપ્યા અને તેનું મસ્તક આંસુથી ભીંજવી દીધું. આ અદભુત દશ્ય જોઈને લોકોને અપાર આનંદ થયો. માતા દેવકી અને મથુરાનગરીની જેમ સમસ્ત પૃથ્વીનો ભાર તે દિવસે હળવો થયો. શ્રીકૃષ્ણના અવતારકૃત્યનો પ્રારંભ કંસવધથી થયો.

# ૧૮

# સાંદીપની ગુરુને ઘેર

કૃષ્ણ-બળરામ નાનપણમાં ગોકુળમાં મોટા થયા તેથી તેમને વિદ્યાભ્યાસની કશી સગવડ મળી ન હતી. તેમ જ ક્ષત્રિય તરીકેના કોઈ સંસ્કાર થયા ન હતા. તેથી વસુદેવે બન્ને ભાઈઓને ઉપવિત ધારણ કરાવ્યું અને ઉજ્જયિનીમાં રહેતા સાંદીપની મુનિને ઘેર વિદ્યાભ્યાસ માટે મોકલ્યા.

સાંદીપની પવિત્ર અને વિદ્વાન બ્રાહ્મણ હતા. તેમને ઘેર દૂર-દૂરથી અનેક વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ કરવા આવતા હતા. કૃષ્ણ-બળરામની જેમ સૌરાષ્ટ્રને સમુદ્રકિનારેથી સુદામા નામનો એક બ્રાહ્મણ વિદ્યાર્થી પણ અભ્યાસઅર્થે આવ્યો હતો. કૃષ્ણથી તે ઉંમરમાં મોટો હતો. વાત્સલ્યભાવથી ભરેલો સુદામા કૃષ્ણ-બલરામને પ્રેમપૂર્વક સાચવતો અને અભ્યાસમાં પણ મદદ કરતો. આશ્રમનાં બધાં કામ દરેક વિદ્યાર્થીએ જાતે કરવાં પડતાં.

એક વાર સાંદીપની બહારગામ ગયા હતા તે વખતે ગુરુપત્નીએ કૃષ્ણ-સુદામાને સમિધ લેવા વનમાં મોકલ્યા. બન્ને ખૂબ દૂર નીકળી ગયા. લાકડાં કાપી તેના ભારા બાંધ્યા એવામાં એકાએક મૂશળધાર વરસાદ તૂટી પડયો. પવનનું વાવાઝોડું અને વીજળીના કડાકા થવા લાગ્યા. બન્ને વરસાદમાં ભીંજાઈને તરબોળ થઈ ગયા. કોઈ દિશા સૂઝે નહિ. વડના એક મોટા વૃક્ષની નીચે બન્ને પછેડી ઓઢીને ટાઢે ધ્રૂજતા બેસી રહ્યાં.

આ બાજુ ગુરુ ઘેર આવ્યા ને ગોરાણીને પૂછયું કે, 'કૃષ્ણ-સુદામા કેમ દેખાતા નથી ?' ગોરાણી કહે: 'લાકડાં લેવા ગયા છે.'

'પણ આવા વરસાદમાં તમે કેમ મોકલ્યા ?'

'એ વખતે વરસાદ ન હતો.'

સાંદીપનીને બન્ને શિષ્યોની ખૂબ ચિંતા થવા લાગી. અને તરત જ તેઓ તેમની શોધમાં નીકળ્યા. વરસાદમાં ગુરૂએ વન-વન ભટકીને કૃષ્ણ-સુદામાને શોધી કાઢ્યા. તેમને છાતીએ ચાંપ્યા અને ઘરે લઈ આવ્યા. ગોરાણીને સખત ઠપકો આપ્યો.

થોડા વખતમાં કૃષ્ણ-બલરામે વિદ્યાભ્યાસ પૂરો કર્યો. સાંદીપનીને ગુરુદક્ષિણા માગવા કહ્યું. ગુરુ તો કંઈ ન બોલ્યા પણ ગોરાણીમાએ કહ્યું: "તમે સમર્થ છો. તમારી શકિત વિષે તમારા ગુરુને ભારે માન છે, તો તમે મારો ખોવાયેલો પુત્ર લાવી આપો."

ગોરાણીના વચનો સાંભળી શ્રીકૃષ્ણ-બલરામ ગુરુપુત્રને શોધવા નીકળ્યા. શોધ કરતાં કરતાં તેમને ખબર મળ્યા કે સાગર તીરે રહેતો પંચજન નામનો શંખાસુર તેને છાનોમાનો ઉપાડી ગયો છે. શ્રીકૃષ્ણ શંખાસુરના સ્થાનકે પહોંચ્યા અને તેની સાથે યુદ્ધ કરી અસુરને મારી નાખ્યો અને ગુરુપુત્રને છોડાવી લાવ્યા. સાંદીપની અને તેમનાં પત્નીના આશીર્વાદ લઈ કૃષ્ણ-બલરામ ઘેર આવ્યા.

# ૧૯

# દ્વારકાધીશની પટરાણીઓ

શ્રીકૃષ્ણે સમુદ્રકિનારે સુંદર રાજધાની બનાવી. સુશોભિત કોટકિલ્લાને કાંગરા, એકસરખી હારબંધ ઝરૂખાવાળી હવેલીઓ, બવળી બજાર, પહોળા રસ્તા, એવી ઈંદ્રની અમરાવતી જેવી રાજધાની ખડી કરી. ઓખા મંડળના રાજા રૈવતે પોતાની રેવતી નામની કન્યા બળદેવજીને પરણાવી. એટલે યાદવો અને ઓખા-મંડળનો રાજા સંબંધી બન્યા. તેમણે આખા પ્રદેશને પોતાના પુરુ-ષાર્થથી ફળદ્રુપ બનાવી. બળદેવ અને યાદવો સુખ શાંતિથી રહેવા લાગ્યા.

પરંતુ શ્રીકૃષ્ણના ભાગ્યમાં સુખ કે શાંતિ ન હતાં. તેમનો જન્મ જ બીજાના દુઃખે દુઃખી થવા માટે હતો. એક વાર શ્રીકૃષ્ણનો દરબાર ભરાયો છે તે વખતે વિદર્ભના ભીષ્મક રાજાની પુત્રી રૂક્ષ્મણીનો સંદેશો લઈને એક બ્રાહ્મણ આવી પહોંચ્યો. શ્રીકૃષ્ણે રૂક્ષ્મણીનો ગુપ્ત સંદેશ વાંચ્યો અને તેમનું હસતું મુખ એકદમ ગંભીર બની ગયું. તેઓ કચેરીમાંથી ઊઠીને મહેલમાં ગયા. બળદેવજી તથા પ્રધાનોને રાજ્યની ભલામણ કરી. દારુક સારથીને લઈ રથમાં બેસી વિદર્ભના કુંડિનપુર તરફ ચાલી નીકળ્યા.

વિદર્ભરાજ ભીષ્મકને પાંચ પુત્રો અને એક પુત્રી હતી. મોટો પુત્ર રૂક્મિ બહુ આપમતીલો હતો. રૂક્ષ્મણીને પોતાના મિત્ર શિશુ-પાળ સાથે પરણાવવાનું તેણે નકકી કર્યું હતું. પરંતુ, શિશુપાળ અભિ-માની અને નિર્દય સ્વભાવનો છે એવી વાત રૂક્ષ્મણીને કાને આવેલી. તેથી તેનું મન શિશુપાળ સાથે લગ્ન કરવાનું ન હતું. બીજી બાજુ તેણે શ્રીકૃષ્ણની ખ્યાતિ સાંભળેલી તેથી મનથી એ કૃષ્ણને વરી ચૂકી હતી. શિશુપાળે સારું મુહૂર્ત જોઈ લગ્નની પૂર્વતૈયારીઓ શરૂ કરી એટલે રૂક્ષ્મણીના મનમાં ચિંતા પડી. તેણે પોતાના વિશ્વાસુ રાજ્યગુરુને શ્રીકૃષ્ણ ઉપર પત્ર દ્વારા ગુપ્ત સંદેશો મોકલ્યો. અને તે કૃષ્ણના આગમનની આતુરતાથી રાહ જોવા લાગી.

રોજ સવારસાંજ પૂજાને બહાને તે નગરબહાર રાજવનમાં આવેલા માતાના મંદિરે જાય છે અને દ્વારિકા તરફ એકીટશે નિહાળી રહે છે. મોડે સુધી રાહ જોઈ નિરાશ થઈને ઘેર આવે છે. એને ખાવું ભાવતું નથી ને રાત્રે ઊંઘ આવતી નથી. આ બાજુ લગ્નનું મુહૂર્ત નજીક આવતું જાય છે. નગરની બહાર મોટા તંબૂઓ તાણ્યા છે. રાવટીઓ નાખી છે અને ધામધૂમ ચાલી રહી છે. રૂક્મિનો આનંદ ને ઉત્સાહ ક્યાંય સમાતો નથી.

હમેશના નિયમ પ્રમાણે એક દિવસ સવારે રૂક્ષ્મણી પૂજાનો થાળ લઈને મંદિરે ગઈ. લગ્નની આડો એક જ દિવસ હતો. તેની ધીરજ ખૂટી હતી. તેણે માતાજીને પગે લાગીને કહ્યું કે, 'હે મા ! જો આજે મારો મનનો માનેલો નહિ આવે તો હું અહીં તમારી સામે પેટમાં કટાર ખાઈને પ્રાણ કાઢીશ.'

રૂક્ષ્મણીના ઉદ્‌ગાર પૂરા થયા ન થયા ત્યાં તેણે કોઈનાં ભારે પગલાંનો અવાજ સાંભળ્યો. ચમકીને પાછળ જોયું તો શ્રીકૃષ્ણ ઊભા છે ! રૂક્ષ્મણી તો સ્તબ્ધ બનીને નીરખી રહી. પળનો પણ વિલંબ કર્યા વિના શ્રીકૃષ્ણે તેનો જમણો હાથ પકડયો અને પાછળ રાખેલા રથમાં બેસાડી રથને દ્વારિકાને માર્ગે હાંકી મૂક્યો.

આ બાજુ શિશુપાળ જાન લઈને આવી પહોંચ્યો. તેની સાથે મોટા મોટા મંડલેશ્વરો હતા. રૂક્મિને ખબર પડતાં જ શિશુપાળ વગેરે રાજાઓ સાથે તે કૃષ્ણની પાછળ પડયો. અહીં દ્વારિકામાં બળરામને કૃષ્ણના કુંડિનપુર જવાના ખબર મળવાથી તેઓ યાદવ-સેના સાથે કુંડિનપુર આવી પહોંચ્યા. શિશુપાલના સૈન્ય સાથે યાદવોનું તુમુલ યુદ્ધ મચ્યું. બલરામના અદ્‌ભુત પરાક્રમથી શિશુ-પાલની સેના પરાજીત બની નાસી છૂટી. અને શિશુપાલ પણ હતાશ થઈ રૂક્ષ્મણી હવે નહિ મળે તેમ માની પોતાને દેશ પાછો ફર્યો. પરંતુ રૂક્મિ 'કૃષ્ણને મારીને બેનને લીધા વિના પાછો નહિ ફરું.' એવી પ્રતિજ્ઞા કરીને કૃષ્ણની પાછળ પડયો. શ્રીકૃષ્ણે રૂક્મિને પાછળ આવતો જોઈ રથ ઊભો રાખ્યો અને તે બન્ને વચ્ચે દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું. શ્રીકૃષ્ણે રૂક્મિને નીચે પછાડી એનું માથું ઉડાવી દેવા તલવાર ઉગામી. એ વખતે રૂક્ષ્મણીએ ભાઈને ન મારવા આજીજી કરી. એટલે કૃષ્ણે તેને રથની પાછળ બાંધ્યો ને રથ હાંકી મૂક્યો. એવામાં બલરામ સૈન્ય સહિત આવી પહોંચ્યા. તેમણે રૂક્મિને છૂટો કર્યો અને કૃષ્ણને ઠપકો આપતાં કહ્યું. "હવે એ આપણો સગો થયો છે તેથી એનું આવી રીતે અપમાન કરવું તે યોગ્ય નથી."

પોતાની પ્રતિજ્ઞા અનુસાર રૂક્મિ એ જ સ્થળે ભોજકટ નામનું નગર વસાવી રહ્યો.

દ્વારિકા આવતા રસ્તામાં માધવપુર નામના સ્થળે શ્રીકૃષ્ણ રોકાયા. સાગરતીરે આવેલા એ સુંદર ઉપવનમાં રૂક્ષ્મણી સાથે તેમણે વિધિપૂર્વક લગ્ન કર્યાં.

માધવપુરથી શ્રીકૃષ્ણ દ્વારિકા આવ્યા. રૂક્ષ્મણી શ્રીકૃષ્ણનાં

પ્રથમ પટરાણી બન્યાં. તેનો પુત્ર પ્રદ્યુમ્ન અતિશય સ્વરૂપવાન હતો તેથી તે કામદેવનો અવતાર મનાતો.

* * * *

સત્રાજીત નામના યાદવ સેનાપતિ શ્રીકૃષ્ણના નજીકના સંબંધી અને મિત્ર હતા. તેમની પાસે સ્યમંતક નામનો સૂર્ય જેવો ચમકતો એક મણિ હતો. એ મણિ જ્યાં હોય ત્યાં દુકાળ, મરકી આવી શકતાં નહિ. ભયંકર સર્પનું ઝેર એ મણિની સ્પર્શથી ઊતરી જતું એના વડે અસાધ્ય વ્યાધિ દૂર થતા. એક વાર શ્રીકૃષ્ણે ઉગ્રસેનનો રોગ દૂર કરવા સત્રાજીત પાસે મણિ માગ્યો. પણ તેણે મણિ આપવા ના પાડી. એ જ અરસામાં સત્રાજીતનો ભાઈ પ્રસેન મણિ પહેરીને એક વાર મૃગયા રમવા ગયો. ત્યાં સિંહે તેને ફાડી ખાધો. એ જંગલમાં જાંબુવાન નામનો વનવાસી રહેતો હતો. તેને એ મણિ મળ્યો. તેણે એ મણિ પોતાની પુત્રીની ડોકમાં પહેરાવ્યો.

સત્રાજીતનો ભાઈ શિકારેથી પાછો ન ફર્યો તેથી તેને વહેમ પડયો કે શ્રીકૃષ્ણે જ તેને મણિ માટે મરાવી નાખ્યો. આવું ખોટું આળ આવતાં શ્રીકૃષ્ણ પોતે મણિની શોધમાં નીકળ્યા. તેઓ જાંબુવાનની ગુફા પાસે આવ્યા, ત્યાં તેનો ભેટો થયો. બન્ને વચ્ચે યુદ્ધ થયું. તેમાં જાંબુવાન હાર્યો. તેણે પોતાની પુત્રી જાંબવતી તથા મણિ શ્રીકૃષ્ણને અર્પણ કર્યાં.

જાંબવતીને લઈ શ્રીકૃષ્ણ દ્વારિકા આવ્યા. સત્રાજીતે બનેલી હકીકત સાંભળી ત્યારે જૂઠો આરોપ મૂકવા બદલ તે શરમાયો અને પોતાની પુત્રી સત્યભામા શ્રીકૃષ્ણ સાથે તેણે પરણાવી.

* * * *

દૂર પૂર્વમાં આવેલા પ્રાગજ્યોત્તિષપુર (આસામ) માં ભૌમાસુર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેણે આસપાસના પ્રદેશના અનેક રાજાઓને હરાવી તેની સેંકડો કન્યાઓને કારાવાસમાં પૂરી હતી. એ કેદમાં પૂરાયેલી રાજકન્યાઓને કાને પશ્ચિમ કિનારે દ્વારિકામાં રહેતા રાજા રણછોડરાયની કીર્તિ પહોંચી હતી. 'દ્વારિકાધીશ રણછોડરાય ઘણા સમર્થ પુરુષ છે. અને તે અત્યાચારીઓને સીધા કરે છે અને દુભાયેલા રીબાતા માનવીઓને સહાય કરે છે,' એવી વાત તેમણે સાંભળી હતી. એ રાજકન્યાઓએ શ્રીકૃષ્ણને ગુપ્ત સંદેશ મોકલ્યો અને ભૌમાસુરના હાથમાંથી પોતાને છોડાવવા વિનંતિ કરી.

શ્રીકૃષ્ણ સત્યભામાના મહેલમાં હતા ત્યારે તેમને સંદેશો મળ્યો. તેઓ તરત જ તૈયાર થયા. સત્યભામા કહે 'હું પણ સાથે આવું છું.' શ્રીકૃષ્ણે રાજી થતાં કહ્યું: 'તમે સાથે આવશો તો મારું બળ બમણું થશે.' યાદવસૈન્ય સાથે શ્રીકૃષ્ણ અને સત્યભામા પ્રાગજ્યોતિષપુર ઉપડયા. મજલ-દર-મજલ કરતા અનેક નદીઓ, જંગલો અને પહાડીઓ વટાવતા શ્રીકૃષ્ણ પ્રાગજ્યોતિષપુર પહોંચ્યા.

ભૌમાસુર તો પોતાના મદમાં મસ્ત છે. તેના રાજ્ય ઉપર કોઈ ચડાઈ કરે એવી એને કલ્પના પણ ન હતી. એવામાં અચાનક યાદવસેનાએ હલ્લો કર્યો. ભૌમાસુર નગરમાંથી બહાર નીકળ્યો. કૃષ્ણ સાથે તેનું દ્વંદ્વયુદ્ધ થયું તેમાં ભૌમાસુર મરાયો અને તેનો પુત્ર ભગદત્ત કૃષ્ણને શરણે આવ્યો. તેને અભયવચન આપી રાજગાદીએ બેસાડયો. શ્રીકૃષ્ણે ભૌમાસુરના મહેલમાં પૂરાયેલી રાજકન્યાઓને મુક્ત કરી. તેમને પૂછ્યું: "તમે સૌ જ્યાં જવા ઇચ્છતી હો ત્યાં તમને મોકલી આપું." એટલે એ રાજ કુમારીઓએ કહ્યું: "અમે તો અમારા મુક્તિદાતા શ્રીકૃષ્ણની સાથે જ આવવા માગીએ છીએ." સત્યભામાએ પ્રેમપૂર્વક એ સઘળી રાજકન્યાઓને પોતાની સાથે લીધી.

પાછા ફરતાં માર્ગમાં શ્રીકૃષ્ણ ઇંદ્રના મહેમાન થયેલા. તેના બગીચામાં પારિજાતકનું સુંદર વૃક્ષ હતું. તેના સુકોમળ પુષ્પો અને મીઠી આછી સુવાસ જોઈને સત્યભામાએ કૃષ્ણને કહ્યું: 'આ મનોહર પુષ્પવૃક્ષ મારે જોઈએ.' શ્રીકૃષ્ણે ઇંદ્ર પાસે પારિજાતકની માગણી કરી. પણ ઇંદ્ર તો પોતાને પૃથ્વીના સર્વ રાજાઓ કરતાં શ્રેષ્ઠ માનતો હતો. તેનું અભિમાન આકાશે અડતું હતું. પોતે સ્વર્ગના દેવોનો રાજા. અને કૃષ્ણ તો યાદવકુળના, મથુરાથી નાસીને દ્વારિકા જઈ વસેલા એક ઠાકોર એટલે તેણે પારિજાતક આપવાની ના પાડી. કૃષ્ણને ભારે અપમાન લાગ્યું. તેમણે દ્વંદ્વયુદ્ધનું આહવાન આપ્યું. ઇંદ્ર એને માટે તૈયાર જ હતો. બન્ને તલવાર ખેંચીને લડવા તત્પર બન્યા. દ્વંદ્વયુદ્ધના વિશારદ શ્રીકૃષ્ણે જોતજોતામાં ઇંદ્રને મહાત કર્યો. તેણે હાર કબૂલીને પારિજાતક ભેટ આપ્યું.

શ્રીકૃષ્ણ સત્યભામા તથા આસામની રાજકુમારીઓ સાથે દ્વારિકા આવ્યા. પુરાણકથા પ્રમાણે ભૌમાસુર પાસેથી મુક્ત કરાયેલી એ કન્યાઓની સંખ્યા સોળ હજાર એકસોની હતી. તે દરેકને રહેવાના આવાસ બંધાવી આપ્યા. એ કન્યાઓ શ્રીકૃષ્ણને મનથી વરી ચૂકી હતી તેથી રૂક્મિણી, જાંબવતી, સત્યભામા આદિ અષ્ટ પટરાણી મળીને કૃષ્ણને સોળ હજાર એક સો ને આઠ રાણીઓ હતી એવી માન્યતા પ્રચલિત બની.

## ૨૦

# કૃષ્ણ સુદામા

સૌરાષ્ટ્રના પશ્ચિમ કિનારે સુદામાનો આશ્રમ હતો. તેઓ વિદ્યાર્થીઓને પોતાને ઘેર રાખીને અભ્યાસ કરાવતા. તેમને અજાચકવ્રત હતું. તેઓ કોઈ રાજા કે શ્રીમંત પાસે કશું માગતા નહિ. સામેથી પ્રેમપૂર્વક જે મળે તેમાંથી આશ્રમનો નિભાવ થતો. તેઓ સાચા સંતોષી બ્રાહ્મણ હતા. તેમનાં પત્ની પણ સુશીલ અને પ્રભુપરાયણવૃત્તિનાં હતાં. વિદ્યાર્થીઓને તેઓ પોતાના પુત્રોની જેમ હેતથી સાચવતાં.

સુદામા અધ્યયન અધ્યાપનના કાર્યમાં સદાય મગ્ન રહેતા. આશ્રમનો વ્યવહાર તેમનાં પત્ની ચલાવતાં. એક વાર એ પ્રદેશમાં ભયંકર દુષ્કાળ પડયો. તેથી વિદ્યાર્થીઓ અને બાળકો માટે અન્નવસ્ત્રના સાંસા પડયા. ગોરાણી મુંઝાયાં. તેમણે સુદામાને કહ્યું "તમે તમારા જૂના મિત્ર કૃષ્ણ પાસે દ્વારિકા જાઓ. તે આપણને અવશ્ય સહાય કરશે."

સુદામા બોલ્યા: "પ્રભુ ઉપર વિશ્વાસ રાખો. જેણે દાંત આપ્યા છે તે ચાવણું આપશે. કૃષ્ણ મારા મિત્ર છે તે સાચું, પણ રાજસત્તા મળ્યા પછી માણસને મદ ચડે છે. મિત્ર પાસે માગવા કરતાં મરવું ભલું."

"હું તમને મિત્ર પાસે માગવાનું કહેતી નથી. તમને જોશે ત્યાં જ એ ઉદારચરિત મહાપુરુષ બધું સમજી જશે. એ સામાન્ય માનવી નથી, સૌના મનની વાત જાણનારા અંતરજામી છે. તમે જ કહેતા હતા કે, 'મારો એ મિત્ર દુનિયાનાં દુઃખ ટાળવા જનમ્યો છે.' મને મારાં બાળકો કરતાં આપણા વિદ્યાર્થીઓનું વધારે લાગી આવે છે."

પત્નીની વાત સાંભળીને સુદામા પીગળ્યા અને મળવા જવા તૈયાર થયા. બાળપણનો મિત્ર યાદ આવતાં તેમનું હૈયું હરખાયું. તેમનાં પત્નીએ મિત્રનાં બાળકો માટે થોડા પૌઆ તૈયાર કરી આપ્યા અને સુદામા દ્વારિકા જવા ચાલી નીકળ્યા.

સમુદ્રકિનારે ચાલતાં ચાલતાં સુદામા દ્વારિકા નજીક પહોંચ્યા. બે કોસ દૂરથી દ્વારિકાનો ગઢ દેખાયો. તેનું કાવ્યમય વર્ણન મહાકવિ પ્રેમાનંદે મનોરમ ભાષામાં કર્યું છે:

"કનક કોટ ચળકારા કરે, મણિમય રત્ન જડયાં કાંગરે;
કોઠા કોશિસાં શોભે પર્મ, જેવું વિશ્વકર્માનું કર્મ,
દુર્ગે ધજા ઘણી ફરફરે, દુંદુભિ ઢોલ ત્યાં ગડગડે.
સુદર્શન ફરતું ત્યાં સોહે, ગંભીર નાદ સાગર મન મોહે,
ગોમતી-સાગર સંગમ થાય, ચારે વર્ણ ત્યાં આવી નહાય."

ગોમતી નદી સાગરને મળે છે તે પવિત્ર સ્થળે સુદામાએ સ્નાન કર્યું. ત્યારબાદ પ્રભુનું નામ જપતા તેઓ ઊભી બજારે ચાલતા રાજમહેલને દરવાજે પહોંચ્યા. ભવ્ય પ્રાસાદ જોઈ અટકીને ઊભા રહ્યા. કેવો હતો રણછોડરાયનો એ મહેલ! કવિ પ્રેમાનંદનું જ વર્ણન વાંચીએ:

"હરિ મંદિર આવ્યા ઋષિરાય, રહ્યા ઊભા, નવ ચાલે પાય;
દ્વારપાળ દિગ્પાળ સમાન, ધામ જ્યોત શું દ્વાદશ ભાણ.
શોભે હાટ, ચૌટાં ને ચોક, છજાં ઝરુખા બારી ગોખ;
અટારી જાળી મેડી માળ, જડિત્ર કઠોડા ઝાકઝમાળ.
ચળકે કામ ત્યાં મીનાકારી, શું અમરાપુરી નાખું ઓવારી?
સભામાં સ્ફટિકમણિના થાંભ, થઈ રહ્યો છે નાટારંભ.
મૃદંગ ઉપાંગ મધુરાં તાળ, ગાયે ગુણીજન ગીત રસાળ;
રમકઝમક ત્યાં ઘૂઘરી થાય, તે સુદામોજી જોતા જાય.
ધજા પતાકા કળશ બિરાજે, જાંગડ જાંગડ દુંદુભિ વાજે;
બોલે શરણાઈ ભેર નફેરી, ઉત્સવ મંગળ શેરીએ શેરી.
હરતા ફરતા હીંડે ઘોડા, બાંધ્યા હેમતણા અછોડા;
ડોલે મદગળતા માતંગ, ગજશાળાનો નવલો રંગ.
હેમકળશ ભરી લાવે પાણી, તે દાસી જાણે ઈંદ્રાણી;
છપ્પન કોટિ જાદવની સભા, નવ રાખે દાનવની પ્રભા.
અનંત યોદ્ધા ઊભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર."

સુદામાને દરવાજે ઉભેલા જોઈ એક દ્વારપાળ તેની પાસે આવ્યો અને વિનયપૂર્વક પૂછયું: "મહારાજ! આપને કોનું કામ છે?"

સુદામાએ કહ્યું: "હું કૃષ્ણનો બાલમિત્ર સુદામા છું. તેમને મળવા આવ્યો છું." આ સાંભળી દરવાને હાથ જોડયા અને સુદામાને રાજમહેલમાં લઈ ગયો. શ્રીકૃષ્ણ અંતઃપુરમાં પટરાણીઓ સાથે આનંદપ્રમોદ કરી રહ્યા છે. સુદામા તો બારણા પાસે ઊભા રહ્યા. દાસીએ પૂછયું: "આપને કોનું કામ છે?" સુદામા બોલ્યા: "શ્રીકૃષ્ણને કહો કે તમારો બાલમિત્ર સુદામો આવ્યો છે." દાસી એકદમ અંદર ગઈ અને શ્રીકૃષ્ણને ખબર આપ્યા.

સુદામાનું નામ સાંભળતાં જ કૃષ્ણ ઊભા થઈ ગયા અને દોટ દીધી. ખંભેથી ઉપરણું ખસી ગયું. દોડીને સુદામાને બાથમાં ભીડી લીધા. સુદામાની આંખોમાંથી પ્રેમાશ્રુ વહેવા લાગ્યાં. રાણીઓ સ્તબ્ધ બનીને નીરખી રહી. શ્રીકૃષ્ણને ઘણા મિત્રો મળવા આવતા, પણ આવો ભાવ કોઈ દિવસ જોયો ન હતો.

સુદામાનો હાથ પકડીને કૃષ્ણ ઓરડામાં લઈ આવ્યા. પોતાના પલંગ ઉપર બેસાડયા. ધૂળભર્યા પગ નીચે લટકતા રાખી સુદામા અધૂકડા બેઠા. તેમને બાથમાં લઈ તકિયે બેસાડયા. રૂક્ષ્મિણીને કહ્યું: "તમે જલદી ગરમ પાણી લાવો."

બે રાણીઓ એકી સાથે દોડી. ત્રાંબાકુંડી, પાણી, લોટો, ટુવાલ બધું હાજર થયું. કૃષ્ણે પોતાને હાથે સુદામાના પગ ધોયા અને પીતાંબરથી લૂછયા. રાણીઓ તો આ અલૌકિક પ્રેમ જોઈ જ રહી. સુદામા તો અર્ધા અર્ધા થઈ જાય છે, કૃષ્ણના હાથ પકડી રાખે છે, 'રહેવા દો, હવે બહુ થયું, મને શરમાવો મા !' એવાં વેણ બોલતાં એમનું હૈયું ભરાઈ આવે છે.

બન્ને મિત્રો પલંગ ઉપર બાજુ બાજુમાં બેઠા. એંસી વરસે શ્રીકૃષ્ણનું ભરાવદાર શરીર યુવાનને શરમાવે તેવું મજબૂત અને અલમસ્ત છે. ત્રાંબાવરણા મુખ ઉપર એક પણ રેખા કરમાયેલી નથી. સુદામાના સુકલકડી શરીર ઉપર કૃષ્ણ હાથ ફેરવતાં પૂછવા લાગ્યા: "પણ તમે આમ કેમ દૂબળા પડી ગયા ? તપથી સાવ કાયા સૂકવી નાખી. પરણ્યા છો કે એમને એમ રહ્યા ?"

"ના, લગ્ન તો કર્યાં છે." સુદામા સંકોચથી બોલ્યા. એમનું શરીર સૂકાયેલું હતું પણ આંખોનું તેજ અને ચહેરા ઉપરનો પ્રભાવ જેવો ને તેવો જ હતો.

શ્રીકૃષ્ણે હસતાં હસતાં કહ્યું: "ત્યારે તો અમારાં ભાભી વઢકણાં હશે !"

"હરિ, હરિ, એ તો બહુ ગુણિયલ છે. મારો બધો વહેવાર એ જ ચલાવે છે."

"ત્યારે તો ભાભીએ મારા માટે કંઈક ભાગ મોકલ્યો હશે." આમ કહેતાં સુદામાનો થેલો જોવા લાગ્યા.

સુદામા સંતાડવા જાય છે, પણ કૃષ્ણે તેમના હાથમાંથી તાંદુલની પોટલી લઈ લીધી. "લાવો એક થાળ" કહેતાં કૃષ્ણ પોટલી છોડવા લાગ્યા.

સત્યભામાનું હસવું તો સમાતું નથી. એ દોડીને થાળ લાવ્યાં. કૃષ્ણે ગાંઠો છોડી ત્યાં તો આખો થાળ ભરાયો. પોતે એક મૂઠી લઈને મોંમાં મૂકી. બીજી ભરવા જાય છે એટલે રૂક્ષ્મિણીએ હાથ ઝાલ્યો: "મહારાજ ! હવે અમને આપો. જોઈએ તો ખરાં ભાભીજીના પૌંઆ કેવાક છે !"

સુદામાના ક્ષોભનો પાર ન રહ્યો. પ્રેમથી સૌએ પૌંઆ ખાધા.

ત્યારબાદ સુદામાને સ્નાન કરાવ્યું. જમાડયા. પલંગમાં પોઢાડયા. કૃષ્ણે વીંઝણો નાખ્યા કર્યો. થાક્યાપાક્યા સુદામા તો ઘસઘસાટ ઊંઘી ગયા. એમનો જીવનભરનો શ્રમ ઉતરી ગયો.

પાછલે પહોરે બન્ને મિત્રો ગુરુને ઘેર રહેતા તેની વાતો કરવા લાગ્યા. શ્રીકૃષ્ણ પૂછે છે: "ભાઈ સુદામા ! તમને એ બધું યાદ છે કે ભૂલી ગયા ? આપણે વહેલા ઊઠીને અધ્યયન કરતા, ગાયો દો'તા, ગાયો ચરાવવા જતા."

સુદામા કહે: "મને બધું બરાબર યાદ છે. કશું ભૂલ્યો નથી."

શ્રીકૃષ્ણે કહ્યું "એક વાર આપણને ગોરાણીમાએ લાકડાં લેવા મોકલેલા. ત્યાં વરસાદ તૂટી પડયો ને મેઘલી રાતે આપણે ભૂલા પડેલા. ગુરુજી બહારગામથી આવી આપણને શોધવા નીકળ્યા. આપણને આશ્રમે લઈ જઈ કોરાં વલ્કલ પહેરાવ્યાં, જમાડયા ને પોતાની પર્ણકુટિમાં સૂવાડયા. ગોરાણીમાને ઠપકો આપ્યો. એ બધું તમને સાંભરે છે ને ?"

સુદામા કહે: "આ તમે વાત કરો છો ત્યારે જાણે ગઈ કાલે જ બન્યું હોય એવું મારી નજર સામે તરે છે."

આમ બન્ને મિત્રો બાળપણની વાતો કરતા આનંદમગ્ન બન્યા. શ્રીકૃષ્ણે સુદામાને કેટલાક દિવસ આગ્રહ કરીને રોકયા. પછી સુદામાએ રજા લીધી. કૃષ્ણ દરવાજા સુધી વળાવવા ગયા અને સુદામાએ છૂટા પડતાં આંસુભીની આંખે કૃષ્ણને પોતાને ઘેર આવવા આમંત્રણ આપ્યું અને ભારે હૈયે વિદાય લીધી.

શ્રીકૃષ્ણનો અલૌકિક પ્રેમ યાદ કરતા સુદામા પોતાને ગામ આવ્યા. આશ્રમસ્થાને આવીને જૂએ છે તો ત્યાં સાદી પર્ણકુટિઓને બદલે સુંદર આવાસ જોઈ ભારે નવાઈ પામ્યા. તેમના મનમાં થયું કે, 'હું ભૂલો તો નથી પડયો ને ?' આમ વિચારી ચોતરફ આંટા મારવા લાગ્યા. એવામાં સુદામાનાં પત્નીએ એકાએક તેમને બારીએથી જોયા. હરખભેર નીચે દોડી આવ્યાં સુદામાને પગે લાગ્યાં.

સુંદર વસ્ત્રાભૂષણો ધારણ કરેલાં પોતાનાં પત્નીને જોઈ સુદામા ભારે વિસ્મય પામ્યા. સ્તબ્ધ બનીને તેમની સામે નીરખી રહ્યા.

સુદામાના પત્ની આનંદભર્યા અવાજે બોલ્યાં: "તમારા બાલ-મિત્રની કૃપાથી આપણી પર્ણકુટિઓની જગ્યાએ આશ્રમનાં આ સુંદર મકાનો બન્યાં. આપણાં બધાં દુ:ખ દૂર થયાં છે."

સુદામા મનમાં સમજી ગયા. જેણે ચાર માસમાં પાંડવોની ઈંદ્રપ્રસ્થ જેવી રાજધાની રચી આપી તેને આટલાં મકાનો બનાવતાં શી વાર ? મિત્રની કુશળતા અને પ્રેમનું રહસ્ય તેઓ પામી ગયા. પણ તરત જ તેમણે પોતાનાં પત્નીને કહ્યું: "પ્રભુકૃપાથી આ બધી સંપત્તિ ઊભી થઈ છે તો ભલે, પણ તમને આવાં વસ્ત્રાભૂષણો શોભતાં નથી. સંતોષ એ જ પરમ ધન છે, ત્યાગમાં જ સાચું સુખ

સમાયેલું છે. તમારી ઈચ્છા હોય તો સુખેથી આ આવાસમાં રહો. મને તો આપણી પર્ણકુટિમાં જ આનંદ આવશે." આમ કહી તેઓ પર્ણકુટિ તરફ ચાલ્યા.

એટલામાં તો બાળકો અને વિદ્યાર્થીઓ સૌ વીંટળાઈ વળ્યા. સુદામા સૌને હેતથી મળ્યા. આશ્રમના આંગણામાં વડલાને ઓટલે બેસીને શ્રીકૃષ્ણના પ્રેમની વાતો કરવા લાગ્યા. એટલામાં ગુરુપત્ની આવી પહોંચ્યાં. ચળકતા અલંકારો ઉતારીને સાદાં વસ્ત્રમાં શોભતાં પત્નીની સામે જોતાં જ સુદામાના મુખ ઉપર તેજ પ્રગટયું. આછા સ્મિતથી તેમણે પોતાનો આનંદ વ્યકત કર્યો.

આગળ જતાં એ સ્થાન સુદામાપુરી તરીકે જાણીતું થયું. આજે એને પોરબંદર કહે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મભૂમિ એ જ ભકત સુદામાની સુદામાપુરી.

# ૨૧

# યાદવાસ્થળી

કુરુક્ષેત્રના મેદાનમાં પાંડવ-કૌરવ વચ્ચે મહાભારત યુદ્ધ ખેલાયું. અઢાર દિવસમાં અઢાર અક્ષૌહિણી સેનાનો નાશ થયો. પોતાના બાહુબળનું અભિમાન ધરાવતા ક્ષત્રિયવીરો રણમાં સૂતા. પૃથ્વીનો ભાર ઉતારવાનું શ્રીકૃષ્ણનું અવતારકૃત્ય પૂરું થયું. પરંતુ, કૌરવ-પાંડવના સૈન્યોનો સંહાર કરવામાં જે યાદવો નિમિત્ત બન્યા હતા, તેમનો મદ વધી ગયો. શ્રીકૃષ્ણે યુદ્ધમાં હથિયાર ધારણ કર્યાં ન હતાં તેથી યાદવો પોતાને જ વિજેતા માનવા લાગ્યા. અને કુરુક્ષેત્રમાંથી દ્વારિકા આવ્યા બાદ તેઓ મદિરા, જુગાર આદિ વ્યસનોમાં ફસાયા અને સત્તાના મદથી છકી ગયા. ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહેતા યાદવો પોતાનો વિનાશ નોતરી રહ્યા છે એ વસ્તુ શ્રીકૃષ્ણ જાણતા હતા. પરંતુ, તેમની સલાહ માનવાને ઉન્મત્ત યાદવો તૈયાર ન હતા.

એક વાર થોડા યાદવકુમારો સમુદ્રકિનારે રમતા હતા. ત્યાં શ્રીકૃષ્ણને મળવા આવેલા કેટલાક જ્ઞાની ઋષિઓ સ્નાન કરીને પ્રભુધ્યાન કરી રહ્યા હતા. રાજકુમારોને તેમની મશ્કરી કરવાનું મન થયું. કૃષ્ણના નાના પુત્ર સામ્બને છોકરાઓએ સ્ત્રીનો વેશ પહેરાવ્યો. અને તેને પેલા ઋષિમુનિઓ પાસે લઇ ગયા. એક મોટા છોકરાએ ગંભીર મોઢું રાખી પૂછ્યું:

"મહારાજ ! આ શ્યામકમળ જેવાં નેત્રોવાળી સુંદર સ્ત્રી સગર્ભા છે. તેને પુત્ર આવશે કે પુત્રી ?"

બ્રહ્મજ્ઞાની મુનિ છોકરાઓની મશ્કરી સમજી ગયા. તેમણે રોષમાં આવીને શાપ આપ્યો કે, 'એ સ્ત્રીને પેટ તમારા કુળનો નાશ કરનારું મુશળ જન્મશે.'

મુનિનો શાપ સાંભળતાં જ છોકરાઓ ધ્રુજી ઊઠયા. તેમણે સાંબના પેટ ઉપર બાંધેલાં કપડાં છોડયાં અને તેમાં બાંધેલું મુશળ કાઢયું. તેઓ ગભરાઇને ઉગ્રસેન પાસે ગયા. તેમને ઋષિના શાપની વાત કરી. એટલે ઉગ્રસેને એ મુશળને સમુદ્રકિનારે લઈ જઇ ઘસીને તેનો ભુકો કરી દરિયામાં ફેંકી દેવા કહ્યું.

કુમારો દરિયાકિનારે ગયા અને ઉગ્રસેનની સલાહ મુજબ મુશળને ઘસી નાખ્યું, પણ ઘસતાં ઘસતાં છેવટ સાવ નાનકડો ટુકડો રહ્યો તે એમ ને એમ ફેંકી દીધો.

શ્રીકૃષ્ણને ખબર પડતાં જ તેમણે યાદવ અગ્રણીઓને બોલાવ્યા અને કહ્યું "આ બ્રાહ્મણોનો શાપ નિષ્ફળ જવાનો નથી. આપણા અભિમાનમાંથી પેદા થયેલા આ કુમારો કુળનો વિનાશ કરનારા બન્યા છે. એ પાપનું પ્રાયશ્ચિત કરવા માટે આપણે પવિત્ર પ્રભાસ-તીર્થમાં જઈને રહીએ. ત્યાં દાનપૂન્ય કરીએ. યમનિયમનું પાલન કરી ભવિષ્યનું જીવન સુધારી લઈએ." યાદવોને કૃષ્ણની વાત ગળે ઉતરી. તેઓ પ્રભાસતીર્થમાં જવાની તૈયારી કરવા લાગ્યા.

સાંબનો પ્રસંગ બન્યા પછી શ્રીકૃષ્ણ ગંભીર વિચારમાં નિમગ્ન રહેતા હતા. યાદવોનું ભવિષ્ય જાણતા હોવાથી ચિંતાતુર પણ હતા. એક વાર કૃષ્ણ એકાંતમાં બેઠા હતા તે વખતે ઉદ્ધવ મળવા આવ્યા. તેમણે ગંભીરતાથી ધીમે રહીને નીચેનાં વચનો સંભળાવ્યાં:

"આપ મહાન યોગેશ્વર છો. આટલા ચિંતાતુર મેં તમને કદી જોયા નથી. મહાભારતના યુદ્ધમાં અર્જુનને ગીતાનો ઉપદેશ આપનાર પુરુષોત્તમને ચિંતા શાની ?"

કૃષ્ણ બોલ્યા: "ઉદ્ધવ ! તમારી વાત સાચી છે. પણ મને હવે આ જગતમાં રહેવાની ઇચ્છા નથી. મારું અવતારકૃત્ય પૂરું થયું. આ યાદવો અંદરોઅંદર લડીને નાશ પામશે અને સમૃદ્ધિને શિખરે પહોંચેલી આ સુવર્ણમય દ્વારિકા આજથી સાતમે દિવસે સમુદ્રમાં ડૂબી જશે. તમને પણ મારી સલાહ છે કે તમારે આ સ્થળનો ત્યાગ કરવો. અને સ્થળકાળ, સગાંસંબંધી વગેરેની મમતાનો ત્યાગ કરીને જગતમાં પરિવ્રાજક બનીને વિહરવું."

શ્રીકૃષ્ણે ઉદ્ધવને ભકિતજ્ઞાનનો અંતિમ ઉપદેશ આપી શાંત કર્યા.

* * * *

શ્રીકૃષ્ણની સલાહ અનુસાર સર્વ યાદવો પોતપોતાના રથમાં બેસી પ્રભાસતીર્થ પહોંચ્યા. ત્યાં જઈ તેમણે સમુદ્રસ્નાન કર્યું. અને પછી જમવા બેઠા. ભોજન કર્યા બાદ સૌએ સારી પેઠે મૈરેય નામની મદિરાનું પાન કર્યું. થોડી વારમાં જ તેમની આંખો લાલ બની અને મદિરાના ઘેનમાં તેઓ એકબીજા સાથે જેમ આવે તેમ બકવાટ કરવા લાગ્યા. નાનાંમોટાં, સગાંસંબંધી એવી બધી મર્યાદા જોતજોતામાં લોપાઈ ગઈ. તેઓ સામસામે ગાળાગાળી કરવા લાગ્યા. નદીમાં ઉગેલી નેતરના સોટા જેવી પાન ખેંચીને એક-બીજાને મારવા લાગ્યા. એ પાનની રજ આંખમાં પડવાથી તેઓ અંધ બની ગયા. અને આડું અવળું જોયા વિના જે આવ્યું તેને ઝૂડવા લાગ્યા. કૃષ્ણ-બલરામ વચ્ચે પડી વારવા લાગ્યા તો દારૂ

પીને ગાંડા બનેલા એ યાદવો કૃષ્ણ-બલરામને જ પોતાના શત્રુ માનીને મારવા લાગ્યા. એટલે કૃષ્ણ-બલરામે એ જ નેતર વડે પોતાનો બચાવ કર્યો. આખરે બે ભાઈઓ સિવાયના તમામ યાદવો પ્રભાસતીર્થમાં જ અંદરોઅંદર લડીને નાશ પામ્યા.

આ રીતે યાદવોને મરણ પામેલા જોઈને બળદેવજીને ભારે ખેદ થયો. તેઓ પદ્માસન વાળીને સમુદ્રકિનારે ધ્યાનમગ્ન બન્યા. તેમણે પોતાનો પ્રાણ રૂંધીને દેહત્યાગ કર્યો.

કારમા મહાસંહારથી ખિન્ન બનેલા શ્રીકૃષ્ણ પ્રભાસથી સમુદ્રતીરે પૂર્વમાં આગળ ચાલ્યા. ત્યાં એમણે એક વિશાળ પીપળાનું વૃક્ષ જોયું. તેની નીચે તેઓ થડને અઢેલીને વિસામો લેવા પગ ઉપર પગ ચઢાવીને આડા પડ્યા. જગતની સર્વ પ્રકારની માયાથી સાવ અળગા થઈ અર્ધવીંચેલા નેત્રે તેઓ શાંત બનીને સૂતા.

# ૨૨

# મહાપ્રયાણ

શુકદેવજી કહે છેઃ "હે રાજા પરીક્ષિત ! યાદવ કુળનો સંહાર થયા પછી શ્રીકૃષ્ણ શાંત બનીને પીપળાના વૃક્ષ નીચે આરામ લઇ રહ્યા હતા તે વખતે જરા નામના પારધિએ તેમને દૂરથી જોયા. તેના મનમાં થયું કે ઝાડ નીચે કોઇ હરણ ઊભું છે. એટલે તેણે નિશાન તાકીને તીર માર્યું. તે તીર કૃષ્ણના પગ સોંસરવું નીકળી ગયું. પારધિએ પાસે આવી જોયું તો કૃષ્ણને લોહી નીંગળતી દશામાં જોયા. પારધિએ હાથ જોડી પોતાની ભૂલ માટે ક્ષમા માગી. એટલે શ્રીકૃષ્ણ બોલ્યાઃ 'ભાઈ ! તું શોક ન કર. મારા મૃત્યુ માટે નિમિત્ત બનીને તેં શુભ કામ કર્યું છે. તારું કલ્યાણ થાઓ.'

"સાંબના મુશળમાંથી જે કટકો વધેલો તેનું જ એ પારધિના બાણનું ફળું બનેલું હતું. એવામાં દારુક સારથી શ્રીકૃષ્ણને શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો. શ્રીકૃષ્ણને જોતાં જ તે રડવા લાગ્યો. તેને સાંત્વન આપતાં શ્રીકૃષ્ણે કહ્યું: 'તું રડ નહિ, શાંત થા. સૌને એક દિવસ આ માર્ગે જવાનું જ છે. મારો જવાનો સમય થયો છે. તું સત્વર દ્વારિકા જા. ત્યાં જઈને માતપિતા તથા વૃદ્ધજનોને યાદવકુળના વિનાશના ખબર આપજે. અને હવે થોડા જ વખતમાં દ્વારિકા પણ સમુદ્રમાં ડૂબી જશે. એટલે તેઓ પુત્રપરિવાર સહિત કુંતા ફોઈ ને પાંડવો પાસે ઈંદ્રપ્રસ્થ પહોંચી જાય તેમ કહેજે.'

દારુક શ્રીકૃષ્ણને પ્રદક્ષિણા કરી આંસુભીની આંખે દ્વારિકા તરફ ચાલ્યો.

અને તે જ વખતે શ્રીકૃષ્ણે પોતાના આત્માને પરમાત્મા સાથે જોડી દેહનો ત્યાગ કર્યો."*

શુકદેવજી બોલ્યાઃ "હે પરીક્ષિત ! દારુકે દ્વારિકા પહોંચીને રાજા ઉગ્રસેન તથા વસુદેવને સમાચાર આપ્યા. તે સાંભળતાં જ બન્ને વૃદ્ધો ભારે આઘાતથી બેહોશ બની ગયા. રાજમહેલમાં રોકકળ થઈ રહી. નગરમાં હાહાકાર મચ્યો. વસુદેવ અને ઉગ્રસેન રાણીઓ તથા યાદવ સ્રીઓને લઇને પ્રભાસ આવ્યાં. યાદવાસ્થળી જામી હતી તેનો ભીષણ દેખાવ જોઇને સૌને કંપારી છૂટી. બળરામ અને શ્રીકૃષ્ણના નિષ્પ્રાણ દેહ જોતાં જ વસુદેવ, દેવકી અને રોહિણી ત્યાં જ ઢળી પડયાં અને તેમના પ્રાણ છૂટી પડયા. રૂક્મિણી આદિ પટરાણીઓ શ્રીકૃષ્ણની ચિતા ઉપર ચડીને સતી થઈ. એ વખતનો કારમો દેખાવ ભીષણ અને હૃદયદ્રાવક હતો."

શુકદેવ મુનિ ઘડીભર શાંત બનીને બેસી રહ્યા. થોડી વાર રહીને નિઃશ્વાસ મૂકતાં બોલ્યાઃ "હે રાજન ! આ બધા સમાચાર ઈંદ્રપ્રસ્થ પહોંચ્યા ત્યારે કુંતામાતા અને પાંડવોનાં દુઃખનો પાર ન રહ્યો. અર્જુન તરત જ દ્વારિકા જવા નીકળ્યો. ત્યાં જઇને અર્જુને સૌને આશ્વાસન આપ્યું અને શ્રીકૃષ્ણ બલરામ તથા મૃત્યુ પામેલા સૌની ઉત્તરક્રિયા કરી. થોડા દિવસ દ્વારિકામાં રહી બાકી રહેલા સ્ત્રી-પરિવારને લઈને અર્જુન ઈંદ્રપ્રસ્થ જવા નીકલ્યો. રસ્તે જતાં અર્જુનને ભયંકર લુંટારાઓનો ભેટો થયો. અને તેઓ અર્જુનને હરાવી યાદવ સ્ત્રીઓને ઉપાડી ગયા.

"અર્જુન ભાંગેલે હૈયે હતાશ બનીને ઈંદ્રપ્રસ્થ આવ્યો. કુંતાજીના ખોળામાં માથું મૂકીને તે નાના બાળકની માફક રડી પડયો. યુધિષ્ઠિરે તેને ધીરજ આપી શાંત કર્યો. ત્યારે એના મોંમાંથી શબ્દો સરી પડયાઃ

'એ જ ધનુષ, એ જ બાણ, એ જ રથ અને એ જ ઘોડા હતા અને મહામંડળેશ્વરો જેને ચરણે નમતા એવો એ જ હું અર્જુન હતો. છતાં જંગલમાં વસતા ચોરલુંટારાથી હું લૂંટાઈ ગયો. એ સારથી વિનાનો અર્જુન કશી વિસાતમાં નથી એનું મને ત્યારે ભાન થયું.'

"શ્રીકૃષ્ણના મહાપ્રયાણથી કુંતામાતા અને પાંડવો પણ અત્યંત ખિન્ન બન્યા અને અભિમન્યુના પુત્ર એવા તમને (પરીક્ષિતને) ઈંદ્રપ્રસ્થની ગાદી સોંપી હિમાલયના અરણ્યોમાં ચાલી નીકળ્યા."

## ઉપસંહાર

મુનિ શુકદેવજીએ સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવતકથા કહી સંભળાવી. એ સાંભળીને પરીક્ષિતનો મૃત્યુનો ભય દૂર થયો. તક્ષક નાગ પણ એ કથા સાંભળતો હતો. તેનો વેરભાવ દૂર થયો. સાત દિવસ સુધી શુકદેવ મુનિના મુખેથી વહી રહેલો અમૃતપ્રવાહ શ્રોતાજનોનાં હૃદયને પાવન કરી રહ્યો. સેંકડો વર્ષો વીત્યાં છતાં આજે પણ ભારતવર્ષમાં ગામેગામ શ્રીમદ્ ભાગવત પારાયણ વંચાય છે અને ભાવિક જનોને જીવનનું ભાથું તેમાંથી પ્રાપ્ત થાય છે.

* સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે પ્રભાસપાટણ પાસે આવેલો પ્રાચીનો પીપળો આજે પણ શ્રીકૃષ્ણના દેહોત્સર્ગનું પવિત્ર તીર્થ મનાય છે.

# ઉપનિષદ કથાઓ

## ૧

# શ્વેતકેતુ

મોતી જેવા નિર્મળ નીરે ખળખળ વહી જતી નદી, કિનારે ઝૂકી રહેલાં વડ, આંબા અને જાંબુડાનાં વૃક્ષો; એવા ઉપવનસમા મનોરમ સ્થાનમાં એક ઉદ્દાલક નામનો બ્રાહ્મણ વસતો હતો. એ આત્મજ્ઞાની હતો. પવિત્ર, મહેનતુ અને ઈશ્વરપરાયણ જીવન ગાળનારો હતો. તેને શ્વેતકેતુ નામે પુત્ર હતો. જનોઈ આપ્યા બાદ બ્રાહ્મણપુત્ર ગુરુને ઘેર વિદ્યાભ્યાસ કરવા જાય એવો સામાન્ય નિયમ હતો. પરંતુ શ્વેતકેતુને ભણવામાં મન ન હતું. બાર વર્ષનો થયો તોપણ તે ગુરુકુળમાં ગયો નહિ. તેથી તેના પિતાએ પ્રેમપૂર્વક મીઠો ઠપકો આપ્યો: "આપણા કુળમાં કોઈ અભણ નથી. તું એક અભણ રહીશ તે ઠીક લાગશે ?"

ચહેરા પર દેખાતું હતું. એ જોઈ એના પિતાને ભારે દુ:ખ થયું.

શિક્ષણનું પ્રધાન લક્ષણ નમ્રતા છે. વિદ્યા વિનયથી શોભે છે. આ વસ્તુ સુશિક્ષિત ગણાતાં યુવક-યુવતીઓમાં જ્યારે નથી દેખાતી ત્યારે માતાપિતા અને ગુરુને ભારે ખેદ થાય છે. ઉદ્દાલકને પણ એમ જ થયું. ઉદ્દાલક ઘણો ડાહ્યો ને વિચારશીલ હતો. તેણે પોતાના પ્રેમબળે પુત્રનો ગર્વ ગાળવાનું નક્કી કર્યું.

અત્યંત વાત્સલ્યભાવે શ્વેતકેતુને પડખામાં લઈ તેણે પૂછ્યું: "બેટા, તેં ઘણી વિદ્યા પ્રાપ્ત કરી જણાય છે. કઠિન શાસ્ત્રોમાં તું પારંગત બન્યો છે. મારા મનમાં એક પ્રશ્ન ઘોળાય છે તેનો મને ઉત્તર આપ."



પિતાના હૈયાની વેદના શ્વેતકેતુ સમજી શક્યો. અને ગુરુને ઘેર વિદ્યા ભણવા ગયો. બાર વર્ષ પર્યંત ગુરુકુળમાં રહી શ્વેતકેતુએ વિદ્યા પ્રાપ્ત કરી. સર્વ શાસ્ત્રમાં પારંગત થઈ તે ઘેર આવ્યો. પણ પાંડિત્યની સાથે તે વિદ્યાનું અભિમાન લેતો આવ્યો. એના પિતા વિદ્વાન અને આત્મજ્ઞાની હતા. છતાં પોતે પિતા કરતાંયે વધારે મોટો પંડિત હોય એવું ગુમાન તેના ગર્વિષ્ઠ

"આપ ગમે તે પ્રશ્ન પૂછો." શ્વેતકેતુએ ગળું ખંખારીને કહ્યું.

"બેટા, એવી કઈ વસ્તુ હશે જે એક જાણવાથી તેમાં જાણવા જેવું બધું જ આવી જાય ?"

શ્વેતકેતુ મશ્કરીભર્યું હાસ્ય કરીને બોલ્યો: "ક્ષમા કરજો, પિતાજી, આપનો પ્રશ્ન વિચિત્ર છે. આટલું બધું અનંત જ્ઞાન કોઈ એક વસ્તુમાં શી રીતે સમાઈ જાય ? સાવ નાના બાળક જેવો સવાલ

આપે પૂછ્યો છે."

"હશે બેટા, વૃદ્ધ અને બાળકો સરખાં જ ગણાય. પણ હું જ તને સામો સવાલ પૂછીને સમજાવું. જો આ માટી છે. જે એના સઘળા ગુણ જાણે તે એમાંથી બનતા પદાર્થો—ગોળો, ઘડો, ઈંટ, કોડિયાં વગેરેને જાણે કે નહીં ?"

"જરૂર જાણે." શ્વેતકેતુ જરા નરમ પડી બોલ્યો.

"તેવી જ રીતે લોખંડના ગુણધર્મ જાણનાર તેમાંથી બનતા પદાર્થો વિશે જાણે કે નહિ ?"

"જાણે જ તો."

"અને સોનાનો પારેખ આભૂષણનું જ્ઞાન ધરાવે ખરો ?"

"જી, હા."

"ત્યારે આ સર્વ સૃષ્ટિના સરજનહાર પરમાત્માને જાણનાર સકળ વિશ્વનું સર્વજ્ઞાન પામ્યો છે એમ માની શકાય ?"

શ્વેતકેતુની આંખોમાં ઝળઝળિયાં આવ્યાં. એનું અભિમાન ઓગળી ગયું. હર્ષાશ્રુ ખાળતાં એ ગદ્ગદ કંઠે બોલ્યો: "બાપુ, મને આવું જ્ઞાન ગુરુએ આપ્યું નથી."

"નમ્રતા વડે આત્મજ્ઞાન મેળવી શકાય છે. ગુરુના જીવનમાંથી એ પ્રાપ્ત કરવાનું હોય છે." ઉદ્દાલકે કહ્યું.

શ્વેતકેતુ જમીન સામે નીરખી રહ્યો. થોડી વારે નજર ઊંચી કરીને બોલ્યો: "આપ જ મને એ વસ્તુનું જ્ઞાન આપો." આમ કહી શ્વેતકેતુએ પ્રશ્ન કર્યો: "જગતની સર્વ વસ્તુમાં ઈશ્વર વસેલો છે. તો શું એ તમામ પદાર્થને પરમેશ્વર ગણી શકાય ?"

"ના એમ નથી. જા સામેના વડલામાંથી એક ટેટો લઈ આવ."

શ્વેતકેતુ ટેટો લાવ્યો. ઉદ્દાલકે તેને ખોલીને કહ્યું:

"જો, આમાં અસંખ્ય કણ દેખાય છે અને એ કણના વિભાગ થઈ શકતા નથી. છતાં, એમાં આવડો મોટો આખો વડ સમાયેલો છે. પણ આ બધાં દૃષ્ટાંતો અધૂરાં છે. પરમેશ્વરને ઓળખવા માટે શબ્દ કે શબ્દ વડે રચેલા રૂપક અપૂર્ણ છે. તે મન કે બુદ્ધિથી જાણી શકાતો નથી. કેવળ આત્માથી અનુભવી શકાય છે."

"તે શી રીતે ?" શ્વેતકેતુએ અત્યંત જિજ્ઞાસુભાવે પૂછ્યું.

ઉદ્દાલક પુત્રની આવી જિજ્ઞાસાવૃત્તિથી પ્રસન્ન થયો. સર્વ શાસ્ત્રોમાં પારંગત એવા વિદ્વાન પુત્રની નમ્રતાથી તેને રસ જાગ્યો. પણ તેણે વાણીથી નહિ, પ્રત્યક્ષ દૃષ્ટાંતથી જ સમજાવવાનું શરૂ કર્યું.

એક વાસણમાં પાણી લઈ, તેમાં ચપટી મીઠું નાખી ઉદ્દાલકે કહ્યું: "આ પાણી ચાખી જો."

શ્વેતકેતુએ અંજલિ ભરી ચાખ્યું અને કહ્યું: "ખારું લાગે છે."

"નીચેથી ચાખ વચ્ચેથી ચાખ."

શ્વેતકેતુ કહે, "દરેક જગ્યાએથી ખારું લાગે છે."

"એ પ્રમાણે જ ઈશ્વર આ વિશ્વમાં વ્યાપી રહ્યો છે. એ નજરે દેખાતો નથી, છતાં અનુભવી શકાય છે."



# ૨

# નચિકેતા

નચિકેતા નામનો એક બાળક હતો. તેના પિતાએ એક મોટો યજ્ઞ આદર્યો. તેમાં તેણે બ્રાહ્મણોને દાનમાં ગાયો આપવા માંડી. પણ એ ગાયો નબળી, લૂલી-લંગડી, વસૂકી ગયેલી હતી. તેથી નચિકેતાએ તેના બાપુને કહ્યું: "આ શું બાપુ, આવી નમાલી ગાયો શા માટે દાનમાં આપો છો ? દાન તો પ્રિયમાં પ્રિય વસ્તુનું કરવું જોઇએ. આ કાંઇ સાચો યજ્ઞ ન ગણાય."

બે ત્રણ વાર આમ નચિકેતાએ કહ્યું તેથી તેના પિતાને રીસ ચડી. તે ક્રોધથી બોલ્યા: "મને સૌથી વહાલો તો તું છે."

"તો મને જ દાનમાં આપી દો."

"એમ, જા ત્યારે, તનેય દાનમાં આપું છું."

"પણ મને કોને આપો છો ?"

"કોને શું, યમરાજાને !"

"ભલે, ખુશીથી હું યમરાજાને ત્યાં જઈશ."

નચિકેતાએ વિચાર કર્યો કે યમ મૃત્યુના દેવ છે. એમનાથી ડરવા જેવું કશું નથી. નચિકેતા યમરાજને ઘેર જવા તૈયાર થયો. તેના બાપુએ મંત્ર બોલી તેને યમને અર્પણ કર્યો.

નચિકેતા તો યમને ઘેર જઇ ઊભો રહ્યો. પરંતુ યમરાજ ઘેર ન હતા. એટલે એ બારણા પાસે બેઠો. ત્રણ દિવસ એ દરવાજે બેસી રહ્યો. યમરાજ ઘેર આવ્યા અને આંગણે આવેલા અતિથિને ત્રણ દિવસ ભૂખ્યો-તરસ્યો બેસી રહેલો જોઈ દુ:ખી થયા. તેમણે નચિકેતાની ક્ષમા માગી: "મારી ગેરહાજરીમાં તારા જેવા બાળકને ભૂખ-તરસ વેઠવી પડી તેથી મને ઘણું દુ:ખ થાય છે. તારો યોગ્ય આદર-સત્કાર થઇ શક્યો નહિ તેના બદલામાં તું ત્રણ વરદાન માગી લે."

નચિકેતાએ યમની ઈચ્છાનુસાર ત્રણ વરદાન માગ્યાં:

'પહેલું, મારા બાપુ મારી ઉપર વિના કારણ ક્રોધે ભરાયા છે તેમનો ક્રોધ શાંત થાય."


યમરાજ: "તથાસ્તુ."

નચિકેતા: "બીજું, સ્વર્ગમાં અગ્નિનું માહાત્મ્ય ને સ્વરૂપ કેવું છે ?"

યમરાજ: "સ્વર્ગમાં જ નહિ, ત્રણે લોકમાં જે કંઈ પ્રકાશમય છે, તેજસ્વી છે, ચેતનમય છે, તેનો સ્વામી અગ્નિ છે."

નચિકેતા: "ત્રીજું, મરણ પામ્યા પછી માણસનું શું થાય છે ? તેના દેહમાં રહેલાં તમામ તત્ત્વો, જીવ, આત્મા, એ રહે છે કે શરીર સાથે નાશ પામે છે ? રહેતાં હોય તો ક્યાં રહે છે ? એનું સ્વરૂપ સમજાવો."

યમરાજ ત્રીજું વરદાન સાંભળી જરા વિચારમાં પડી ગયા. તેમણે કહ્યું: "આ વસ્તુ સમજવી અઘરી છે. તારી ઉંમર નાની છે.



સમજણ કાચી છે. એટલે તેને બદલે તારે જે કંઈ વસ્તુ જોઈએ તે માગી લે. તું કહે તો સુંદર ઘોડા આપું, ઝૂલતા હાથી આપું, શણગારેલા રથ આપું, મોટા રાજમહેલ આપું, ધનસંપત્તિ, સુંદર શરીર, લાંબું આયુષ્ય એમાંનું જે જોઈએ તે માગી લે."

નચિકેતા કહે, "દેવ, મને તમે લોભાવો મા. મારે એમાંનું કંઈ નથી જોઈતું. નામ તેનો નાશ. એ બધી વસ્તુ નાશવંત છે. મારે તો એ જાણવું છે કે આ નાશવંત દેહ માટીમાં મળી ગયા પછી તેમાં રહેલા આત્માનું શું થાય છે ? એ આત્મા શું છે ? એટલું જ મારે જાણવું છે. બીજી કોઈ વસ્તુમાં મને રસ નથી."

નચિકેતાની જિજ્ઞાસા જાણી યમરાજ બહુ રાજી થયા. તેમણે કહ્યું: "ઠીક ત્યારે, સાંભળ. આ જગતમાં મનુષ્યની સામે રોજ બે વસ્તુ આવીને ઊભી રહે છે: શ્રેય અને પ્રેય. શ્રેય એટલે કલ્યાણકારી અને પ્રેય એટલે મનગમતી. મોટા ભાગના માણસો મનને લોભાવનારી, ક્ષણિક સુખ આપનારી, રૂપાળી વસ્તુઓ પસંદ કરે છે. જ્યારે વિવેકી પુરુષો કલ્યાણકારી વસ્તુ પસંદ કરે છે. તને દુન્યવી સુખની વસ્તુઓની લાલચ બતાવી પણ તેમાં તું ન ફસાયો, તેથી હું બહુ રાજી થયો છું. આત્માનું જ્ઞાન મેળવવું સહેલું નથી. વાત કરવાથી તે સમજાતું નથી. જ્ઞાની પુરુષોએ તેને સમજાવવા માટે અનેક ઉપમાઓ આપી છે. તેમાં દેહ અને આત્માનો સંબંધ કેવો છે તે બતાવ્યું છે. આ શરીર તે રથ. એ રથમાં બેઠેલો પુરુષ તે આત્મા. રથનો સારથિ બુદ્ધિ. મન એ લગામ. ઈંદ્રિયો ઘોડા. એ ઘોડાની દોડ મનની કામના તરફ હોય છે. એ બેફામ ન બની જાય અને રથને તથા અંદર બેસનારને આડે રસ્તે ન લઈ જાય તે માટે સારથિ કુશળ જોઈએ. વિવેકબુદ્ધિને સારથિ કહી છે. વિવેકી માણસ આત્માને કલ્યાણમાર્ગે દોરી શકે. પણ વિવેક પ્રગટવા માટે સાધન શું ? ઈશ્વરભક્તિ, આત્મપરાયણતા. આત્માને ઉંમર હોતી નથી. એને વય લાગતી નથી. નચિકેતા, તારો દેહ બાળકનો છે. પણ તારો આત્મા જ્ઞાનવૃદ્ધ છે. હવે તું સુખેથી તારા પિતા પાસે જા. એ તારી ઉપર ખૂબ પ્રસન્ન થશે અને તારા જેવા પુત્રથી એનું પણ કલ્યાણ થશે."

નચિકેતા યમરાજને પ્રણામ કરી, તેમના આશીર્વાદ લઈ ઘેર આવ્યો.



## ૩

# સત્યકામ જાબાલ

વિશાળ વટવૃક્ષની છાયામાં ગૌતમ ઋષિ શિષ્યોને વિદ્યાભ્યાસ કરાવી રહ્યા હતા. વેદના મંત્રોચ્ચારથી આશ્રમનું વાતાવરણ ગુંજી રહ્યું હતું. એ વખતે એક કિશોર આવીને ગુરુને ચરણે નમ્યો. જમાણો હાથ લાંબો કરી આશીર્વાદ આપતાં ઋષિએ સુકુમાર કિશોરના મુખ ઉપર ચમકતું તેજ નિહાળ્યું અને તેઓ મુગ્ધ બન્યા. તેમણે ભાવવાહી અવાજે પ્રશ્ન કર્યો:

"ક્યાંથી આવે છે, બેટા ?"

"પાસેના નગરમાંથી આવું છું, ગુરુદેવ !"

"તારું ગોત્ર ?"

"ગોત્રની ખબર નથી."

"પિતાનું નામ ?"

"એ પણ જાણતો નથી. મારી માને ખબર હશે."

યજ્ઞોપવીત ધારણ કરેલા બ્રાહ્મણ શિષ્યોના મુખ ઉપર હાસ્યની લહરી ફેલાઈ ગઈ. પણ ગૌતમ મુનિ એ બાળકના નિર્દોષ ચહેરા સામે અનિમેષ નીરખી રહ્યા. સહાનુભૂતિભર્યા અવાજે તેઓ બોલ્યા:

"બેટા ! તારી માતાને પૂછી આવીશ ?"

"ભલે ગુરુજી !" આમ કહી આવ્યો હતો એવા જ ઉત્સાહથી એ કિશોર પાછો ફર્યો.

* * * *

પોતાના જીવનના આધાર સમા એકના એક પુત્રને આંખોથી અળગો કરતાં માનો જીવ ચાલતો ન હતો. પરંતુ, દીકરો ભણી-ગણીને વિદ્વાન થાય, મહાજ્ઞાની બને, કુળદીપક થાય, એવી અંતરની અભિલાષાથી માતાએ પુત્રને ગુરુકુળમાં મોકલ્યો. તેને વિદાય આપીને એ ઉદાસ બની હતી. જીવનમાં જાણે કશો રસ રહ્યો ન હતો. લાડમાં ઉછરેલા દીકરાને ગુરુકુળમાં ગમશે કે નહિ, એના ખાનપાનની સંભાળ કોણ રાખશે ? આવા અનેક વિચારે એ શૂન્યમનસ્ક બની ગઈ હતી. એવામાં પુત્ર આવીને પગે પડયો. માએ જોતાં વેંત છાતીએ ચાંપ્યો. આંસુભરી આંખે બોલી ઊઠી:


"સારું થયું તું આવતો રહ્યો. તારા વિના મને ક્યાંય ચેન પડતું ન હતું."

"પણ મા, હું તો તને પૂછવા જ આવ્યો છું."

"શું ?" મા પુત્રની સામે તાકી રહી.

"મારું ગોત્ર કયું ? મારા પિતાનું નામ શું ?"

સાંભળતાં જ માતાના મુખની કાન્તિ ઝાંખી પડી. એનાં નેણ



નીચાં ઢળ્યાં.

માતાને ગળે વળગીને પુત્રે વહાલથી પૂછયું:

"કેમ બોલતી નથી, મા ? કહેને, આપણું ગોત્ર કયું ? એ જાણ્યા વિના મને ગુરુકુળમાં પ્રવેશ નહિ મળે."

એકદમ માતાએ ઊંચે જોયું. એની આંખમાં તેજની ચમક આવી. ગળું ખંખારીને એ બોલી:

"બેટા, હું તો એક ગૃહસ્થને ઘેર દાસી હતી. મને ખબર નથી કે તારા પિતા કોણ અને તારું ગોત્ર કયું."

"બસ જાણી લીધું. એમાં તું આટલી દુઃખી શા માટે થાય છે, મા ? હવે મને ગુરુદેવ આશ્રમમાં પ્રવેશ આપશે ." આમ કહી કુમાર ચાલી નીકળ્યો.

ગૌતમ ઋષિ સ્નાન કરીને પાછા આવતા હતા ત્યારે એ તેમને ચરણે નમ્યો. ગૌતમે હેતભર્યા અવાજે પૂછયું:

"કેમ, બેટા ! જાણી આવ્યો ?"

"હા ગુરુદેવ, મારી માતાએ કહ્યું કે કોઇ ગૃહસ્થને ઘરે એ દાસી તરીકે કામ કરતી હતી ત્યાં તે મને પામી છે."

ગૌતમ ઋષિ એ નિર્દોષ કિશોરના સુકુમાર મુખ સામે જોઈ રહ્યા. એમના અંતરમાંથી ઉદ્‌ગાર નીકળી પડયા:

"પુત્ર, તારું ગોત્ર સત્યકામ. તું જબાલાનો પુત્ર માટે તારું નામ જાબાલ. તારા જેવો સત્યનિષ્ઠ શિષ્ય મેળવીને મારો આશ્રમ આજે ધન્ય બન્યો. તારું કલ્યાણ થાઓ."

સત્યકામને ગૌતમ ઋષિએ ચારસો ગાયો આપીને કહ્યું:

"આ ચારસો ગાયોમાંથી એક હજાર ગાયો થાય ત્યારે તારો વિદ્યાભ્યાસ પૂરો થયો સમજજે."

ગોધન લઈને સત્યકામ હિમાલયનાં અરણ્યોમાં ચાલ્યો ગયો. ત્યાં એણે મોટું ગોસદન વસાવ્યું. હિમાચલનાં બરફ-ઢાંકયાં શિખરો અને ગાઢ જંગલોમાં એણે વાસ કર્યો ગંગા-યમુનાની પ્રચંડ ધારાઓ વચ્ચે એણે મોટી વસાહત ઊભી કરી. અરણ્યવાસીઓને પોતાના મિત્ર બનાવ્યા.

ગાયોની સેવા કરતાં કરતાં ગોસંવર્ધન શાસ્ત્રનું જ્ઞાન એણે મેળવ્યું . પ્રચંડ ઝંઝાવાતો, મેઘના ગડગડાટ અને વીજળીના કડાકાઓ, કુદરતના કારમા કોપની સામે એણે ગાયોનું રક્ષણ કર્યું, પાલનપોષણ કર્યું, સંવર્ધન કર્યું. પવન, પાણી, અગ્નિ અને વનસ્પતિના દેવોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. પોતાની વૈજ્ઞાનિક બુદ્ધિથી સરજનહારની સૃષ્ટિનાં સર્વ તત્ત્વોનું એણે અધ્યયન કર્યું. એમ કરતાં અણુપરમાણુમાં વ્યાપી રહેલા પરબ્રહ્મ પરમાત્માનો પણ સાક્ષાત્કાર કર્યો. ચારસોમાંથી એક હજાર ગાયો થઈ ત્યારે એ ગૌતમ ઋષિના આશ્રમમાં પાછો ફર્યો.

હૃષ્ટપુષ્ટ, સોહામણી એક સહસ્ત્ર ગાયોને દોરતો સત્યકામ ગૌતમને ચરણે પડયો ત્યારે મહર્ષિ સ્નેહગદ્‌ગદ સ્વરે બોલ્યા;

"બેટા ! તેં તારું સત્યકામ ગોત્ર અને તારી માતાનું નામ સાર્થક કર્યું છે."



## ૪

# આમ જો, તું કોણ છે?

ચોમાસાના દિવસો હતા. ધોધમાર વરસાદ પડતો હતો. ચોમેર નદીનાળાં ઊભરાયાં હતાં. ભરવાડો પોતાનાં ઘેટાંબકરાંને એકઠાં કરી, જાડી, ઊનની ધૂધીઓ ઓઢી ઝાડ નીચે ઊભા હતા. ચારેકોર પાણી પાણી થઈ ગયું હતું. નાની મોટી પહાડીઓ જીવતી બનીને ઝરણાં વહાવી રહી હતી. એમાં એક નાનકડી ઊંડી નદી બે કાંઠે વહી રહી હતી. પટ બહુ પહોળો ન હતો પણ ડુંગરની ગાળીમાં હોવાથી પાણીનું તાણ ભારે હતું. નાનાં નાનાં મોજાં ઉછાળતી, ફીણના ફગર ચડાવતી, ઘૂમરીઓ ખાતી એ ઉતાવળી ઉતાવળી વહી રહી હતી. ભરવાડ-રબારીના બેચાર જુવાન છોકરાઓ કાંઠે ઊભા ઊભા એનું પૂર નિહાળી રહ્યા હતા.


એવામાં વરસાદથી ત્રાસેલી એક સિહણ, ડુંગર ઉપરથી લાંબી ફાળો ભરતી આવી. એની ગુફા સામે કાંઠે હતી. બેજીવવાળી સિહણ પોતાના નેખમમાં જવા અધીરી બની હતી. પળવાર એ નદીકાંઠે અટકી. નહેરાનું માપ કાઢ્યું, પૂરનું જોસ માપી બીધું અને જેટલું જોર હતું તે વાપરીને છલાંગ મારી, સિહણ સામે કાંઠે જઈ પડી. પણ એમ કરતાં એને બચ્ચાનો પ્રસવ થઈ ગયો ને તાજું જન્મેલું સિંહશિશુ પૂરમાં તણાવા લાગ્યું. સિહણ એની પરવા કર્યા વિના સામા પહાડની ગુફામાં ચાલી ગઈ.

આ બાજુ ભરવાડના છોકરાઓએ પાણીમાં તરતું જતું સિહનું બચ્ચું જોયું. કપડાં સાથે જ એક જુવાને પૂરમાં ઝંપલાવ્યું. એમને મન આવાં પૂરની કોઈ વિસાત ન હતી. બચ્ચાને પકડી એ ત્રાંસો તરતો તરતો સામે કાંઠે નીકળી ગયો. નહેરાનું પાણી ઊતર્યું ત્યાં સુધી એણે બચ્ચાને પોતાના ગરમ ધાબળામાં ઢબૂરી રાખ્યું. અને પછી પોતાનાં ઘેટાંબકરાં લઈને નેસમાં આવ્યો.

સિંહના બચ્ચાને જોવા નેસના ગોવાળિયા એકઠા થયા. એ તો મજાનું ઘેટીનાં બચ્ચાં સાથે ઘેટીને ધાવવા લાગ્યું અને મોટું થવા લાગ્યું.

એમ કરતાં એ તો મોટું થવા લાગ્યું. બે, ચાર, છ, આઠ, બાર માસનું થયું. પણ ઘેટાંના ટોળામાં જ રહે. એની સાથે જ ચરવા જાય, પાણી પીવા જાય, એની સાથે જ સાંજ પડયે ઝોકમાં પુરાઈ જાય. પોતાને એ ઘેટાંનું જ બચ્ચું સમજવા લાગ્યું. ગોવાળિયા પણ એને કેડમાં તેડીને, ખંભે બેસાડીને રમાડે અને વહાલ કરે. આમ અરસપરસ હેતપ્રીત જામી ગઈ.

ફરી પાછો અષાઢ માસ આવ્યો. આભમાં મેઘ ધડૂસવા લાગ્યો. ઈંદ્ર મહારાજ ગેડીદડે રમતા હોય તેમ ઉપર ગર્જનાઓ થવા લાગી. વીજળીના કડાકા અને ભડાકા થવા લાગ્યા. બારે મેઘ ખાંગા થયા અને કાળાં ડિબાંગ વાદળાંથી આકાશ ઘેરાઈ ગયું. મુસળધાર મેઘ તૂટી પડયો. જોતજોતામાં નદીસરોવર છલકાયાં. ભરવાડ, રબારીઓ ઘેટાં-બકરાં, ગાયો-ભેંસો લઈને મોટા વડલાના થડ નીચે ઓથ લઈ ઊભા.



એવામાં એક કેસરી સિંહ ત્યાંથી નીકળ્યો. ઊંચા ડુંગરની ટોચેથી ઊતરી આવ્યો. લાંબી ફાળો ભરતો પોતાની ગુફા તરફ ચાલ્યો જાય છે. ભરવાડ, રબારી, ચારણ સૌ માલધારીઓ જોઇ રહ્યા. માથાથી પૂંછડા સુધી માપો તો પૂરો પંદર હાથ લાંબો, પોણા પોણા હાથની કેશવાળી. એવા અસલ કેસરી સિંહને નીરખીને માલધારીઓ તાજુબ થઇ ગયા.

એવામાં મેઘ ગાજ્યો અને સિંહે સામી ત્રાડ મારી. એટલે વરસાદનાં ભીંજાયેલાં, કોકડું વળીને ઊભેલાં ઘેટાં જેમ આવ્યું તેમ નાઠાં. સિંહે એની તરફ નજર ફેંકી. અત્યારે એ શિકારની શોધમાં ન હતો. જેમ તેમ કરીને પોતાના નેખમમાં જવા અધીરો બન્યો હતો. છતાં તેણે પોતાના સ્વભાવ અનુસાર એક વાર પાછું વાળીને જોયું તો ઘેટાંને નાસતાં જોયાં. તેમાં ઘેટાંનાં ટોળાં સાથે પેલા સિંહ-શાવકનેય ભાગતું દીઠું. એકદમ એ કેસરી સિંહ એક જ છલંગે પેલા બચ્ચા પાસે જઈ પહોંચ્યો અને તેને મોંમાં પકડી લીધું. બિલાડી ઉંદરને પકડે તેમ નહિ, પણ પોતાના બચ્ચાને પકડે તેમ.

સિંહ એને પકડીને નદીકિનારે લઇ ગયો. બચ્ચાને છુટ્ટું મૂક્યું. એનું શરીર ધ્રૂજતું હતું. છાતી થડક થડક થતી હતી. સિંહે પોતાની આંખો બચ્ચા સામે ઠેરવી. પોતાના પંજાથી એની પીઠ પંપાળી. વાત્સલ્ય ઊભરાયું. બચ્ચાની બીક કંઇક ઓછી થઇ. એને ધીરજ આવી. એટલે પછી સિંહ બોલ્યો:

"ઘેટાંનાં ટોળાં સાથે તું કેમ નાસી જતું હતું ? આમ જો, તું કોણ છે ?"

એમ કહી તેનું મોં પાણી તરફ નમાવ્યું. પોતે પણ પાણીમાં જોઈ રહ્યો. પછી બોલ્યો:

"તારે પણ મારા જેવી જ કેશવાળી છે. તારી આંખો મારા જેવી જ છે. તારી છાતી અને મારી છાતી જો ! તું ઘેટું નથી, સિંહ છો."

આમ બોલતાં સિંહે ત્રાડ મારી એટલે બચ્ચાએ પણ સામી ત્રાડ મારી. સિંહ છલંગ મારી સામે કાંઠે કૂદી ગયો એટલે સિંહનું બચ્ચું પણ એની પાછળ છલંગ મારી સામે કિનારે પહોંચ્યું અને સિંહની સાથે જંગલમાં અદશ્ય થઇ ગયું.

# ૫

# દેવોનો અહંકાર

પ્રાચીન સમયમાં દેવ અને દાનવ વચ્ચે યુદ્ધ થયું. પ્રભુકૃપાથી દેવોનો વિજય થયો. પણ દેવોના રાજા ઈંદ્રને અભિમાન આવ્યું અને તે હુંપદથી ફૂલાયો. ઈંદ્રના સાથીદાર બીજા દેવો પણ અહં-ભાવથી અતડા ચાલવા લાગ્યા.

એક વાર ઈંદ્ર પોતાની સભા ભરીને બેઠો હતો. એ વખતે કોઈ એક અગોચર યક્ષ સભામાં આવીને ઊભો રહ્યો. દેવો એને જોઈ નવાઈ પામ્યા. તેમણે એવા વિશાળકાય, તેજસ્વી પુરુષને કદી જોયો ન હતો. દેવો મૂંઝાયા. ઈંદ્રે અગ્નિને કહ્યું:

"તુ જઈને એ કોણ છે તેની ખાતરી કરી આવ."

અગ્નિ યક્ષ પાસે આવ્યો એટલે યક્ષે પૂછ્યું:


"તું કોણ છે?"

"હું અગ્નિ છું. મારી શક્તિ અદમ્ય છે. હું ધારું તો પળવારમાં આખા વિશ્વને ભસ્મ કરી નાખું."

યક્ષે કહ્યું: "તું તો ભારે જબરો, ભાઈ! મને એમ કે આ બ્રહ્માંડમાં જે કંઈ પદાર્થ દેખાય છે તે ઈશ્વરની શક્તિથી પેદા થયા હશે, એને જ આધારે જીવતા હશે અને આખરે ઈશ્વરમાં જ સમાઈ જતા હશે. તમે તો એ પરમેશ્વર કરતાંય જબરા લાગો છો."

"પરમેશ્વરને કોણ ઓળખે છે?" અગ્નિએ ડંફાશ મારતાં કહ્યું: "જો આ ચંદ્ર, સૂર્ય, તારામંડળ બધામાં જે ચમકાર છે તે મારે લીધે છે."

"હું તો એમ માનું છું કે આકાશનું આભામંડળ પ્રકાશે છે, પોતપોતાને સ્થાને રહી નિયમિતપણે વર્તે છે; તે પ્રભુની શક્તિનો



પ્રતાપ છે."

"અમે કોઇએ પ્રભુને દીઠો નથી. અમે પોતે જ પ્રભુ છીએ." અગ્નિ ગર્વથી બોલ્યો.

"તો શું તમે ગમે તે વસ્તુને બાળી શકો?" યક્ષે પૂછયું.

"અવશ્ય."

"લો આને બાળો." યક્ષે ઘાસનું એક તણખલું સામે મૂક્યું.

આખી સભા હસી પડી. અગ્નિની આગળ આવું તણખલું શી વિસાતમાં! અગ્નિ એ તણખલા ઉપર વારંવાર કૂદયો, પોતાનું બધું તેજ, બળ વાપર્યું, પણ તણખલાને કશું ન થયું એટલે એ ભોંઠો પડયો. ઇંદ્ર પાસે જઇને એણે કહ્યું:

"મહારાજ, આ યક્ષ કોઇ ચમત્કારિક વ્યકિત લાગે છે."

ઈંદ્રે વાયુદેવને આજ્ઞા કરી: "જાઓ, તમે જઈને ખાતરી કરો, એ કોણ છે?"

વાયુને જોસભેર આવતો જોઇ યક્ષે પૂછયું:

"તું કોણ છે?"

"હું વાયુ, પવન દેવ પોતે." આમ કહી એણે મોટો જબ્બર સુસવાટ કર્યો.

યક્ષે પૂછયું: "તારામાં શી શકિત છે?"

"આ દુનિયામાં જે કંઈ તને નજરે પડે છે તે મારી શકિતનો જ પ્રભાવ છે."

"એમ! ત્યારે તો આ ખેતરોમાં ધનધાન્ય ઊગે છે, વરસાદ વરસે છે, તે બધી તમારી જ શકિત હશે." યક્ષ હસીને બોલ્યો.

"ત્યારે બીજા કોની શકિત?" વાયુદેવ ટટ્ટાર બન્યા અને બોલ્યા: "ચોમાસુ પવન વાદળાંને હજારો માઈલથી ઘસડી લાવે, વરસાવે, જયાં વધારે પાણી હોય ત્યાં તેને સૂકવી નાખે, બીજને અંકુર ફૂટે, છોડ થાય, ધનધાન્ય, ફળફૂલને જોઇતો પવનપ્રકાશ મારે લીધે જ મળે છે."

"મને એમ કે એ ઈશ્વરી શકિતથી બનતું હશે." યક્ષ બોલ્યો.

"એ તમારો ભ્રમ છે." આમ કહી વાયુએ હુંકાર કર્યો.

"ઠીક ત્યારે, આ તણખલાને જરા ઉડાડી મૂકો તો."

"આઘો ખસી જા. તણખલા સાથે તું પણ ઊડી જઇશ."

આમ બોલતાં વાયુએ તણખલા ઉપર હુમલો કર્યો. તેણે હતું તેટલું જોર વાપર્યું પણ તણખલું ન ખસ્યું. વાયુ ઝંખવાણો પડયો અને ઈંદ્રના સિંહાસન પાછળ મોં છુપાવી બેસી ગયો.

ઈંદ્રને બહુ નવાઇ લાગી. એ પોતે યક્ષ પાસે જવા ઊઠયા. જઇને જુએ તો યક્ષને બદલે એક સ્વરૂપવાન સ્ત્રી (ઈશ્વરની અકળ શકિત) ઊભેલી જોઇ. ઈંદ્રે તેને હાથ જોડી નમ્રતાથી પૂછયું:

"અહીં યક્ષ હતા તે કોણ?"

"એ સાક્ષાત પરમેશ્વર હતા. એમની ઇચ્છાથી, એમના જ સામર્થ્યથી તમારો વિજય થયેલો. તમે સૌ અભિમાનથી ફુલાઇ ગયા હતા તેથી તમારો ગર્વ ગાળવા એ આવેલા."

ઈંદ્રે નમ્ર બની કહ્યું: "અમારી મોટી ભૂલ થઇ. આ જગતમાં જે કંઇ દેખાય છે તે ઇશ્વરની મહાન શકિતનું પ્રતિબિંબ છે. તેની ઇચ્છા વિના એક પાંદડું પણ ચાલી શકતું નથી. દરેક પદાર્થ એણે બનાવ્યો છે અને સૃષ્ટિના સર્વ અણુપરમાણુમાં એ વ્યાપી રહ્યો છે."

તે દિવસે દેવોના રાજા ઈંદ્રની સભામાં ગાનતાન અને રંગરાગને બદલે ઇશ્વરની અલૌકિક શકિતનાં ગુણગાન ગવાવા લાગ્યાં.

## ૬

# આરુણિ

એક રળિયામણા વનમાં નદીતીરે ધૌમ્ય ઋષિનો આશ્રમ હતો. સેંકડો શિષ્યો દૂરદૂરથી આવીને ત્યાં વિદ્યાભ્યાસ કરતા. ઋષિ અને ઋષિપત્નીએ પોતે હાથે વાવેલાં આશ્રમવૃક્ષોની ઘટામાં શિષ્યોના વેદધ્વનિ ગુંજી રહ્યા હતા. શાંતપ્રસન્ન વાતાવરણમાં આપોઆપ જીવનનો આનંદ અનુભવાતો હતો. પ્રાતઃકાળથી સાયંકાળ પર્યંત શિષ્યો મધપૂડાની પેઠે કાર્યરત રહેતા. છૂટી છૂટી બાંધેલી પર્ણકુટિમાં વિદ્યાર્થિઓ વસતા હતા. દરેકને પોતપોતાનાં કાર્યો સોંપી દીધાં હતાં. કોઇને સફાઈકામ, કોઇને ગાયો દોહવાનું, કોઈને ગાયો ચરાવવાનું, કોઇને વૃક્ષોને પાણી પાવાનું, એમ સૌ પોતાને ભાગે આવેલાં કાર્યો નિયમિત રીતે આનંદપૂર્વક કરતા હતા.

એક વાર ધૌમ્ય ઋષિ શિષ્યોને વેદપાઠ કરાવતા હતા એવામાં અચાનક મેઘ ચડી આવ્યો. આકાશમાં ઘટાટોપ વાદળાં છવાઈ ગયાં. અને જોતજોતામાં મુશળધાર વરસાદ તૂટી પડયો. સૌ શિષ્યો દોડીને પર્ણકુટિઓમાં પહોંચ્યા અને પોતાનાં વલ્કલ, પુસ્તકો પાણીથી ભીંજાય નહિ તે રીતે ગોઠવવા લાગ્યા. ચાર ઘડીમાં તો આખા આશ્રમમાં પાણી પાણી થઇ ગયું. નાનકડી નદી બે કાંઠે વહેવા લાગી. નદીકિનારે આવેલાં આશ્રમનાં ખેતરોમાં પાણી ભરાઇ ગયાં. ચોમેર જળબંબાકાર થઇ ગયું. વરસાદ રહી ગયા પછી શિષ્યો અભ્યાસ મંડપમાં આવ્યા. ધૌમ્ય ઋષિ પણ ભીંજાયેલું વલ્કલ બદલીને આસન ઉપર આવીને બેઠા. તેમણે શિષ્યો ઉપર એક નજર ફેરવી. ગોવાળ પોતાના ઘેટાંને નજર નાખતાં જ ઓળખી લે તેમ ધૌમ્ય ઋષિના દૃષ્ટિપાતે સૌને ઓળખી લીધા. તેમાં એક શિષ્ય ન દેખાયો. તેમણે ફરીથી જોયું અને પછી પૂછયું: “આમાં આરુણિ કેમ દેખાતો નથી ?” આરુણિનું નામ સાંભળતાં જ આગલી હરોળમાં બેઠેલા શિષ્યોના મુખ ઉપર મશ્કરીભર્યું હાસ્ય છવાઇ ગયું. એક શિષ્ય બોલ્યો: “ગુરુદેવ! આવો વરસાદ પડયા પછી આરુણિ તે અભ્યાસમંડપમાં હોય ! એ તો નદીના પૂરમાં પડયો હશે.”

બીજાએ કહ્યું: “હા બાપુ! આરુણિને ભણવું ગમતું જ નથી. આવું કંઇક બહાનું મળે એટલે તે ભાગી છૂટવાનો. નદીના પૂરમાં નહિ પડયો હોય તો કોઇક ઊંચા વડલાની ડાળે બેસીને વાંસળી વગાડતો હશે.”

આમ એક પછી એક બેચાર શિષ્યોએ આરુણિની ટીકા કરી. પણ ધૌમ્ય ઋષિના કપાળમાં ચિંતાની રેખાઓ અંકિત થઇ. તેઓ ગંભીર અવાજે બોલ્યા: “કોઇ જઇને એની તપાસ કરો.”



ગુરુએ વિશેષ નામ ન લીધું. શિષ્યો એકબીજાની સામું જોવા લાગ્યા એટલે ધૌમ્ય પોતે ઊભા થયા. હાથમાં ખાખરાનો દંડ લઈને આરુણિને શોધવા ચાલ્યા. નદીકિનારો જોઈ વળ્યા. આશ્રમનાં વૃક્ષોની ઘટાઓ જોઈ લીધી. હવે તેમને ચિંતા થવા લાગી. મનમાં થયું, નદીના પૂરમાં તો તણાઈ નહિ ગયો હોય ? કોઈ ગાયનું વાછરું એકલું પડયું હશે તેને શોધવા તો નહિ ગયો હોય ? આમ વિચાર કરતાં કરતાં ધૌમ્ય ઋષિ આશ્રમનાં ખેતરોમાં પહોંચ્યા. બેચાર શિષ્યો પણ તેમની સાથે હતા. ગુરુનું ચિંતાતુર મુખ જોઈને તેઓ મૂંગામૂંગા પાછળ ચાલ્યા આવતા હતા.

ધૌમ્ય ઋષિએ આરુણિને ક્યાંયે ન જોયો એટલે તેમણે ઊંચે સ્વરે બૂમ મારી: “આરુણિ, બેટા આરુણિ!” ધૌમ્યનો અવાજ પહાડમાં પડઘો પાડીને પાછો વળ્યો. એટલે એમણે બીજી વાર વધારે ઊંચે સ્વરે બૂમ મારી : આરુણિ, ઓ આરુણિ !”

એ વખતે ધીમો અવાજ સંભળાયો: “ગુરુજી ! હું અહીં છું.” ધૌમ્ય અને શિષ્યોને કાને એ ધીમો અવાજ સંભળાયો અને તેઓ અવાજની દિશામાં આગળ ચાલ્યા. દૂરથી તેમણે જોયું તો ખેતરના પાળામાં આરુણિ આડો પડયો છે અને તેની ઉપર માટી ચડી ગઈ છે. ખેતરનાં પાણી પાળો તોડીને આશ્રમ ઉપર ફરી વળે એવો ભય લાગવાથી આરુણિએ થોડી વાર તો બાજુમાંથી માટી લઈ પાળા ઉપર નાખી, પણ પાણી ચડતાં જ ગયાં અને પાળો તૂટું તૂટું થઈ ગયો એટલે પોતે જ આડો સૂઈ ગયો. સદ્‌ભાગ્યે વરસાદ બંધ પડયો એટલે પાણી ચડતાં અટકી ગયાં ને પાળો સચવાઈ રહ્યો. ઋષિએ પાસે આવીને જોયું તો આરુણિ પાળામાં અર્ધો ઢંકાયેલો પડયો હતો. તેણે ગુરુજીને કહ્યું: “બાપુ મને કંઈ નથી થયું. મારી ચિંતા ન કરશો. તમે બધા પડખેથી માટી લઈને આ પાળો સરખો કરી લો એટલે હું ઊભો થાઉં.”

ધૌમ્ય અને શિષ્યોએ પાવડો અને તગારાં લીધાં અને ઝપાટાબંધ બાજુમાંથી માટી લઈ પાળો સરખો કર્યો. ધૌમ્યે હાથ ઝાલીને આરુ-ણિને ઊભો કર્યો અને તેને છાતી સરસો ચાંપ્યો.

નાહીધોઈ વલ્કલ બદલી આરુણિ અભ્યાસખંડમાં આવીને બેઠો. એ વખતે ધૌમ્ય બોલ્યા: “વત્સો ! તમને બધાને તમારા ગ્રંથોના અભ્યાસનું અભિમાન છે. તમારી સ્મૃતિનું, તમારી તીવ્ર બુદ્ધિનું ગુમાન છે. પણ આરુણિ એ બધા જ્ઞાનનો પાર પામેલો છે. આરુણિ તમારા જેટલાં શાસ્ત્રો ભણ્યો નથી, પણ એનું જીવન એ જ શાસ્ત્ર છે. શાસ્ત્રોમાં લખેલી વિદ્યાનું આચરણ કરે છે તે જ સાચો આચાર્ય છે. આરુણિ આ આશ્રમનો અલંકાર છે. આશ્રમનું પાલનપોષણ અને વિકાસ કરવાની શકિત તમારા સૌના કરતાં તેનામાં વિશેષ છે એ આજે સિદ્ધ થયું છે. હું હવે વૃદ્ધ થયો છું. મારી નિવૃત્તિ બાદ આ આશ્રમનો આરુણિ કુલપતિ થશે.”

સૌની માનભરી દૃષ્ટિ આરુણિના વિનમ્ર મુખ તરફ વળી.

# ૭

# વિરાટ પુરુષ

પ્રાચીન સમયમાં આજની વિદ્યાપીઠો કરતાં અનેકગણાં મોટાં અને સમૃદ્ધ ગુરુકુળો ચાલતાં હતાં. તક્ષશિલા અને નાલંદાનાં નામ તો બહુ જાણીતાં છે. ઉજ્જયિનીમાં સાંદીપનિ ઋષિ મોટું ગુરુકુળ ચલાવતા, જ્યાં શ્રીકૃષ્ણ અને બળરામ ભણ્યા એ વાત જાણીતી છે. ગંગા, યમુના, સિંધુ, સતલજ, નર્મદા, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી જેવી નદીઓને કિનારે અને સહ્યાદ્રિ, વિંધ્યાચળ, સાતપુડા, અરવલ્લી અને હિમાચળનાં અરણ્યોમાં વિશાળ ગુરુકુળો ચાલતાં.

એક વાર ગુરુકુળોના કુલપતિઓ, ઉપકુલપતિઓ, આચાર્યોનું મોટું સંમેલન મળ્યું. તેમાં જીવન વિશેની વિવિધ જ્ઞાનચર્ચાઓ ચાલી. પોતપોતાનાં ગુરુકુળો, તેની શિક્ષણપદ્ધતિ, અધ્યાપકો, વિદ્યાર્થિઓ, સાધનસામગ્રી, વિદ્યાર્થીઓનું ભાવિ જીવન, વિશ્વની નવરચનામાં ગુરુકુળોનું પ્રદાન, એમ અનેક પ્રકારના વિષયો ઉપર વિચારણા કરવામાં આવી. સૌને નવો પ્રકાશ, નવી પ્રેરણા મળ્યા જેવું લાગ્યું.

સંમેલનની પૂર્ણાહુતિ બાદ કુલપતિઓની બેઠક મળી. તેમાં હજાર હજાર શિષ્યો રાખનારા એવા પાંચ ઋષિઓ હતા. પ્રાચીનશાલ, સત્યયજ્ઞ, ઇંદ્રદ્યુમ્ન, બુડિલ અને જડ. આ પાંચેય મહાજ્ઞાની તરીકે પ્રખ્યાત હતા. તેમનાં ગુરુકુળોમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ પણ નામાંકિત હતા. સંમેલનના ઉત્તેજિત વાતાવરણમાંથી બહાર આવીને તેઓ શાંત વાતાવરણમાં અંતર્મુખ બનીને વાતો કરી રહ્યા હતા.

પ્રાચીનશાલે કહ્યું: "આપણે આ મહાસંમેલનમાં ઘણી મોટી મોટી વાતો કરી. પ્રભાવશાળી પ્રવચનો કર્યાં. શ્રોતાઓ મંત્રમુગ્ધ બન્યા; પણ મને મારા પોતાના જીવનમાં હજી ખાલીપણું લાગે છે. આવી વાતો કર્યા પછી મારા જીવનમાં જાણે ઊણપ વર્તાય છે અને હું શરમની લાગણી અનુભવું છું."

એ સાંભળીને સત્યયજ્ઞ બોલ્યા: "તમે મારા અંતરની વાત કહી નાખી. આપણે આત્મા અને પરમાત્માની વાતો કરીએ છીએ. દેહની ક્ષણભંગુરતા અને આત્માની અમરતાનાં ગાણાં ગાઈએ છીએ; પણ આપણું એક મૃગચર્મ, વલ્કલ કે કમંડળ થોડી વાર જડતું નથી તો આપણે અસ્વસ્થ બની જઈએ છીએ. આપણાં પ્રવચન અને આચરણ વચ્ચે આકાશપાતાળનું અંતર છે."

ઇંદ્રદ્યુમ્ન પૃથ્વી સામે દૃષ્ટિ કરીને સાંભળી રહ્યા હતા, તેમણે નેત્રો ઉપાડીને કહ્યું: "તમે બન્ને જે શબ્દ વાપરતાં અચકાઓ છો તે મારે માટે હું વાપરીશ. હું તો આ વસ્તુને દંભ જ કહું છું. આપણને જગત મહાજ્ઞાની માને છતાં આપણને જીવનમાં સમાધાન ન મળે, તૃપ્તિ કે સંતોષનો અનુભવ ન થાય, એને માટે દંભ સિવાય બીજો શબ્દ મને જડતો નથી."

બુડિલ મુનિએ પોતાનો સૂર પુરાવતાં ઉમેર્યું: "આપણે દંભી નથી, પ્રયત્નશીલ છીએ. આપણી ઊણપ ખૂંચે છે એ આપણી જિજ્ઞાસા બતાવે છે. આપણે આત્મનિંદા નહિ કરવી જોઈએ. સતત જાગ્રત રહેવાનો પુરુષાર્થ કરવો જોઈએ. એવું સંકલ્પબળ કેળવવું જોઈએ. આંધળો આંધળાને ન દોરી શકે, માટે આપણે આપણાથી વધારે જ્ઞાની, તપસ્વી, સદા જાગ્રત એવા ગુરુ પાસે નમ્ર બનીને જવું જોઈએ અને તેનું માર્ગદર્શન અને આશીર્વાદ મેળવવાં જોઈએ.

પાંચેય કુલપતિઓમાં જડમુનિ યુવાન હતા. તે એકદમ બોલી ઊઠયા: "બુડિલની વાત હું સ્વીકારું છું. પણ વૃદ્ધ તપસ્વીઓઆવતી કાલના નૂતન પ્રવાહને અનુરૂપ થઈ શકતા નથી. તેમની એની એ જૂની વાતો આજે ચાલી શકે નહિ. નવી પેઢીના કિશોરોને મન કેટલીક વાર એ હાસ્યાસ્પદ લાગે. એટલે આપણે એવા મહર્ષિ પાસે જવું જોઈએ કે જેઓ આર્ષદ્રષ્ટા હોય. જેમના શબ્દો નહિ પણ જીવન જ બોલતું હોય. જેમને જોતાં જ આપણા પ્રશ્નો શમી જાય."

પ્રાચીનકાલે થોડો વિચાર કરીને કહ્યું: "એવા તો મહર્ષિ ઉદ્દાલક છે. જૂનીનવી પેઢીના સેતુસમાં ઉદ્દાલક જીવનવિદ્યાના આચાર્ય છે. એટલે આપણે એમની પાસે જઈએ."

બુડિલે કહ્યું: "બરાબર છે. ઉદ્દાલક ઋષિનું જ્ઞાન વહેતા ઝરણા જેવું છે. એ સનાતન હોવા છતાં નિત્ય નૂતન છે. તેમની પાસેથી આપણને સમાધાન પ્રાપ્ત થશે."

પાંચે ઋષિઓ ઉદ્દાલક પાસે ગયા. ઉદ્દાલક પાસે કોઈ ગુરુકુળ ન હતું. નાનકડી નદીને કાંઠે એક પર્ણકુટિ બાંધીને તેઓ પોતાનાં પત્ની સાથે રહેતા હતા. તેમનાં બે પુત્રો, એક પુત્રી અને બે બીજા શિષ્યો એમ પાંચ જણને તેઓ ભણાવતા હતા. પાંચે ઋષિઓ પહોંચ્યા ત્યારે ઉદ્દાલક, રસોડામાં ઋષિપત્નીને મદદ કરતા હતા. વિદ્યાર્થીઓ

કોઈ સમિધ લેવા, ગાયો ચરાવવા અને કૃષિકામમાં રોકાયા હતા. પાંચે કુલપતિઓને આવતા જોઇ ઉદ્દાલક ઊભા થયા અને તેમનો સત્કાર કર્યો. આસન આપી બેસાડયા અને બે હાથ જોડી કહ્યું: "આજે મારી પર્ણકુટિ પાવન કરી."

પ્રાચીનશાલે કહ્યું: "અમે આપની પાસે અમારા મનનું સમાધાન શોધવા આવ્યા છીએ."

ઉદ્દાલકે સહેજ હસીને કહ્યું: "હું પોતે જ મારું સમાધાન શોધી શકયો નથી ત્યાં તમને શી રીતે સંતોષ આપી શકું ?" જે સત્યની ઉપાસના પચાસ વર્ષથી કરી રહ્યો છું તેની મને સહેજ ઝાંખી થઇ છે એમ કહી શકું. પરંતુ એ પરમ સત્યથી સૂર્યની પેઠે સેંકડો પ્રકાશ-વર્ષ હું દૂર છું. પણ તમે જિજ્ઞાસાભાવે આવ્યા છો તો તમને નિરાશ નહિ કરું. આપણે સૌ એ વિદ્યાના જ્ઞાતા રાજા અશ્વપતિ પાસે જઇએ. તમે સૌ ઘણે દૂરથી આવ્યા છો એટલે સ્નાન કરી આવો એટલામાં ભોજન તૈયાર થઈ જશે. થોડો આરામ કરી આપણે આજે જ નીકળીએ."

પાંચે કુલપતિઓને લઇને ઉદ્દાલક અશ્વપતિ રાજા પાસે ગયા. અશ્વપતિએ તેમને પ્રણામ કરી આવકાર આપ્યો. અતિથિગૃહમાં તેમના ભોજન તથા આરામની વ્યવસ્થા કરી. બીજે દિવસે પ્રાતઃકાળે રાજા ઋષિઓની પાસે ગયો. પ્રણામ કરી ઋષિઓને ચરણે હજાર હજાર સોનામહોરો ભેટ ધરી સામે બેઠો. ઋષિઓ ધનની સામે જોઈ રહ્યા. ઉદ્દાલકે કહ્યું: "રાજા ! અમે તમારી પાસે ધન માટે નથી આવ્યા; જ્ઞાન લેવા આવ્યા છીએ."

રાજા બોલ્યો: "મહારાજ ! જ્ઞાન તો આપના જેવા ઋષિમુનિઓ પાસે હોય. હું તો એક ગૃહસ્થી માણસ છું."

પ્રાચીનશાલે કહ્યું: "અમે તમને જનક વિદેહી જેવા માનીએ છીએ. આમાં વિવેકની વાત નથી. અમારાં ગુરુકુળો અને અમારાં જીવન જે જ્ઞાન વિના સૂનાં લાગે છે તે જ્ઞાન તમારી પાસેથી મળશે એમ અમારા સૌના પૂજ્ય ઉદ્દાલકે કહ્યું છે અને તેઓ પોતે એટલા માટે જ અમારી સાથે આવ્યા છે."

અશ્વપતિ: "એમ છે ? તો આવતી કાલે આ સમયે હું તમારી પાસે આવીશ અને આપણે જ્ઞાન વાર્તા કરીશું." આમ કહી અશ્વ-પતિ નમસ્કાર કરી રાજમહેલમાં ગયા.

અશ્વપતિ ગયા બાદ ઉદ્દાલકે કહ્યું: "આપણે રાજા પાસેથી જ્ઞાન લેવા આવ્યા છીએ એટલે આપણે તેમની પાસે જવું જોઇએ. નમ્રતા વિના જ્ઞાન મળતું નથી."

પાંચે મુનિઓએ ઉદ્દાલકની વાત સ્વીકારી. બીજે દિવસે સવારમાં તેઓ હાથમાં સમિધ લઇ રાજાની પાસે જવા તૈયાર થયા. એટલામાં તો અશ્વપતિ આવી પહોંચ્યો. ઋષિઓને સમિધ સાથે ઊભેલા જોઈ મનમાં સમજી ગયો અને બોલ્યો: "આપ સૌ મારી પાસે આવો તેમાં આપની શોભા છે. પણ આજે તમે સૌ મારા અતિથિ છો એટલે મારે જ તમારી પાસે આવવું જોઈએ."


ઉદ્દાલકે કહ્યું: "તમારી વાત સાચી છે. પણ અમે તમારી પાસે 'સત્યજ્ઞાન'ની પ્રાપ્તિ માટે આવ્યા છીએ એટલે અમે અતિથિ નહિ પણ તમારા શિષ્યો છીએ. તમે આ આસન ઉપર બેસો અને અમને ધનનું નહિ પણ જ્ઞાનનું દાન આપો."

અશ્વપતિ ઊંચા આસને બેઠો અને છયે ઋષિઓ તેની સામે દર્ભાસન ઉપર બેઠા.

અશ્વપતિએ પ્રાચીનશાલને પૂછયું: "તમે આત્મા કોને માનો છો ?"

પ્રાચીનશાલ: "આકાશને."

અશ્વપતિ: "તમારી વાત સાચી છે. આકાશ મહાચૈતન્ય જે આ વિશ્વમાં વિલસી રહ્યું છે તેનું એક અંગ છે. મનુષ્યની ભાષામાં કહીએ તો વિરાટ પુરુષનું એ મસ્તક છે. એટલે તેને પૂર્ણ આત્મા ન કહી શકાય. પૂર્ણપુરુષના જ્ઞાન વિના જીવન અપૂર્ણ રહે છે."



ત્યાર બાદ અશ્વપતિએ સત્યયજ્ઞને પૂછ્યું: "આત્મા વિશે તમારી સમજણ શી છે ?"

સત્યયજ્ઞ: "મહારાજ ! હું સૂર્યને વિશ્વનો આત્મા માનું છું."

અશ્વપતિ: "તમારી સમજણ સાચી છે. સૂર્ય દેવની ઉપાસનાથી તમને અન્ન વગેરે પ્રાપ્ત થાય છે. પરંતુ, સૂર્ય તો વિરાટપુરુષનું નેત્ર છે. તે પૂર્ણપુરુષ નથી." આમ કહી રાજાએ ઇન્દ્રદ્યુમ્નને પૂછ્યું: "તમે આત્માનો અર્થ શો કરો છો ?"

ઈંદ્રદ્યુમ્ન: "હૂ સમગ્ર વિશ્વમાં વ્યાપી રહેલા વાયુદેવને આત્મા માનું છું."

અશ્વપતિ: "વાયુ સઘળે વ્યાપી રહ્યો છે તે વાત ખરી. પણ, એ પૂર્ણપુરુષ નથી. વાયુ વિશ્વનો ધબકાર છે. એટલે મહત્ તત્ત્વનો અંશમાત્ર છે."

ત્યારબાદ બુડિલને પૂછ્યું: "મહારાજ ! તમે આત્મા કોને કહો છો ?"

બુડિલ: "રાજા ! હું તો પૃથ્વીને જ આત્મતત્ત્વ માનું છું."

અશ્વપતિ: "પૃથ્વી એક આત્મતત્ત્વ છે એમાં શંકા નથી. તેની ઉપાસનાથી તમારા હજારો શિષ્યો ધનધાન્ય પામે છે એ પણ સાચું. પરંતુ, માત્ર પૃથ્વીને વિશ્વનું પૂર્ણસ્વરૂપ કેમ કહી શકાય ?" આમ કહીને રાજાએ નવયુવાન, તેજસ્વી એવા જડ મુનિને પૂછ્યું: "આત્મા વિશે તમારું મંતવ્ય શું છે ?"

જડ જરા છાતી કાઢીને બોલ્યા: "રાજા ! હું તો તેજસ્વરૂપ એવા અગ્નિદેવને જ આત્મા માનું છું. આણુપરમાણુની સર્વશક્તિ એ વિશ્વાનલમાંથી પ્રગટ થાય છે. સૂર્ય, ચંદ્ર અને સમસ્ત તારામંડળ બધું જ એના પ્રતાપે પ્રકાશમાન છે. અને વિરાટ પુરુષના નેત્ર સમા સૂર્યનારાયણ, એ વિશ્વાનલનું એક કિરણ છે."

અશ્વપતિ: "યુવાન મુનિવર ! તમારી વાત તદ્દન સાચી છે. સપ્ત મસ્તકવાળો વૈશ્વાનલ અગ્નિ એ એક મહાતેજસ્વી આત્મતત્ત્વ છે. પરંતુ એ પણ સમગ્ર બ્રહ્માંડને નિયમમાં રાખનાર, સમગ્ર સૃષ્ટિનું સર્જન, પાલન અને સંહાર કરનાર મહાચૈતન્ય શક્તિનો એક અંશમાત્ર છે. એને જાણ્યાથી પૂર્ણપુરુષને જાણ્યો ન કહેવાય. ક્ષમા કરજો મુનિરાજ ! તમે સૌ ખંડપુરુષની ઉપાસના કરો છો, પૂર્ણપુરુષની નહિ. તમારા જીવનમાં અને તેના પ્રતિબિંબ જેવાં તમારાં કાર્યોમાં જે એકાંગીપણું, જે અપૂર્ણતા તમને લાગે છે તેનું કારણ પણ એ જ છે." આમ કહીને રાજાએ ઉદ્દાલક મુનિ સામે જોયું અને બોલ્યા:

"આ મહર્ષિ ઉદ્દાલક એ જ્ઞાનની મૂર્તિસમા છે. તેમના ચરણ પાસે બેસવાનો પણ મારો અધિકાર નથી. આ જ્ઞાન હું તેમના જીવનમાંથી શીખ્યો છું. તેઓ તમને મારી પાસે લઈ આવ્યા એ તેમની નમ્રતા અને મહાનતા બતાવે છે." આમ કહીને રાજા આસન ઉપરથી ઊભા થયા અને ઉદ્દાલકને ચરણે પ્રણામ કર્યા. ઉદ્દાલકે રાજાના મસ્તક ઉપર હાથ મૂક્યો અને પાંચે કુલપતિઓની સામે જોઈ કહ્યું: "હવે તમે તમારા ગુરુકુળોમાં વેળાસર પહોંચી જાઓ. ત્યાં તમારા શિષ્યો તમારી રાહ જોતા હશે."

પાંચે મુનિઓ ઉદ્દાલકને નમન કરી જ્ઞાનપ્રાપ્તિના સંતોષ સાથે પોતાનાં ગુરુકુળો તરફ પ્રસન્નચિત્તે વિદાય થયા.

## ૮

# રૈકવ ગાડાવાળો

પ્રાચીન સમયમાં કોઇ એક દેશમાં જાનશ્રુતિ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે ઘણો ઉદાર અને પ્રજાપ્રેમી હતો. સત્યનિષ્ઠ અને પ્રામાણિક હતો. નીતિધર્મને જાણનારો હતો. એની વૃત્તિ પ્રભુપરાયણ હતી. તેથી લોકો તેને જનકવિદેહીનો અવતાર માનતા. લોકોની માન્યતાનો પડઘો તેના મનમાં પણ પડતો.

એક વાર મધરાતે અંધારપછેડો ઓઢીને તે નગરચર્ચા જોવા નીકળ્યો. એના મનમાં એમ હતું કે લોકો ઘેરઘેર મારાં ગુણગાન ગાતાં હશે. પરંતુ, એક પવિત્ર બ્રાહ્મણના ઘરની પછીતે ઊભો રહ્યો ત્યાં તેણે પતિપત્નીને વાતો કરતાં સાંભળ્યાં. બ્રાહ્મણ કવિ હતો. તેણે પોતાની વિદુષી પત્નીને કહ્યું: "દેવી ! જુઓ, આપણા આંગણામાં ચંદ્રનો પ્રકાશ રૈકવ ઋષિના જ્ઞાનની પેઠે ફેલાઈ રહ્યો છે."

રાજા મનમાં વિચારવા લાગ્યો: 'આ રૈકવ કોણ હશે ? મારા કરતાં પણ વધારે જ્ઞાની એવા રૈકવને મારે જોવો પડશે.' આમ વિચારીને બીજા મહોલ્લામાં ગયો. તો ત્યાં નગરશેઠ શેઠાણીને કહી રહ્યા છે: "જુઓ, આજે તો પૂનમનો ચાંદો પુરબહારમાં ખીલી ઊઠયો છે. રૈકવ મુનિના શીલ જેવી એની શીતળતા આહ્‌લાદક છે."

આગળ ચાલતાં રાજા એક સુતારના ઘરની પછીતે ઊભો રહ્યો, તો સુતારની સ્ત્રી એના ધણીને કહી રહી હતી: "હવે મધરાત થવા આવી, વાંસલો મૂકો, અને સૂઇ જાઓ." સુતારે જવાબ આપ્યો: "આ ગાડું કંઈ કોઈ ઘરાકનું નથી. આ તો રૈકવ બાપુનું છે. એનો ધરો સરખો કરી દઉં એટલે ધરાળ મટી જાય. બેય માણસ બિચારાં હાથે ગાડું ખેંચે છે. ધર્મી જીવ છે." સુતારણે કહ્યું: "એવા ધર્મી તો આ શહેરમાં અઢારસોં છે. એમ મફત કામ કરવા બેસીએ તો પાર કયાં આવે ?" સાંભળીને સુતારે વાંસલો નીચે મૂક્યો અને જરા ઊંચે સાદે બોલ્યો: "ત્યારે તને રૈકવ બાપુ કોણ છે તેની ખબર જ નથી. એને ઘેર દોમદોમ સાહેબી હતી. જમીન, જાગીર, મહેલ-મહેલાતો, ઘોડા, રથ, પાલખી, નોકરચાકર એવી રાજવટ હતી. પણ બધુંય છોડીને બેય માણસ હરિશ્ચંદ્ર-તારામતીની જેમ સાચને માટે નીકળી પડયાં. એમણે નકકી કર્યું કે જાતમહેનતનું અન્ન ખાવું એ જ સાચો ધર્મ છે. પારકાની મહેનતનું ખાવું તે પાપ છે. બેય માણસ સવારથી સાંજ સુધી રેંકડો ખેંચે ને તેમાંથી ગુજરાન ચલાવે છે. રાતે એ રેંકડા નીચે જ સૂઇ રહે છે."

રાજા સુતારની વાત સાંભળીને સ્તબ્ધ બની ગયો. એણે શાસ્ત્રવચન સાંભળ્યાં હતાં કે, 'શરીરશ્રમ કર્યા વિના ખાય છે તે ચોરીનું અન્ન જમે છે.' એના મનમાં અજવાળું થયું. તરત જ અંધાર-



પછેડો કાઢીને એ સુતારના ઘરમાં ગયો અને સુતારને કહ્યું: "તમે જેની વાત કરો છો એ રૈકવ કયાં રહે છે?" સુતારે જવાબ આપ્યો: "આપણા નગરના છેવાડાના ભાગમાં લુવારિયાં પડયાં રહે છે એ ઠેકાણે." રાજા પોતાના મહેલમાં પાછો ફર્યો.

સવારમાં વહેલો ઊઠી નાહીધોઈ રથમાં બેસી પ્રધાનની સાથે એ રૈકવને મળવા ગયો. શહેરના તદ્દન છેવટના ભાગમાં ગરીબ-ગુરબાં વસતાં હતાં. એનાં છાપરાંની હાર પૂરી થતી હતી ત્યાં રાજાએ રથ ઊભો રાખ્યો. એણે જોયું તો રાતે મળેલો સુતાર ગાડું સમું કરીને લઈ આવ્યો હતો અને એ ગાડા નીચે રૈકવની પત્ની ત્રણ પથ્થરના ચૂલા ઉપર તાવડી મૂકી રોટલા ઘડતી હતી અને રૈકવ સુતાર સાથે વાતો કરતા હતા. એના ચહેરા ઉપર દૈવી તેજ ચમકતું હતું. રાજાએ પાસે જઈને પ્રણામ કર્યા. અને સોનામહોરની એક થેલી એમને ચરણે મૂકી.

રૈકવે ઊંચે જોયું. એની આંખો ચમકી ઊઠી. એમાં રાજાએ પારદર્શક સચ્ચાઈનું તેજ નિહાળ્યું. રાજા હાથ જોડીને બોલ્યો: "મહારાજ! મારી આ અલ્પ ભેટ સ્વીકારી મને કૃતાર્થ કરો."

રકવ સહેજ હસીને બોલ્યો: "હું ચોરીનું દ્રવ્ય લેતો નથી."

રાજા: "મહારાજ........"

રૈકવ: (ગુસ્સે થઈને) "તું મહારાજ, મહારાજ કોને કહે છે? મને શું મફતનું ખાનારો સાધુબાવો સમજે છે? અને આ કોથળી અહીં શા માટે લાવ્યો? મને શું તારા જેવો ચોર લૂંટારો માને છે?"

રાજા રૈકવની વાત સાંભળીને એકદમ વિચારમાં પડી ગયો; પણ એને ક્રોધ ન આવ્યો. એ જિજ્ઞાસુ અને વિચારશીલ પુરુષ હતો. રૈકવની વાત સમજવા માટે તેણે કહ્યું: "બાપુ! આ દ્રવ્ય ચોરીનું નથી, રાજકોષનું છે અને હું આ પ્રદેશનો રાજા છું."

રૈકવ: "તું પ્રદેશનો રાજા નથી પણ લૂંટારાઓનો રાજા છો. તારે આંગણે આવનારા સાધુ, સંન્યાસી, બ્રાહ્મણ સૌ તને શાસ્ત્રો સંભળાવે છે, એમાં તો યજ્ઞનું અન્ન ખાવાનું કહ્યું છે. યજ્ઞથી જ વરસાદ વરસે છે અને યજ્ઞ થી જ ધનધાન્ય પેદા થાય છે અને યજ્ઞથી જ આ સૃષ્ટિ ચાલી રહી છે. યજ્ઞથી જ સૂર્ય, ચંદ્ર, તારા પોતપોતાને સ્થાને રહીને પ્રકાશી રહ્યા છે. મનુષ્યલોકમાં પણ યજ્ઞથી જ સમાનતા સચવાય છે અને શરીરનું, મનનું આરોગ્ય સચવાય છે. જાતમહેનતથી પેદા કરેલી સંપત્તિ તે જ પોતાની કહેવાય. બીજાની મહેનતથી ઉપાર્જન કરેલું દ્રવ્ય તે પોતાનું નથી, પારકું છે, એટલે કે ચોરીનું છે. મારા અને મારી પત્નીના હાથ પગ સાજા છે ત્યાં સુધી અમને રાજાની કે બીજા કોઈની પરવા નથી."

રૈકવનાં વચનો સાંભળીને રાજાનાં પડળ ખૂલી ગયાં. તે પોતાને ઉદારચરિત, ધર્મનિષ્ઠ, જ્ઞાની, જનકવિદેહીનો સમોવડિયો માનતો હતો એ ભ્રમ દૂર થયો. એનામાં માત્ર જિજ્ઞાસા જ નહિ પણ સત્ય ગ્રહણ કરવાની શકિત પણ હતી. તેણે પ્રધાન સામે જોઈને કહ્યું: "તમે રથ લઈને રાજમહેલમાં પાછા જાઓ. મારાં માતપિતાને અને રાણીને કહેજો કે જાનશ્રુતિ રાજા મટીને રૈકવનો સાથી બન્યો છે." આમ કહીને તેણે પોતાનો મુગટ અને મૂલ્યવાન વસ્ત્રાભૂષણો ઉતારી નાખ્યાં અને રૈકવને ચરણે નમીને કહ્યું: "બાપુ! હવે તમે વૃદ્ધ થયા છો એટલે તમે આરામ લેજો. આ મારાં ધર્મમાતા સાથે હું ગાડું ખેંચીશ અને આપણા ત્રણેનું ગુજરાન તેમાંથી ચાલશે."

રૈકવે પ્રસન્ન સ્મિતથી જાનશ્રુતિની વાતનો સ્વીકાર કર્યો.